[illegible]

[illegible]

શ્રી [illegible]

ભગવદ્ગીતા.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

સચિત્ર સ્તવન સમશ્લોકી

શ્રી સરળ

ભગવદ્ ગીતા.

લખનાર

કાનજી કાલીદાસ જોશી.

૮૪-૯૨ કાન્હાવાડી-મુંબઇ નં ૪

પ્રકાશક

મણીલાલ કે. દેશાઈ.

બી એ એલ એલ બી

નં ૧૦૦, ભુલેશ્વર-મુંબઇ નં ૨

(આવૃત્તિ ૨ જી)

સં ૧૯૮૦] પ્રત ૧૦૦૦ [સને ૧૯૨૪

કિં આઠ આના

આ પુસ્તક શ્રી કૃષ્ણ પ્રી ટીગ પ્રેસમા
રતીલાલ હરજીવન પટેલે છાપ્યુ
અને
રા મણીલાલ કે દેશાઈ, બી એ એલએલ બી એ
ન ૧૦૦, ભુલેશ્વર મુબઈમા
પ્રગટ કર્યું

અર્પણપત્રિકા.

પૂજ્ય વડીલ કાકા **જમનાદાસ,**

આપની સનાતન ધર્મ પ્રત્યે અત્યંત લાગણી છે, વળી શ્રી ભગવદ્‌ગીતા પ્રત્યે પણ આપનો અનહદ ભાવ છે, અને આપના કર્તવ્યમાં નિરંતર ભગવદ્ સ્મરણ મુખ્ય છે, તેથી શ્રી સચિત્ર સ્તવન સમશ્લોકી સરળ ભગવદ્‌ગીતાનું આ લઘુ પુસ્તક આપને અર્પણ કરી કૃતાર્થ થાઉં છું

ધનતેરસ,
સં ૧૯૮૦

લી૦ આજ્ઞાંકિત.
મણીલાલના. પ્રણામ

गीतातात्पर्य.

ભારતવર્ષના શાસ્ત્રોમાં શ્રીકૃષ્ણચન્દ્રના અર્જુનને રણસંગ્રામ સમયે અપાયલા ઉપદેશનો સંગ્રહ શ્રી શ્રીમદ્ દ્વૈપાયન વ્યાસજીએ આ ગ્રંથને શ્રીમન્મહાભારતમાં યોજ્યો છે. ભારતવર્ષના તત્ત્વજ્ઞાનીઓએ આ ગ્રંથનો પરમ આદર કરીને એને પ્રસ્થાન કોટિમાં મૂક્યો છે. હજારો વર્ષ થયાં આ ગ્રંથે અનેક જીવોને સન્માર્ગે પ્રેર્યા છે. આ ગ્રન્થના ગુજરાતીમાં સમશ્લોકી અનુવાદો અનેક થયેલા છે. પં. **ગટ્ટુલાલજી**નો સમશ્લોકી અનુવાદ તથા **કવિ નાનાલાલ**નો અનુવાદ પણ ગુજરાતીમાં પ્રચલિત છે. રા. **કાનજી કાલીદાસ જોશી**એ પણ આ સમશ્લોકી અનુવાદ ગુજરાતીમાં કર્યો છે અને તે રા. **મણીલાલ કે. દેશાઈ**એ છપાવી ગીતાના સંસ્કૃતથી અજાણ્યા વાચકવર્ગનો માર્ગ સરળ કર્યો છે.

ગીતાનુ તાત્પર્ય-શ્રીમુખના વચનોનુ તાત્પર્ય મહાનુભાવ આચાર્યોએ બહુ વિચાર પર્યન્ત નોંધ્યુ છે ગીતામા '**सर्वान् धर्मान्-शरण व्रज**' એ શ્લોકને ગીતાની કુંચી કહી છે સર્વ પ્રભુને નિવેદન કરી પ્રભુની જ આજ્ઞાનુસાર વર્તન કરવુ એ ગીતાનુ મર્મ છે ભગવદાજ્ઞાનુસાર વર્તન એ ધર્મ અને તદ્વિરુદ્ધ વર્તન એ અધર્મ પ્રભુની અખંડ લીલાના નાટ્યમા નટરૂપ જીવોને મુખ્ય સૂત્રધાર પ્રભુએ જે પાઠ ભજવવાનો સોંપ્યો હોય તેજ પાઠ યથાર્થ ભજવવામા નરનુ નરપણુ છે આજ તાત્પર્ય સ્વમિત્ર અર્જુનને સમજવાને પ્રભુએ ગીતા પ્રકટ કરી છે અને તે દ્વારા અખિલ વિશ્વને પરમ કલ્યાણનો માર્ગ દર્શાવ્યો છે વેદમા ત્રૈવર્ણિકનો અધિકાર છે, તેથી શ્રીકૃષ્ણચન્દ્રે વેદાર્થનુ પુન સ્મરણ કરી સ્વવાણીદ્વારા ત્રૈવર્ણિકાદિ સ્ત્રીશુદ્રાદિ અખિલ વિશ્વનુ નિસંકોચ રીતે કલ્યાણ

ભગવાને ઉપદેશ્યો છે આ પ્રમાણે ગીતાશાસ્ત્ર વેદાર્થનો સંદોહ કરી તત્પ્રાપ્તિ માટે ભક્તિ અને પ્રપત્તિને અન્તમાં પરમ સાધન જણાવે છે, અને અર્જુન પણ પ્રભુ વચન સ્વશિરે માથે ચઢાવી '**करिष्ये वचनं तव**' એમ નિગૂઢ આશયથી ભગવદાજ્ઞાના પાલનમાં જ તદુપદેશની સાર્થકતા પ્રકટ કરે છે

ધનતેરસ સં. ૧૯૮૦
ખખ્ખર બિલ્ડિંગ,
સી. પી. ટેંકરોડ, મુંબઈ

મૂલચન્દ્ર તુલસીદાસ
તેલીવાળા

પ્રસ્તાવના.

સમાજનો સાધારણ વર્ગ સસ્કૃત ભાષાથી અપરિચિત હોવાથી સસ્કૃત શ્લોકનુ ગદ્ય કરતા પદ્યમા ભાષાતર હોય તો તેનો પાઠ કરવો અને કઠે રાખવાનુ સહેલુ થઇ પડે, તેમજ મૂળ શ્લોક જે છદમા હોય તેજ છદમા ભાષાતર હોય, તો તે વધારે સરળતાથી યાદ રહે એ સ્વભાવિક છે આ કારણથી આ શ્રી સચિત્ર સ્તવન સમશ્લોકી સરળ ભગવદ્‌ગીતાનું ભાષાતર અક્ષરશ પદ્યમા સરળ ભાષામા કરી આ બીજી આવૃત્તિ જન સમાજ સમક્ષ મૂકવામા આવેછે તેમા લેખકનો મુખ્ય

હેતુ સસ્કૃત થોડું જાણનાર અથવા ન જાણનારા સ્ત્રી, પુરુષો તેમજ બાળકોના મગજમા ગીતાના અર્થનુ રહસ્ય સરળતાથી ઉતારવાનો છે ભાષાતરમા ન છૂટકે કોઈ કોઈ સસ્કૃત શબ્દો રાખવા પડયા હતા, પણ આ બીજી આવૃત્તિમા શબ્દે શબ્દનુ ભાષાતર ફરીથી સુધારીને સાદી ગુજરાતી ભાષામા કરવાનો પ્રયત્ન કરવામા આવ્યો છે એ પ્રયત્ન કેટલે અશે સફળ થયો છે તે તો તેના અભ્યાસીઓજ કહી શકે છતાયે એટલી તો આશા રાખી શકાય કે એનાથી અભ્યાસીજનોને અર્થ સમજવામા સરળતા થશે

શ્રીમદ્ભગવદ્ગીતાના શ્લોક મોટે ભાગે અનુષ્ટુપ વૃત્તમા છે અને ગણ્યા ગાઠયા શ્લોક ઉપજાતિ અને બીજા છદમા છે સસ્કૃત ભાષામા

વિપુલ શબ્દ ભંડારને લીધે તેમજ મૂળ લખાણને લીધે છંદોનું બંધારણ બંધ બેસતું આવે એ સ્વાભાવિક છે પણ તેનું ભાષાંતર કવિતામાં અને તેના તેજ છંદોમાં ગુજરાતી ભાષામાં કરતાં વાણી મુશ્કેલી નડે છે, આ કારણને લીધે પહેલી આવૃત્તિમાં રહી ગયેલી ભૂલો આ બીજી આવૃત્તિમાં સુધારી છે છંદના માપ અને નિયમ પ્રમાણે ભાષાંતર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે છતાંયે થોડી ઘણી ભૂલો રહેવા પામી હશે તો ધ્યાન ખેંચવાથી ત્રીજી આવૃત્તિ વખતે સુધારવાની અને સાંગોપાંગ સરળતા જાળવવાની લેખક આશા રાખે છે

ગીતાનું પુસ્તક પવિત્ર મનાય છે અને ભાવિકો દરરોજ તેનો પાઠ કરેછે, તેમજ જૂદા જૂદા મતના અનુયાયીઓ પણ તેને ઘણુંજ માન આપે છે, અને તેનો નિત્યપાઠ

કરે છે તેથી આ આવૃત્તિમા પચાયતન દેવ તથા નવગૃહાદિ બીજા દેવોના સ્તવને, વેદમ ત્ર અને માતૃભૂમીનુ સ્તવન પણ આપ્યા છે, અને તેનુ ભાષાતર પણ કવિતામા સમશ્લોકી કરવામા આવ્યુ છે જૂદા જૂદા દેવોના સ્તવને તથા તેમની છબીઓ ગઈ આવૃત્તિમા આપેલી હોવાથી તેને લાભ ભગવદ ભકતોએ પ્રાત સ્મરણ અને પૂજન માટે ઘણા પ્રેમથી લીધો હતો આ આવૃત્તિમા દેવોની છબીઓ આઠ ને બદલે **સોળ** આપવામા આવી છે અને તેને માટે આ પુસ્તકના કદને અનુકૂલ તદન નવી પ્રતિમાઓ તૈયાર કરાવી હોવા છતાયે તેની કિમતમા ઉલટો ઘટાડો કર્યો છે, એથી પહેલી આવૃત્તિની માફકજ આ આવૃત્તિ ટુક વખતમાજ ખલાસ થઇ જાય તો અમે અજબ થઇશુ નહિ.

આ જાતની દેવોની પ્રતિમાઓ અને સ્તવ નોવાળી ગીતાની આવૃત્તિ ગુજરાતી ભાષામા પહેલી વાર પ્રકટ થઇ હોવાથી જાહેર વર્તમાન પત્રો અને વિદ્વાનોએ તેની મુકત કંઠે પ્રશસા કરી છે, તેથી તેની પહેલી આવૃત્તિ ખલાસ થતાજ અનેક માગણીઓ અનેકજણ અને સસ્થાઓ તરફથી આવવાથી આ આવૃત્તિ કાઢવાની ફરજ પડી છે આ પુસ્તકના પ્રકાશક મારા સ્નેહી ભાઈશ્રી મણીલાલ કે દેશાઈ બી એ એલ એલ બી. એ મને દરેક રીતે ઘણીજ કીમતી મદદ કરી છે તેને માટે હુ તેમનો ઘણોજ આભારી છુ તેમજ બાળજીવન માસિક પત્રના વ્યવસ્થાપક રા રા **નાગરદાસ ઈ પટેલ** તથા દેવીદાસ લલ્લુભાઇ ભણસાળીની સં પાઠશાળાના **શાસ્ત્રી રેવાશંકર મેઘજીએ**

આ પુસ્તક તૈયાર કરવામા ઘણી મારી મદદ કરી છે, તેથી તેમનો અંતઃકરણ પુર્વક આભાર માનુ છુ, અને છેવટે પરમ કૃપાળુ પ્રભુ પાસે આટલુજ માગીને વિરમુ છુ કે —

सर्व जनाः सुखिनो भवन्तु ।

ધનતેરસ
સં ૧૯૯૦

કાનજી કાળીદાસ જોશી



અનુક્રમણિકા.

આ પુસ્તકમા આપેલી પ્રતિમાઓ

ॐ

શ્રી સચિત્ર સ્તવન સમશ્લોકી

સરળ ભગવદ્ગીતા.

મંગલાચરણ

स जयति सिंधुरवदनो देवोयत्पादपंकजस्मरणम्।
वासरमणिरिव तमस्माराशीन्नाशयतिविघ्नानाम् ॥

નાશ પામે અંધકાર, જેમ સુર્યોદય થયે,
નાશ પામે વિઘ્ન સર્વ, તેમ ગણેશ સ્મરણે.

ॐ वेद स्तवन.

विश्वानि देव सवितर्दुरितानि परासुव ।
यद्भद्रं तन्न आसुव ॥

વિશ્વકર્તા અવિનાશી, પ્રકાશી દિવ્યસ્વરૂપે,
નાશ કરી સર્વ દુઃખો, સુખને વરસાવજે

ॐ श्री इष्टदेव स्तवन.

ध्यान.

मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वंदे परमानंदमाधवम् ॥
यंब्रह्मावरुणेंद्ररुद्रमरुतः स्तुन्वति दिव्यै स्तवै-
र्वेदैः सांगपदक्रमोपनिषदैर्गायंति यं सामगाः ।
ध्यानावस्थिततद्गतेन मनसा पश्यंति यं योगिनो
यस्यांतं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥
प्रपन्नपारिजाताय तोत्रवेत्रैकपाणये ।
ज्ञानमुद्राय कृष्णाय गीतामृतदुहे नमः ॥



ॐ શ્રી ઇષ્ટદેવ સ્તવન.

ધ્યાન

મુંગો જે તે વદે વાણી પાંગળો પર્વતે ચઢે,
જેની કૃપાવડે વંદુ પરમાનંદ માધવ
બ્રહ્મા ઇંદ્ર વરૂણ રુદ્ર મરુતો, સ્તોત્રે સ્તવે દિવ્યથી,
ગાયે અંગપદ ક્રમોપનિષદે, વેદે સદા સામકો,
દેખે ધ્યાન મહીં ડુબ્યા મન થકી, તદ્રૂપ યોગી જનો,
પામે પાર નહિ સુરાસુર ગણો, એવા પ્રભુને નમુ
ચાબુક ધર્તા, શર્ણીના ફલદાતા કલ્પવૃક્ષી,
નમુ જ્ઞાનમુદ્રા કૃષ્ણ, દોહનારા ગીતામૃત.

श्री गणेश स्तवन.

नमस्तस्मै गणेशाय सर्वविघ्नविनाशिने ।
कार्यारम्भेषु सर्वेषु पूजितो य सुरैरपि ॥
सुमुखश्चैकदतश्च कपिलो गजकर्णक ।
लम्बोदरश्च विकटो विघ्ननाशो गणाधिप ॥
धूम्रकेतुर्गणाध्यक्षो भालचन्द्रो गजानन ।
द्वादशैतानि नामानि य पठेच्छृणुयादपि ॥
विद्यारम्भे विवाहे च प्रवेशे निर्गमे तथा ।
सग्रामे सकटे चैव विघ्नस्तस्य न जायते ॥
जपेद्गणपतिस्तोत्र षड्भिर्मासै फल लभेत् ।
सवत्सरेण सिद्धिं च लभते नात्र सशय ॥



શ્રી ગણેશ સ્તવન.

નમ ૐ શ્રીગણેશાય નાશ કર્તા સર્વ વિઘ્ન
આરંભમા સર્વ કાર્યે, પ્રથમ પૂજે દેવ પણ
એકદંત સુમુખો ને, કપિલો ગજકર્ણક,
લંબોદર અને વિકટો, વિઘ્નનાશો ગણાધિપ
ધૂમ્ર કેતુ ગણાધ્યક્ષ, ભાલચંદ્ર ગજાનન,
જે આ બાર જપે નામ, ભણે સુણાવે સાભળે
વિદ્યારંભે વિવાહમા, પ્રવેશ ને પ્રયાણમા,
યુદ્ધમા આપત્તકાળે, વિઘ્ન કઈ આવે જ ના
જપે ગણપતિ સ્તોત્ર, પામે ફળ છ માસમા,
સિદ્ધિ મળે વર્ષ થાતા, તેમા સંશય ના જરા

श्री सरस्वती स्तवन.

शुक्ला ब्रह्मविचारसारपरमामाद्या जगद्व्यापिनीम्।
वीणापुस्तकधारिणीमभयदा जाड्यान्ध-
कारापहाम् ॥
हस्ते स्फाटिकमालिका विदधतिं
पद्मासने संस्थिताम् ।
वंदे तां परमेश्वरीं भगवतीं बुद्धिप्रदा शारदाम् ॥
नमोऽस्तु ते सरस्वति, त्रिशूलचक्रधारिणि ।
सिताबरावृते शुभे, मृगेंद्रपीठसंस्थिते ॥
सुवर्णबन्धुराधरे, सुझल्लरीशिरोरुहे ।
सुवर्णपद्मभूषिते, नमोस्तु ते महेश्वरि ।
यज्ञविद्या महाविद्या गुह्यविद्या च शोभने ।
आत्मविद्या च देवि त्वं विमुक्ति फलदायिनी ॥



શ્રી સરસ્વતી સ્તવન.

ધોળા બ્રહ્મવિચારસાર પરમા આદ્યા
જગદ્ વ્યાપિની,
વીણાપુસ્તકધારિણિ અભયદા
અધારૂ જડનાશિની,
હસ્તે સ્ફાટિકમાલીકાને ધરતી પદ્માસને બેસતી
વદુ હુ પરમેશ્વરી ભગવતી બુદ્ધિપ્રદા શારદા
નમુ હુ હે સરસ્વતિ, ત્રિશૂળ ચક્ર ધારિણિ
બિરાજે શ્વેતવસ્ત્રમા, સિહાસને બિરાજતી
સુવર્ણ બધુરા ધરે, સુઝહૂરી શિરોરૂહે,
સુવર્ણ પદ્મ શોભતી, નમું હુ હે મહેશ્વરી
યજ્ઞવિદ્યા મહાવિદ્યા, ગુહ્યવિદ્યા સુશોભતી,
આત્મ વિદ્યા તુ છે દેવી, મોક્ષ દાયિની હુ નમુ

श्री महालक्ष्मी स्तवन.

नमस्तेऽस्तु महामाये, श्रीपीठे सुरपूजिते ।
शंखचक्रगदाहस्ते, महालक्ष्मि नमोऽस्तु ते ॥
नमस्ते गरुडारूढे, कोलासुर भयंकरि ।
सर्वपापहरे देवि, महालक्ष्मि नमोस्तु ते ॥
सर्वज्ञे सर्ववरदे, सर्वदुष्टभयंकरि ।
सर्वदुःखहरे देवि, महालक्ष्मि नमोस्तु ते ॥
सिद्धिबुद्धिप्रदे देवि, भुक्तिमुक्तिप्रदायिनि ।
मन्त्रमूर्ते सदा देवि, महालक्ष्मि नमोस्तु ते ॥
विश्वकर्त्री विश्वभर्त्री विश्वत्रात्री विश्वेश्वरी ।
विश्वाराध्या विश्वबाह्या महालक्ष्मि नमोऽस्तु ते ॥



શ્રી મહાલક્ષ્મી સ્તવન.

નમુ હુ તે મહામાયા, જેનેં સર્વ સુરા પૂજે,
શ ખ ચક્ર ગદા હસ્તે, મહાલક્ષ્મિ નમુ હુ રે
નમું હું ગરુડારૂઢી, કોલાસુર ભય કરી,
સર્વ પાપ હરાં દેવી, મહાલક્ષ્મિ નમુ હુ રે
સર્વજ્ઞ વરદાયિની, સર્વ દુષ્ટ ભય કરી,
સર્વ દુખો હરા દેવી, મહાલક્ષ્મિ નમુ હું રે
સિદ્ધિ બુદ્ધિ જ દેનારા, ભુક્તિ મુક્તિ જ આપતી,
મ ત્ર મૂર્તિ સદા દેવિ, આદ્ય શક્તિ મહેશ્વરી
વિશ્વકર્ત્રી વિશ્વભર્ત્રી, વિશ્વત્રાત્રી વિશ્વેશ્વરી.
વિશ્વારાધ્યા વિશ્વબાહ્યા, મહાલક્ષ્મિ નમુ હુ રે

श्रीविष्णु स्तवन.

शान्ताकार भुजगशयन पद्मनाभ सुरेशम्।
विश्वाधार गगनसदृश मेघवर्ण शुभाङ्गम्।
लक्ष्मीकान्त कमलनयन योगिभिर्ध्यानगम्यम।
वन्दे विष्णु भवभयहर सर्वलोकैकनाथम्॥

नमोस्त्वनन्ताय सहस्रमूर्तये।
सहस्रपादाक्षिशिरोरुबाहवे ॥
सहस्रनाम्ने पुरुषाय शाश्वते।
सहस्रकोटीयुगधारिणे नम ॥



શ્રી વિષ્ણુ સ્તવન.

શાન્તાકારી ભુજગશયન પદ્મનાભ સુરેશ,
વિશ્વાધારી ગગન સદૃશ, મેઘવર્ણ શુભાંગ,
લક્ષ્મીકાન્ત કમલનયન. યોગિના ધ્યાનગમ્ય,
વંદુ વિષ્ણુ ભવભયહર, લોકના એક નાથ.

* * *

નમુ અનન્ત હુ સહસ્ર મૂર્તિ,
સહસ્ત્ર ચર્ણ શિર ઊરુ બાહુ,
સહસ્ત્ર નામે પુરુષ સનાતન,
સહસ્ત્ર યુગો ધરતા નમુ હુ

श्री शंकर स्तवन.

पशूना पति पापनाश परेशम् ।
गजेन्द्रस्य कृत्ति वसान वरेण्यम् ॥
जटाजूटमध्ये स्फुरद्गाङ्गवारिन् ।
महादेवमेक स्मरामि स्मरारिम् ॥

* * *

नमस्ते नमस्ते विभो विश्वमूत ।
नमस्ते नमस्ते चिदानन्दमूर्ते ॥
नमस्ते नमस्ते तपोयोगगम्य ।
नमस्ते नमस्ते श्रुतिज्ञानगम्य ॥



श्री काशी विश्वनाथ

શ્રી શંકર સ્તવન.

ભૂતોના પતિ, પાપ હર્તા મહેશ,
ગજચર્મ ધર્તા, પરમ્ શભુ શ્રેષ્ઠ,
જટા મધ્ય ગંગા, જળ શ્રેષ્ઠ સ્ફુર્યું,
મહાદેવ એક સ્મરૂ હું સ્મરૂ હું

* * *

નમુ હું નમું હું, વિભુ વિશ્વમૂર્તિ,
નમુ હું નમુ હું, ચિદાનંદમૂર્તિ,
નમું હું નમુ હું, તપ યોગગમ્ય,
નમુ હું નમુ હું, શ્રુતિજ્ઞાનગમ્ય

श्री सूर्य स्तवन.

नमोस्तु सूर्याय नमोस्तु भानवे ।
नमोस्तु वैश्वानर जातवेदसे ॥
ममैतदर्घ्यं प्रतिगृह्ण देव ।
देवाधिदेवाय नमो नमस्ते ॥

* * *

त्वमेव माता च पिता त्वमेव ।
त्वमेव बन्धुश्च सखा त्वमेव ॥
त्वमेव विद्या द्रविणं त्वमेव ।
त्वमेव सर्वं मम देवदेव ॥



શ્રી સૂર્ય સ્તવન.

સૂર્યને નમુ ભાનુને નમુ હુ,
વૈશ્વાનર જાતવેદે નમુ હુ,
સ્વિકારો અર્ધ્ય મુજ દેવ દેવ,
હે દેવના દેવ ભાનુ નમુ હું

* * *

તમે છો માતા ને પિતા તમે છો,
તમે છો બધુ ને સખા તમે છો,
તમે છો વિદ્યા ધન પણ તમે છો,
તમે છો સર્વ મુજ દેવ દેવ

श्री देवी स्तवन.

अनन्तरूपिणी लक्ष्मीरपारगुणसागरी।
अणिमादिसिद्धिदात्री शिरसा प्रणमाम्यहम ॥
आपदुद्धारिणी त्वं हि आद्या शक्ति शुभापरा।
आद्या आनन्ददात्री च शिरसा प्रणमाम्यहम ॥
जगन्माता जगत्कर्त्री जगदाधाररूपिणी।
जयप्रदा जानकी च शिरसा प्रणमाम्यहम् ॥
अन्नपूर्णे सदापूर्णे शंकरप्राणवल्लभे।
ज्ञान वैराग्य सिद्ध्यर्थं भिक्षान्देहि च पार्वति ॥
या देवी सर्वभूतेषु शक्तिरूपेण संस्थिता।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमोनमः ॥



શ્રી દેવી સ્તવન.

અનંત રૂપિણી લક્ષ્મી, અપાર ગુણ સાગરી,
અણિમાદિ સિદ્ધિને દ્યો, વંદુ શિર નમાવી હું
હે આપત ઉદ્ધારિણી તમે માતા આદ્ય શક્તિ,
કલ્યાણી આનંદદાતા, વંદુ શિર નમાવી હુ
જગમાતા જગકર્ત્રી, દેવી જગત ધારિણી,
જયદાતા જાનકી હે, વંદુ શિર નમાવી હુ
અન્નપુર્ણા સદાપૂર્ણા, શંકર પ્રાણ વલ્લભા,
જ્ઞાન વૈરાગ્યને માટે, ભીખ માગું હુ પાર્વતિ.
જે દેવી સર્વ ભૂતોમા, શક્તિરૂપે વસી રહી,
નમુ તેને નમું તેને, નમું તેને નમું નમું

श्री राम स्तवन.

—— o ——

श्रीराम राम रघुनन्दन राम राम ।
श्रीराम राम भरताग्रज राम राम ॥
श्रीराम राम रणकर्कश राम राम ।
श्रीराम राम शरणं भव राम राम ॥

श्रीरामचन्द्रचरणौ मनसा स्मरामि ।
श्रीरामचन्द्रचरणौ वचसा गृणामि ॥
श्रीरामचन्द्रचरणौ शिरसा नमामि ।
श्रीरामचन्द्रचरणौ शरणं प्रपद्ये ॥



૧૯

શ્રી રામ સ્તવન.

શ્રી રામ રામ રઘુનંદન રામ રામ,
શ્રી રામ રામ ભરતાગ્રજ રામ રામ,
શ્રી રામ રામ રણકર્કશ રામ રામ,
શ્રી રામચંદ્ર શરણે હું છું રામ રામ.

શ્રી રામચંદ્ર ચરણો મનમાં સ્મરૂં હું,
શ્રી રામચંદ્ર ચરણો વચને વદુ હું.
શ્રી રામચંદ્ર ચરણો શિરથી નમું હું,
શ્રી રામચંદ્ર ચરણો શરણે રહું હું.

श्री कृष्ण स्तवन.

हा नाथ हा कृपानाथ गोपीनाथ दयानिधे ।
व्रजनाथ रमानाथ निजनाथ जगत्पते ॥

गोकुलाधीश गोपीश व्रजाधीश व्रजप्रिय ।
व्रजानंद निजानंद गोकुलानंद गोप्रिय ॥

हा कृष्ण हा दयासिंधो हा राधावर सुंदर ।
दीनेषु सततं श्रीमन्निजाचार्याऽऽश्रितेषु च ॥

दुष्टेषु दोषपुष्टेषु भाग्यमुष्टेषु मत्प्रभो ।
नि साधनेषून्मतिषु दया कुरु दया कुरु ॥

[illegible] ुत देव कंसचाणूरमर्द्दनम् ।
[illegible] ानंद कृष्ण वंदे जगद्गुरुम् ।



શ્રી કૃષ્ણ સ્તવન.

હે નાથ હે કૃપાનાથ, ગોપીનાથ દયાનિધિ,
વ્રજનાથ રમાનાથ, નિજનાથ જગત્પતિ
ગોકુળાધીશ ગોપીશ, વ્રજાધીશ વ્રજપ્રિય,
વ્રજાનંદ નિત્યાનંદ, ગોકુળાનંદ ગોપ્રિય
હે કૃષ્ણ હે દયાસિંધુ, હે રાધાવર સુંદર,
દીન આચાર્ય આશ્રિત, દયા કરો દયા કરો
ભરેલો દુષ્ટ દોષોથી, અભાગિયો દુષ્ટમતિ,
પ્રભુ હું છું પરાધીન, દયા કરો દયા કરો.
વસુદેવપુત્ર દેવ, કંસ ચાણુર મારતા
દેવકી પરમાનંદ, વંદુ કૃષ્ણ જગત્ ગુરૂ,

श्री नाथजी स्तवन.

श्रीनाथ सर्वदा स्मर्य सर्वलीलासमन्वित ।
भक्तैकहृदयस्थायी सकल पुरुषोत्तम ॥
अस्माक साधनं साध्य श्रीनाथ शरण मम ।
सपत्स्वापत्स्वपि सदा स्वाचार्यचरणोदितम् ॥
श्रीमदाचार्यकृपया तिष्ठति स्वगृहे नाथ ।
एवविध सदा हस्ते योगिन पारदो यथा ॥
सर्वदा सर्वभावैकहेतुभूतेषु सर्वथा
श्रीनाथजीचरणेषु स्थाप्यता तन्मय मन ॥
अमदपरमानदो निजानदो श्रेयस्थित ।
स्वरूपानददाता च श्रीनाथ शरण मम ॥



શ્રીનાથજી સ્તવન.

સ્મરૂ શ્રીનાથજી નિત્ય, મર્વ લીલા બનાવીને
ભક્તને હૃદયે સ્થાપી, શ્રી કૃષ્ણ પુરૂષોત્તમે
બ્રહ્મસ્મરણ આ મત્ર, "શ્રીનાથ શરણ મમ"
સુખ દુ ખે સદા વદુ, આચાર્ય મહા પ્રભુને
શ્રી વલ્લભ કૃપાથી જ, નાથ બિરાજે સ્વગૃહે
જેમ યોગી ભરે પારો, સાવધાને ભજો તમે
સર્વદા સર્વ ભાવેથી, હેતુભૂત શ્રીનાથને,
ચરણે મન તન્મય, કરી સ્થાપો સર્વથા.
અધિક પરમાનદ નિજાનદ સુખદાતા
સ્વરૂપાનદ દાતા છો, " શ્રી નાથ શરણ મમ"

श्री दत्तात्रय स्तवन.

ब्रह्मा मुरारिस्त्रिपुरान्तकारी ।
भानु शशी भूमिसुतो बुधश्च ॥
गुरुश्च शुक्र शनिराहुकेतव ।
कुर्वन्तु सर्वे मम सुप्रभातम् ॥

जटाधरं पाण्डुरङ्गं शूलहस्तं कृपानिधिम ।
सर्वरोगहर देवं दत्तात्रेयमहं भजे ॥

जगदुत्पत्तिकर्त्रे च स्थितिसंहारहेतवे ।
भवपाशविमुक्ताय दत्तात्रेय नमोऽस्तु ते ॥

जराजन्मविनाशाय देहशुद्धिकराय च ।
दिगम्बर दयामूर्ते दत्तात्रेय नमोस्तुते ॥



૨૫

શ્રી દત્તાત્રય સ્તવન.

બ્રહ્મા મુરારી ત્રિપુરાતકારી,
ભાનુ શશિ મંગળ બુધ ભારી,
ગુરૂને શુક્ર શનિ રાહુ કેતુ,
સરવે કરીને મુજ સુપ્રભાત

પાડુંરંગી જટાધારી, શૂલ હાથે કૃપાનિધિ,
ભવ રોગ હર્તા દેવ, ૐ દત્તાત્રય હું ભજુ
જગત ઉત્પન્ન કર્તા, સ્થિતિ સંહાર હેતુ છો,
ભવપાશ તારનાર, ૐ દત્તાત્રય હું નમુ
નાશકર્તા જરા જન્મ, કરનારા દેહ શુદ્ધિ,
દિગંબર દયામૂર્તિ, ૐ દત્તાત્રય હું નમુ

श्री हनुमान स्तवन.

मनोजवं मारुततुल्यवेगं ।
जितेन्द्रियं बुद्धिमतां वरिष्ठम् ॥
वातात्मजं वानरयूथमुख्यं ।
श्रीरामदूतं शरणं प्रपद्ये ॥

वज्राङ्गं पिङ्गकेशाढ्यं स्वर्णकुण्डलमण्डितम् ।
नियुद्धमुपसंक्रम्य पारावारपराक्रमम् ॥
वामहस्ते गदायुक्तं पाशहस्तं कमण्डलुम् ।
ऊर्ध्वदक्षिणदोर्दण्डं हनुमन्तं विचिन्तयेत् ॥



શ્રી હનુમાન સ્તવન.

મન વેગ જેવી વાયુ ગતિ છો,
જીતેંદ્રિય બુદ્ધિમતા વરિષ્ટ,
વાયુ પુત્ર વાનરજૂથ મૂખ્ય,
શ્રી રામદૂત શરણે રહુ હુ

વજ્ર અગી પિંડગ કેશી, સ્વર્ણ કુંડલ શોભતા
નિયુદ્ધ ઉપસંહારી, પારાવાર પરાક્રમી
વામ હસ્તે ગદાધારી, પાશ હસ્તે કમંડલુ
ખભાપરે ગદાધારી, હનુમાનને હુ નમુ

श्री नवग्रह स्तवन.

जपाकुसुमसंकाशं काश्यपेयं महाद्युतिम् ।
नमोरिं सर्वपापघ्नं प्रणतोऽस्मि दिवाकरम् ॥
दधिशंखतुषाराभं क्षीरोदार्णवसंभवम् ।
नमामि शशिनं सोमं शंभोर्मुकुटभूषणम् ॥
धरणीगर्भसंभूतं विद्युत्कान्तिसमप्रभम् ।
कुमारं शक्तिहस्तं च मङ्गलं प्रणमाम्यहम् ॥
प्रियंगुकलिकाश्यामं रूपेणाप्रतिमं बुधम् ।
सौम्यं सौम्यगुणोपेतं तं बुधं प्रणमाम्यहम् ॥
देवानां च ऋषीणां च गुरुं काञ्चनसंनिभम् ।
बुद्धिभूतं त्रिलोकेशं तं नमामि बृहस्पतिम् ॥

શ્રી નવગ્રહ સ્તવન.

—— o ——

જાસ્વતિના ફૂલ જેવા, તેજસ્વી કશ્યપ સુત
હર્તા અજ્ઞાન અંધારૂ, નમુ હુ હે **દિવાકર,**
શંખ હિમ દહીં જેવા, મળેલા શ્વેત સમુદ્રે,
શણગાર શંભુ શિર, સોમ **ચંદ્ર**ને હુ નમુ
પ્રગટેલા પૃથ્વી ગર્ભે, વિજળી સમ કાન્તિ છે,
આયુધધારી કુમાર શકિત **મંગળ** નમુ હુ
છે પ્રિયંગ સમા શ્યામ, રૂપવાળા અનૂપમ,
ગુણે શ્રેષ્ઠ બુદ્ધિમાન, **બુધ** ચંદ્રસુત નમુ
ગુરુદેવ ઋષિયોના, ને સોના સમ શોભતા,
બુદ્ધિભૂત ત્રિલોકેશ હુ નમુ છુ **બૃહસ્પતિ.**

हिमकुन्दमृणालाभं दैत्यानां परमं गुरुम् ।
सर्वशास्त्रप्रवक्तारं भार्गवं प्रणमाम्यहम् ॥
नीलांजनसमाभासं रविपुत्रं यमाग्रजम् ।
छायामार्तंडसम्भूतं तं नमामि शनैश्चरम् ॥
अर्धकायं महावीर्यं चंद्रादित्यविमर्दनम्
सिंहिकागर्भसंभूतं तं राहुं प्रणमाम्यहम् ॥
पलाशपुष्पसंकाशं तारकाग्रहमस्तकम् ।
रौद्रं रौद्रात्मकं घोरं तं केतुं प्रणमाम्यहम् ॥

श्री शनिदेवनो वेदोक्त मंत्र

ॐ शन्नो देवी रभिष्टय आपो भवन्तु
पीतये । शं यो रभिस्त्रवन्तु नः ॥



હિમ કુન્દ મૃણાલાભ, દૈત્યોના પરમ ગુરૂ,
સર્વ શાસ્ત્ર બોલનાગ, એવા **શુક્રને** હુ નમુ.
નિલાજન સમી કાન્તિ, સૂર્ય પુત્ર યમ બધુ,
છાયા સૂર્યથી જન્મેલા, **શનૈશ્ચરને** હુ નમુ
પરાક્રમી અર્ધ દેહી, ચદ્ર સૂર્યને પીડતા,
જન્મેલા સિહિકા ગર્ભે, એવા **રાહુને** હુ નમું
કેસુડાના સમા રૂપે, તારા ગ્રહના મસ્તક,
રુદ્રરૂપ ભયકર, રૌદ્ર **કેતુને** હુ નમુ

શ્રી શનિદેવનો વેદોકત મત્ર.

દિવ્યદેવ અમો સૌને, સહાયક રક્ષક થૈ,
શાન્તિ નિરોગતા આપો, શક્તિ દુખ સહનની

ॐ

श्री गायत्री मंत्र.

ॐ भूर्भुव स्व । ॐ तत्सवितुर्वरेण्य भर्गो देवस्य
धीमहि । धियो यो न प्रचोदयात् ॥
સત્ ચિદાનંદ પ્રભુના, શ્રેષ્ઠ તેજનું ધ્યાન આ,
ધરીયે જે વડે આને, પ્રેરે શ્રેષ્ઠ બુદ્ધિ અહુ

श्री मातृभूमि स्तवन.

नमामि भारति मातस्स्वतन्त्राया सदास्थिता ।
नत्वामिच्छाम्यहं द्रष्टुं बद्धा निगडबन्धनैः ॥
નમું હું ભારતિ માતા, સ્વતંત્ર જે સદા રહી,
ન જોવા હું તુને ઈચ્છું, બેડીથી જકડાયલી
वन्दे मातरमव्यक्तां व्यक्तां च जननीं पराम् ।
दीनोऽहं बालकः काङ्क्षे सेवां जन्मनि जन्मनि ॥
વંદુ અદૃશ્ય માતા હું, દૃશ્યા હે જનની મુજ,
બાળક દીન હું ઈચ્છું, સેવા જન્મોજન્મ તુજ.



ॐ

श्री सचित्र स्तवन समश्लोकी

સરળ ભગવદ્ગીતા.

ગીતા મહાત્મ.

भगवन्परमेशान भक्तिरव्यभिचारिणी ।
प्रारब्धं भुज्यमानस्य कथं भवति हे प्रभो ॥

હે ભગવાન ! હે પ્રભુ ! ભક્તિ અનન્ય આપની,
પ્રારબ્ધ કર્મ ભોક્તાને, મળે પ્રભુ ! કેમે કરી-૧

प्रारब्धं भुज्यमानो हि गीताभ्यासरतः सदा ।
स मुक्तः स सुखी लोके कर्मणा नोपलिप्यते ॥

ભોક્તા પ્રારબ્ધ પણ જે, ગીતા પાઠ નિત્યે કરે,
તે સુખી મુક્ત આ લોકે, લેપાય કર્મે ના ખરે-૨

महापापादिपापानि गीताध्यानं करोति चेत्।
क्वचित्स्पर्शं न कुर्वंति नलिनीदलमम्बुवत् ॥

ન કમળ પત્રે જળ, જેમ સ્પર્શ જરા કરે,
ગીતા ધ્યાને ન તેમજ, મહા પાપ કદી કરે—૩

गीतायाः पुस्तकं यत्र यत्र पाठः प्रवर्त्तते ।
तत्र सर्वाणि तीर्थानि प्रयागादीनि तत्र वै ॥

ગીતા પોથી જહાં હોય, ને પાઠ જ્યાં જ્યાં થાય છે,
ત્યાં આગળ સર્વ તીર્થો, પ્રયાગ આદિ જાય છે—૪

सर्वे देवाश्च ऋषयो योगिनः पन्नगाश्च ये ।
गोपाला गोपिका वापि नारदोद्धवपार्षदैः ।
सहायो जायते शीघ्रं यत्र गीता प्रवर्त्तते ॥

સર્વ દેવો ઋષિઓને, યોગીઓને નાગ સૌ,
ગોપી ગોપાલ પાર્ષદ નારદ ને ઉધ્ધવ સૌ,
પ્રવર્તે જ્યાં ગીતા ત્યાંહી, સાય કરવા જાય સૌ—૫

यत्र गीताविचारश्च पठनं पाठनं श्रुतम् ।
तत्राहं निश्चितं पृथ्वि निवसामि सदैव हि ॥

ગીતા વિચાર જ્યાં ચાલે, ભણે ભણાવે સાંભળે.
તે જગામાં રહું નક્કી, હું વાસો સદા કરીને–૬

गीताश्रयेऽहं तिष्ठामि गीता मे चोत्तमं गृहम् ।
गीताज्ञानमुपाश्रित्य त्रींल्लोकान्पालयाम्यहम् ॥

ગીતાશ્રયે રહું હું ને, ગીતા શ્રેષ્ટ ઘર ગણું,
ગીતા જ્ઞાન ગ્રહે તેને, ત્રિલોકે પાવન કરું–૭

गीता मे परमा विद्या ब्रह्मरूपा न संशयः ।
अर्धमात्राक्षरा नित्या स्वानिर्वाच्यपदात्मिका ॥

ગીતા મારી પરમ્ વિદ્યા, બ્રહ્મરૂપ શંકા નથી,
અર્ધમાત્રા અવિનાશી, નિત્ય ગૂઢ પદાળિ જે–૮

चिदानंदेन कृष्णेन प्रोक्ता स्वमुखतोऽर्जुनम् ।
वेदत्रयी परानंदा तत्त्वार्थज्ञानसंयुता ॥

શ્રી કૃષ્ણ પરમાત્માએ, મુખે કહી અર્જુનને,
ત્રિવેદ રૂપ આનંદી પૂર્ણ જ્ઞાને, તત્વ, અર્થે–૯

योऽष्टादशजपो नित्यं नरो निश्चलमानसः ।
ज्ञानसिद्धिं स लभते ततो याति परं पदम् ॥

મન નિશ્ચળ ગીતાના, અઢાર અંધ્યાયો પઢે,
તે પામે જ્ઞાન સિદ્ધિને, જાય તે પરમ પદે–૧૦

पाठेऽसमर्थः संपूर्णे ततोऽर्धं पाठमाचरेत् ।
तदा गोदानजं पुण्य लभते नात्र संशयः ॥

પાઠ સર્વ બને ન તો, પાઠ અર્ધો જે કરે,
મળે છે ફળ ગોદાન, તેમા ન સશય જરે–૧૧

त्रिभागं पठमानस्तु गंगास्नानफलं लभेत् ।
षडंशं जपमानस्तु सोमयागफलं लभेत् ॥

ત્રીજે ભાગે કરે પાઠ, પામે ગંગા સ્નાન ફળ,
છઠ્ઠા ભાગે કરે પાઠ, પામે સોમ યજ્ઞ ફળ-૧૨

एकाध्यायं तु यो नित्य पठते भक्तिसंयुतः।
रुद्रलोकमवाप्नोति गणो भूत्वा वसेच्चिरम् ॥

એક અધ્યાય જે નિત્ય, શ્રદ્ધાથી ભક્તિ કરે,
તે પામે છે રુદ્રલોક, ગણ થઇને તે રહે-૧૩

अध्यायं श्लोकपादं वा नित्यं यः पठते नरः।
यावन्मन्वतर याति नरतां स वसुंधरे ॥

અધ્યાય શ્લોક એકજ, ચરણ પાઠે જે કરે,
તે મન્વતર પામે છે, આ લોકે મનુષ્યત્વને-૧૪

गीतायाः श्लोकदशकं सप्त पंच च चतुष्टयम् ।
द्वौ त्रीनेकं तदर्द्धं वा श्लोकानां यः पठेन्नरः ॥

ચાર પાચ છ ને સાત, આઠ નવ દશ પઢે,
અથવા ત્રણ બે એક, કે અર્ધો શ્લોક જે–૧૫

चंद्रलोकमवाप्नोति वर्षाणामयुतं ध्रुवम् ।
गीतापाठसमायुक्तो मृतो मानुषतां व्रजेत् ॥

ચંદ્રલોક મળે તેને, દશ હજાર વર્ષ તે,
અવશ્ય મરતા પામે, મનુષ્યત્વ ગીતા પઢે–૧૬

गीताभ्यासं पुनः कृत्वा लभते मुक्तिमुत्तमाम् ।
गीतेत्युच्चारसंयुक्तो म्रियमाणो गतिं लभेत् ॥

ફરી ગીતા કરી પાઠે, મોક્ષ પદ પામેજ તે,
બોલનારો શબ્દ ગીતા, પામે છે તે સદ્ગતિને–૧૭

गीतार्थश्रवणासक्तो महापापयुतोऽपि वा ।
वैकुंठं समवाप्नोति विष्णुना सह मोदते ॥

પ્રીતિ સાંભળવા ગીતા, જન પાપી છતા પણ,
વૈકુંઠમાં વિષ્ણુ સાથે, કરે તે સુખે ગમન–૧૮

गीतार्थं ध्यायते नित्यं कृत्वा कर्माणि भूरिशः
जीवन्मुक्तः स विज्ञेयो देहांते परम पदम् ॥

ગીતા અર્થે ધરે ધ્યાન, અનેક કર્મો કરીને,
જાણવો જીવન મુક્ત, પામે પદ પરમ તે–૧૯

गीतामाश्रित्य बहवो भूभुजो जनकादयः ।
निर्धूतकल्मषा लोके गीता याताः परं पदम् ॥

ગીતા પાઠ કરી સર્વે, જનક આદિ રાજવી,
પાપ રહિત આ લોકે, મોક્ષ પામ્યા સૌ માનવી ૨

गीतायाः पठनं कृत्वा माहात्म्यं नैव यः पठेत् ।
वृथा पाठो भवेत्तस्य श्रम एव ह्युदाहृतः ॥

જે ગીતાનો કરી પાઠ, મહાત્મ પાઠ ન કરે,
તેનો થાય વૃથા પાઠ, વૃથા પ્રયત્ની તે બને—૨૧


एतन्माहात्म्यसंयुक्तं गीताभ्यासं करोति यः ।
स तत्फलमवाप्नोति दुर्लभां गतिमाप्नुयात् ॥

આ મહાત્મ સહિત જે, ગીતા અભ્યાસ જે કરે,
કહેલા ફળ મેળવી, દુર્લભ ગતિને મળે—૨૨

माहात्म्यमेतद्गीताया मया प्रोक्तं सनातनम् ।
गीतांते च पठेद्यस्तु यदुक्तं तत्फलं लभेत् ॥

ગીતા તણું મહાત્મ આ, સનાતન જે મે કહ્યું
ગીતા અંતે પઢે જેઓ, કથા મળે ફળી સહુ—૨૩

ગીતા મહાત્મ સમાપ્ત



ૐ

શ્રી સચિત્ર સ્તવન સમશ્લોકી

સરળ ભગવદ્ ગીતા

अध्याय पहेलो.

અર્જુનવિષાદયોગ

धृतराष्ट्र उवाच ।

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पांडवाश्चैव किमकुर्वत संजय ॥

ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે, યુદ્ધ ઇચ્છાએ જ્યાં મળ્યા,
મારા ને પાંડુના પુત્રો, શું કરે સંજય તદા-૧

संजय उवाच ।

दृष्ट्वा तु पाण्डवानीकं व्यूढं दुर्योधनस्तदा ।
आचार्यमुपसंगम्य राजा वचनमब्रवीत् ॥

જોઈ રણે વ્યવસ્થિત, પાંડુ સેના દુર્યોધને,
દ્રોણાચાર્ય ગુરુ પાસ, રાજા બોલ્યા વચન જૈ-૨

पश्यैतां पाण्डुपुत्राणामाचार्य महतीं चमूम् ।
व्यूढां द्रुपदपुत्रेण तव शिष्येण धीमता ॥

જુઓ પાંડુ પુત્રાની આ, બુદ્ધિમાન તવ શિષ્યે,
જુઓ આચાર્ય સેના આ, મોટી રચેલી આ દિસ-૩

अत्र शूरा महेष्वासा भीमार्जुनसमा युधि ।
युयुधानो विराटश्च द्रुपदश्च महारथः ॥

ભીમાર્જુન સમા શૂર, ધનુષ્ય બાણો સહિત,
છે વિરાટ મહારથી, દ્રુપદ યુદ્ધે નિપુણ-૪

धृष्टकेतुश्चेकितानः काशिराजश्च वीर्यवान् ।
पुरुजित्कुन्तिभोजश्च शैब्यश्च नरपुंगवः ॥

ચેકીતાન ધૃષ્ટકેતુ, કાશી રાજા પરાક્રમી,
કુંતિભોજ પુરુજિત, નરોમાં શ્રેષ્ઠ શૈબ્ય જે-૫

युधामन्युश्च विक्रान्त उत्तमौजाश्च वीर्यवान् ।
सौभद्रो द्रौपदेयाश्च सर्व एव महारथाः ॥

દ્રૌપદે છે મહારથી, સુભદ્રાનો પુત્ર બળી,
ઉત્તમૌજા અભિમન્યુ, યુધામન્યુ મહા બળી—૬

अस्माकं तु विशिष्टा ये तान्निबोध द्विजोत्तम ।
नायका मम सैन्यस्य संज्ञार्थं तान्ब्रवीमि ते ॥

શ્રેષ્ઠ બ્રાહ્મણમાં એવા, આપ ઉત્તમ છો બહુ,
હું નામ મમ સેનાના, મુખ્ય નાયકના કહુ—૭

भवान्भीष्मश्च कर्णश्च कृपश्च समितिंजयः ।
अश्वत्थामा विकर्णश्च सौमदत्तिर्जयद्रथः ॥

આપ ભીષ્મ યુધ્ધે કર્ણ, કૃપાચાર્ય છે કુશળ,
વિકર્ણ ને અશ્વસ્થામા, ભુરિશ્રવા જયદ્રથ—૮

अन्ये च बहवः शूरा मदर्थे त्यक्तजीविताः ।
नानाशस्त्रप्रहरणाः सर्वे युद्धविशारदाः ॥

શૂરા જે યુંધે ઘણા, પ્રાણદાતા અન્ય ભડ,
વિર વિધ સજી શસ્ત્રો, ખેલનારા જે સહુ–૯

अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ।
पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् ॥

અપર્ણું આપણું સૈન્ય ભિષ્મથી પામેલ રક્ષા,
સંપર્ણું તેમનું સેન્ય, ભીમ તેની કરે રક્ષા–૧૦

अयनेषु च सर्वेषु यथाभागमवस्थिताः ।
भीष्ममेवाभिरक्षन्तु भवन्तः सर्व एव हि ॥

સર્વે રસ્તા જતાં માંહે, ઊભા રહી નિજ જગે,
સૌ યોદ્ધાઓ ઉભેલાને ભિષ્મ રક્ષા રંગે વગે–૧૧

संजय उवाच ।

तस्य संजनयन् हर्षं कुरुवृद्धः पितामहः ।
सिंहनादं विनद्योच्चैः शङ्खं दध्मौ प्रतापवान् ॥

ભિષ્મપિતા વયોવૃદ્ધ, શંખની સિંહ ગર્જના,
કરે આનંદ માટે તે, પ્રતાપી દુર્યોધનના—૧૨

ततः शङ्खाश्च भेर्यश्च पणवानकगोमुखाः ।
सहसैवाभ्यहन्यन्त स शब्दस्तुमुलोऽभवत् ॥

શંખ ભેરી નગારાં ને, ઝાંઝ રણશીંગાં ફુંકે,
વાગવા સહુ માંડ્યા, મોટો ઘોષ ત્યારે ઝુકે—૧૩

ततः श्वेतैर्हयैर्युक्ते महति स्यन्दने स्थितौ ।
माधवः पांडवश्चैव दिव्यौ शङ्खौ प्रदध्मतुः ॥

શ્વેત ઘોડા રથે શોભે, કૃષ્ણ અર્જુન બેઉ જે,
નિજ નિજ દીવ્ય શંખો, તેમણે ફુંક્યા જ તે—૧૪

पाञ्चजन्यं हृषीकेशो देवदत्तं धनंजयः ।
पौण्ड्रं दध्मौ महाशङ्खं भीमकर्मा वृकोदरः ॥

પાંચજન્યજ શ્રી કૃષ્ણે, અર્જુને દેવદત્તને,
ભયંકર કર્મી ભીમે, શંખ પૌંડ્રુ ગાજ્યા અને–૧૫

अनन्तविजयं राजा कुन्तीपुत्रो युधिष्ठिरः ।
नकुलः सहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥

કુંતિપુત્ર યુધિષ્ઠિરે, શંખ અનંતવિજય
નકુળ સહદેવે તો, સુઘોષ મણિ પુષ્પક–૧૬

काश्यश्च परमेष्वासः शिखण्डी च महारथः ।
धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्चापराजितः ॥

કાશી રાજા મહાધન્વા, શિખંડી છે મહારથી,
ધૃષ્ટદ્યુમ્ન વિરાટ, અપરાજિત સાત્યકી ૧૭

द्रुपदो द्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ।
सौभद्रश्च महाबाहुः शङ्खान्दध्मुः पृथक्पृथक् ॥

મહા બળી અભિમન્યુ, દ્રુપદ દ્રૌપદી પુત્રે,
જુદા જુદા શંખો ફુંક્યા, હે 'રાજન' ત્યાં સર્વએ ૧૮

स घोषो धार्तराष्ट्राणां हृदयानि व्यदारयत् ।
नभश्च पृथिवीं चैव तुमुलो व्यनुनादयन् ॥

નભ પૃથ્વી ગજાવે એ, શંખો કેરી પ્રતિધ્વની,
કાળજાં કૌરવોના તે, ચીરી નાખે તે ઘોષથી-૧૯

अथ व्यवस्थितान्दृष्ट्वा धार्तराष्ट्रान्कपिध्वज ।
प्रवृत्ते शस्त्रसंपाते धनुरुद्यम्य पाण्डवः ॥

વ્યવસ્થિત યુદ્ધે જોઈ, કૌરવો ને અરજુને,
પ્રવૃત્ત થૈ યુદ્ધ કાળે, ધનુષ્યને ઉપાડીને-૨૦

हृषीकेशं तदा वाक्यमिदमाह महीपते ।

अर्जुन उवाच ।

सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ॥

કૃષ્ણ પ્રત્યે કહે વાક્ય, ત્યાજ આવા મહિપતી,
બન્ને સેના મધ્ય રાખો, રથને જગનપતી–૨૧

यावदेतान्निरीक्षेऽहं योद्धुकामानवस्थितान् ।
कैर्मया सह योद्धव्यमस्मिन्रणसमुद्यमे ॥

ઉભા યુંધ ઇચ્છાથી જે, હું બરાબર જોઉં સૌ,
રણસંગ્રામમાં સંગે, કોણ લડવા ઇચ્છુ–૨૨

योत्स्यमानानवेक्षेऽहं य एतेऽत्र समागताः ।
धार्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः ॥

કૈરવોનું ભલુ ઇચ્છી, કોણ ઉભા છે યુંધમાં,
જોઉં હું તો શૂરા સવ, દુર્બુધિ દુર્યોધનના–૨૩

संजय उवाच ।

एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत ।
सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥

અર્જુનના કહેવાથી, હે ધૃતરાષ્ટ્ર ! શ્રી કૃષ્ણે,
શ્રેષ્ટ રથ મૂક્યો ત્યારે, બેઉ સેના મધ્યપણે-૨૪

भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षिताम् ।
उवाच पार्थ पश्यैतान्समवेतान्कुरूनिति ॥

સમસ્ત અન્ય રાજાની ભિષ્મ દ્રોણ સન્મુખે,
વદે કૃષ્ણ જુઓ પાર્થ, કૌરવ સેનાને સુખે-૨૫

तत्रापश्यत्स्थितान्पार्थः पितॄनथ पितामहान् ।
आचार्यान्मातुलान्भ्रातॄन्पुत्रान्पौत्रान्सखींस्तथा

અર્જુને ત્યાં નિહાળ્યા સૌ, મામા દાદા ભાઈ ગુરુ,
પુત્ર પૌત્ર મિત્ર બેઉ, એકઠા થયેલા સહુ-૨૬

श्वशुरान्सुहृदश्चैव सेनयोरुभयोरपि ।
तान्समीक्ष्य स कौन्तेयः सर्वान्बन्धूनवस्थितान् ॥

સસરાઓ સ્વજનો મિત્ર, જોઈ બન્ને સેના મહીં,
ત્યાં સમક્ષ સર્વ બંધુ, જોઈ કુંતીસુતે અર્જુને–૨૭

अर्जुन उवाच ।

कृपया परयाऽऽविष्टो विषीदन्निदमब्रवीत् ।
दृष्ट्वेमं स्वजनं कृष्ण युयुत्सुं समुपस्थितम् ॥

થઈ પરમ દયા યુક્ત, આમ ખેદ પામી વદે,
કૃષ્ણ! આ બધા ઊભા સ્વજન લાગે મોખરે–૨૮

सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ।
वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ॥

અંગ ઢીલું થયું મારું, મુખ સુકાઈ જાય છે,
ધ્રુજારી શરીરે છૂટે, ઊભા રુંવાડાં થાય છે–૨૯

गाण्डीवं स्रंसते हस्तात्त्वक्चैव परिदह्यते ।
न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः ॥

પડે છે સરી ગાંડીવ, દાહ સર્વાંગે થાય છે,
અશક્ત છું ઉભો રે'તાં, મન ભ્રમ ભૌ થાય છે–૩૦

निमित्तानि च पश्यामि विपरीतानि केशव ।
न च श्रेयोऽनुपश्यामि हत्वा स्वजनमाहवे ॥

માનજો હે કૃષ્ણ! સાચું, અપશુકન થાય છે,
હણી સગાં યુદ્ધ માંહે, તે ન કંઈ કલ્યાણ છે–૩૧

न काङ्क्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च
किं नो राज्येन गोविन्द किं भोगैर्जीवितेन वा

ન ઇચ્છું રાજ કે જય, સુખ કંઈ ન તે થકી,
ગોવિંદ! રાજભોગે શું? શું અમને જીવનથી? ૩૨

येषामर्थे काङ्क्षितं नो राज्यं भोगाः सुखानि च
त इमेऽवस्थिता युद्धे प्राणांस्त्यक्त्वा धनानि च

જેને માટે ઇચ્છું રાજ્ય, ભોગ વાભો ને સુખો,
સર્વ યુદ્ધ મહીં ઉભા, તજી પ્રાણ ને ધન તો. ૩૩

आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः ।
मातुलाः श्वशुराः पौत्राः श्यालाः सम्बन्धिनस्तथा

પિતા પુત્રો અને પૌત્રો, આચાર્યો ને પિતામહો,
સસરાઓ અને શાળા, તેમજ મામ સંબંધિઓ ૩૪

एतान्न हन्तुमिच्छामि घ्नतोऽपि मधुसूदन ।
अपि त्रैलोक्यराज्यस्य हेतोः किं नु महीकृते ॥

ત્રિલોકનું મળે રાજ્ય, રણે હણે મને ભલે,
ન ઇચ્છું હણવા તેને, તો ના શું પૃથ્વી માટે?—૩૫

निहत्य धार्तराष्ट्रान्नः का प्रीतिः स्याज्जनार्दन।
पापमेवाश्रयेदस्मान्हत्वैतानाततायिनः॥

ધાર્તરાષ્ટ્રો હણીને શું ? પ્રીતિ થાય જનાર્દન!
આતતાયિ હણીને તો, પાપ લાગે જ અમને-૩૬

तस्मान्नार्हा वयं हन्तुं धार्तराष्ट्रान्स्वबान्धवान्।
स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव॥

તે માટે અઘટિત છે હણવા એ સ્વબંધુને
શું ? સુખી થઈએ કૃષ્ણ! એ સ્વજનને મારીને-૩૭

यद्यप्येते न पश्यन्ति लोभोपहतचेतसः।
कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम्॥

ન જાણે પાપ કૌરવ, લોભ બુદ્ધિ મલીનમાં,
દોષ કુલક્ષયે શું છે ? પાપ શું ? મિત્રદ્રોહમાં ૩૮

कथं न ज्ञेयमस्माभिः पापादस्मान्निवर्तितुम् ।
कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ॥

શકીએ કેમ જાણી ન, અમે પાપ નિવર્તવા,
કુળ ક્ષયે થતા દોષો, કૃષ્ણ! જનાર્દન આ ૩૯

कुलक्षये प्रणश्यन्ति कुलधर्माः सनातनाः ।
धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ॥

કુળધર્મો સનાતન, નાશ પામે કુળક્ષયે,
ધર્મનષ્ટે સર્વ કુળ, નાશ કરે અધર્મ તે-૪૦

अधर्माभिभवात्कृष्ण प्रदुष्यन्ति कुलस्त्रियः ।
स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः ॥

કુળસ્ત્રીઓ દુરાચારી, ઘેરાઈ અધર્મે બને,
પછી દુષ્ટ સ્ત્રીઓ માંહે, વર્ણસંકરજ જન્મે-૪૧

सकरो नरकायैव कुलघ्नाना कुलस्य च ।
पतन्ति पितरो ह्येषा लुप्तपिण्डोदकक्रियाः ॥

વર્ણસંકર નાખે નર્કે, કુળી અને કુળઘ્નને,
ક્રિયા પીંડ વિના પિતૃ, નર્કે જાય અતર્પણે—૪૨

दोषैरेतैः कुलघ्नाना वर्णसकरकारकैः ।
उत्साद्यन्ते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ॥

વર્ણસંકરકારના, દોષ કુળનાશકના,
જાતિધર્મો મહા નષ્ટ, કુળધર્મો થાય સદા—૪૩

उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन ।
नरके नियत वासो भवतीत्यनुशुश्रुम ॥

નષ્ટ કુળ ધર્મી જન, નર્કવાસજ થાય તે,
સાંભળ્યું હે જનાર્દન ! એવું નક્કી ખરે અમે ૪૪

अहो बत महत्पापं कर्तुं व्यवसिता वयम् ।
यद्राज्यसुखलोभेन हन्तुं स्वजनमुद्यताः ॥

મોટા પાપ અરે ! હા ! હા ! તૈયાર કરવા અમે,
કે રાજ્ય સુખના લોભે, સ્વજનો હણવા ગમે ! ૪૫

यदि मामप्रतीकारमशस्त्रं शस्त्रपाणयः ।
धार्तराष्ट्रा रणे हन्युस्तन्मे क्षेमतरं भवेत् ॥

નહિ સામો થનારો હું, ને શસ્ત્ર વિનાનો મને,
કૌરવો શસ્ત્ર ધારી જો, મારે તો કલ્યાણ રહે-૪૬

संजय उवाच ।

एवमुक्त्वार्जुनः संख्ये रथोपस्थ उपाविशत् ।
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥

એ પ્રમાણે કહી બેઠા, અર્જુન મધ્યે યુદ્ધના,
બાણ ધનુષ્ય છોડીને, થૈ શોકાતુર મનમાં-૪૭

અધ્યાય ૧ લો સમાપ્ત.

अध्याय बीजो.

સાંખ્યયોગ

संजय उवाच ।

तं तथा कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणम् ।
विषीदंतमिदं वाक्यमुवाच मधुसूदनः ॥

તે પ્રકારે દયા યુક્ત, નેત્રે આંસુવાળો પર્ણ,
ખેદ યુક્ત અર્જુનને, કથ્યાં કૃષ્ણે આ વચન-૧

श्री कृष्ण उवाच ।

कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ।
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ॥

મોહ દુઃખ તને ક્યાંથી, કવખતે સામે ઉભુ,
અનાર્ય અસ્વર્ગીય, અર્જુન ! અપકીર્તિનુ-૨

क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥

અર્જુન ! થા ન કાયર, એતો તને ઘટે નહિ,
તુચ્છ મન નિર્બળતા, છોડી ઉભો તું થા અહીં—૩

अर्जुन उवाच।

कथं भीष्ममहं संख्ये द्रोणं च मधुसूदन।
इषुभिः प्रतियोत्स्यामि पूजार्हावरिसूदन ॥

ભીષ્મ ને દ્રોણ સામે હું, યુદ્ધમાં મધુસુદન
બાણો વડે લડું કેમ, બેઉ સામે પૂજનીય—૪

गुरूनहत्वा हि महानुभावान्।
श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके।

हत्वार्थकामांस्तु गुरूनिहैव
भुंजीय भोगान्रुधिरप्रदिग्धान् ॥

ગુરુ હણી એ મહા ભાવવાળા,
માન થવું આ જગે ભીખવાળા,
ગુરુ હણી એ, મુજ સ્વાર્થ માટે,
રુધીર ભીના ગુ ઠે ભોગ માટે ૫

न चैतद्विद्मः कतरन्नो गरीयो ।
यद्वा जयेम यदि वा नो जयेयुः ।
यानेव हत्वा न जिजीविषाम-
स्तेऽवस्थिताः प्रमुखे धार्तराष्ट्राः ॥

ન જાણીએ આ અમે કોણ શ્રેષ્ઠ,
જીત્યે અમે કે અમને જીતેજ,
ન એને હણી જીવવાની ઇચ્છા,
તે કૌરવો આ મો સામેજ ઉભા, ૬

कार्पण्यदोषोपहतस्वभावः ।
पृच्छामि त्वां धर्मसंमूढचेताः ।
यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे ।
शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥

કાર્પણ્ય દોષે હું સ્વભાવ નષ્ટ,
તને પુછું હું ચિત્ત ધર્મ મૂઢ,
નક્કી કહો જે મને હોય સારું,
હું શિષ્ય શરણાગત બોધ સારું ૭

न हि प्रपश्यामि ममापनुद्या-
द्यच्छोकमुच्छोषणमिंद्रियाणाम् ।

अवाप्य भूमावसपत्नमृद्धं ।
राज्यं सुराणामपि चाधिपत्यम् ॥

મળે નિષ્કંટક રાજ્ય તોપણ,
અને દેવાધિપતિ હું કદિ પણ,
એવો ન જોઉં હું કંઈ ઉપાય,
શોક ઇંદ્રિ દમન દૂર થાય ૮

सजय उवाच ।

एवमुक्त्वा हृषीकेशं गुडाकेश परतपः ।
न योत्स्य इति गोविंदमुक्त्वा तूष्णीं बभूव ह ॥

શ્રીકૃષ્ણને કહી એવું, હે ધૃતરાષ્ટ્ર! અર્જુને,
"હું તો નહિ લડું" કૃષ્ણ! ચુપ થૈ ગયો કહીને-૯

तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत ।
सेनयोरुभयोर्मध्ये विषीदंतमिदं वचः ॥

તેને કહ્યું હૃષીકેશે, સેજ હસી ભારત હે !
બન્ને સેના મધ્ય ઉભી, શોકાતુર અર્જુનને-૧૦

श्री कृष्ण उवाच—

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचन्ति पंडिताः ॥

અશોચ્યનો તું કરે શોચ, ને ડાહી વાતો તુ કરે,
જીવતા કે મરેલાનો, શોચ પંડિતો ના કરે-૧૧

न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः ।
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥

હું, ને તું, કે ન આ નૃપો, હતા "એમ પણ નહિ,"
ને એ રીતે ન આપણે, હવે પછી હૈશું નહિ-૧૨

देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा।
तथा देहांतरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥

દેહીના જેમ આ દેહે, બાળ યુવા વૃદ્ધપણું,
દેહ પ્રાપ્ત થતા બીજો, ધીર મોહે ન તે તણું-૧૩

मात्रास्पर्शास्तु कौंतेय शीतोष्णसुखदुःखदाः।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत॥

માત્રા સ્પર્શ અર્જુન મૌ, શીતોષ્ણ ને સુખદુ ખો,
અનિત્ય આવતા જાતા, તે સહ ભારત અહો'-૧૪

यं हि न व्यथयंत्येते पुरुषं पुरुषर्षभ।
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते॥

જેને એની નહિ પીડા તે નથી નર ઉત્તમા'
સમ સુખે દુ ખે ધીર, લાયક છે તે મોક્ષના-૧૫

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः॥

સ્થિર અસત્ય જાણ્યું ન, અથિર પણ સત્યને,
અંત દેખે તત્ત્વદર્શી, પંડિત પારખી બેઉને-૧૬

अविनाशि तु तद्विद्धि येन सर्वमिदं ततम्।
विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हति॥

જાણે તેજ અવિનાશી, જેથી વ્યાપ્ત આ બધું છે,
વિનાશ એ અવ્યયનો, કરવા કો ન યોગ્ય છે-૧૭

अंतवंत इमे देहा नित्यस्योक्ताः शरीरिणः।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युद्ध्यस्व भारत॥

અવિનાશી અપ્રમેય, નિત્ય કહ્યા મનુષ્યના,
અંતવાળાં શરીરો આ, તો જા અર્જુન યુદ્ધમાં-૧૮

य एनं वेत्ति हंतारं यश्चैनं मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हंति न हन्यते ।'

જે જાણે મારનારો ને, તે જે જાણે મરાયેલો,
તેઓ બને ન જાણે તે, ન હર્તા, ન હણાયેલો-૧૯

न जायते म्रियते वा कदाचि-
न्नाय भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो ।
न हन्यते हन्यमाने शरीरे ॥

ન જન્મે કદિ વા ન તે મરે છે
ન એ થયો વા ફરીને થશે એ,
નિત્ય અજન્મા એક રૂપ જુનો,
દેહે ન હણાય હણતા જ તે તો ૨૦

वेदाविनाशिनं नित्यं य एनमजमव्ययम् ।
कथं स पुरुषः पार्थ कं घातयति हन्ति कम् ॥

નિત્ય જાણો અવિનાશી, આત્મા અવ્યય અજન્મા,
એમ તે નર હે પાર્થ ! મારે, કે કોની હત્યા ૨૧

वासांसि जीर्णानि यथा विहाय ।
नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णा-
न्यन्यानि संयाति नवानि देही ॥

વસ્ત્રો જુના જેમ જનો ત્યાગે,
ગ્રહે નવા અન્ય એવ પ્રસંગે,
એ રીતે તજી તે જુના શરીરો,
અન્ય ધારે નવા દેહી વરણો ૨૨

नैनं छिंदंति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

એને છેદે નહિ શસ્ત્રો, નહિ અગ્નિ બાળી શકે,
ને નહિ ભીંજવે પાણી, વાયુ સુકવી ના શકે-૨૩

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥

અછેદ્ય ને અદાહ્ય એ, અભીંજ્ય અશોષ્ય નક્કી,
સર્વ વ્યાપી નિત્ય સ્થિર, છે અચળ સનાતની-૨૪

अव्यक्तोऽयमचिंत्योऽयमविकार्योऽयमुच्यते ।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥

અવ્યક્ત એ અચિંત્ય એ, અવિકારી એને કહ્યું,
જાણીને તેથી એના તે તને શોચવું ના ઘટે-૨૫

अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम्।
तथापि त्वं महाबाहो नैवं शोचितुमर्हसि ॥।

જો હવે એ નિત્ય જન્મી, તુ જો માને નિત્ય મુવો,
તો પછી હે તને પાર્થ ! ન ઘટે સોચ કરવો ૨૬

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥

જન્મે તેનુ નક્કી મત્યુ, જન્મે મુએલો જે નક્કી,
"ટાળ્યુ ટળે ન" માટે તે, સોચવુ ઘટતુ નથી–૨૭

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥

અવ્યક્ત આદિ છે દેહો, પાર્થ ! મધ્યાવસ્થા પછી,
અવ્યક્ત નાશ છે એમ, ત્યા શુ શોક એનો પછી?૨૮

आश्चर्यवत्पश्यति कश्चिदेन-
माश्चर्यवद्वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यः शृणोति
श्रुत्वाऽप्येनं वेद न चैव कश्चित् ।

આશ્ચર્ય સમ જુએ કોઈ એને,
આશ્ચર્ય સમ અન્ય એમે કહે ને,
આશ્ચર્ય સમ સુણે અન્ય એને,
એને કો પણ ન જાણે સુણીને. ૨૯

देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत ।
तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ।

આત્મા નિત્ય અનાશી આ, દેહે સઘની ભારત ।
તેથી પ્રાણી સર્વ માટે સોચ્યુ અઘટારત–૩૦

स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितुमर्हसि ।
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत् क्षत्रियस्य न विद्यते

ને જોઈ સ્વધર્મ પણ, કંપવું ઘટતું નથી,
ધર્મ યુદ્ધ સમો શ્રેય, બીજો ક્ષત્રીને કાં નથી ૩૧

यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।
सुखिनः क्षत्रियाः पार्थ लभन्ते युद्धमीदृशम् ॥

અનાયાસે મળેલું ને, ખુલ્લા સ્વર્ગદ્વાર રૂપ,
ક્ષત્રીઓ સુખિયા પાર્થ, મેળવે આવું યુદ્ધ ૩૨

अथ चेत्त्वमिमं धर्म्यं संग्रामं न करिष्यसि ।
ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि ॥

જો જો તું ધર્મરૂપ યુદ્ધ આવું નહિ કરે
તો સ્વધર્મ અને કીર્તિ, ખોળી પાપ તને મળે—૩૩

अकीर्तिं चापि भूतानि कथयिष्यन्ति तेऽव्ययाम्
संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ॥

ને લોકો અપકીર્તિની, વાતો તારી મહા મોટે
મોઢેથીએ વધારે છે, અકીર્તિ સંભાવિતને-૩૪

भयाद्रणादुपरतं मंस्यंते त्वां महारथाः ।
येषां च त्वं बहुमतो भूत्वा यास्यसि लाघवम् ।

ભયે રણે હઠેલો જો, જાણશે તુને મહારથી,
ને તેનો તુ બહુ માન્ય, લઘુતા પામીશ અતી-૩૫

अवाच्यवादांश्च बहून् वदिष्यंति तवाहिताः ।
निंदंतस्तव सामर्थ्यं ततो दुःखतरं नु किम् ॥

વધુ વેણો ન બોલ્યાના, વદશે તારા શત્રુઓ
નિંદી સામર્થ્ય તારૂં, વધારે બીજું દુખ કો ? ૩૬

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम्
तस्मादुत्तिष्ठ कौंतेय युद्धाय कृतनिश्चयः ॥

પામે સ્વર્ગ મરાયો તો, વા જીતે તો પૃથ્વી ભગે,
તેથી કૌંતેય થા ઊભો, નિશ્ચયવાળો થૈ યુદ્ધે-૩૭

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥

સુખ દુઃખ સમા જાણી, લાભાલાભો જયાજયો,
તેથી યુદ્ધે યુક્ત થા તુ, એમાં પાપ લાગે ન હો-૩૮

एषा तेऽभिहिता सांख्ये बुद्धिर्योगे त्विमां शृणु।
बुद्ध्या युक्तो यया पार्थ कर्मबन्धं प्रहास्यसि ॥

સાંખ્યે તને કહેલી આ, બુદ્ધિ યોગે સુણ હવે,
તુ જે બુદ્ધિ વડે યુક્ત, કર્મ બંધન છોડશે-૩૯

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥

અફળતા નથી આમાં, હરકત ન દીસતી,
આ ધર્મની જરા પણ તરાપ મહા ભયથી-૪૦

व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनंदन ।
बहुशाखा ह्यनंताश्च बुद्धयोऽव्यवसायिनाम्॥

વ્યવસાયી બુદ્ધિ એક, કુરુનંદન ! આ મહીં,
અનંત ભેદ વાળી એ, અવ્યવસાયીની બુદ્ધિ-૪૧

यामिमां पुष्पितां वाचं प्रवदंत्यविपश्चितः ।
वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः॥

જે આ પુષ્પયુકત વાણી, જન અજ્ઞાની તો કહે,
વેદ વાદાસકત પાર્થ ! 'બીજું નથી' એમજ કે' ૪૨

कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥

કામી સ્વર્ગ પરાયણ, દાતા જન્મ કર્મની
ક્રિયા બહુ પ્રશંસી તે, ભોગ ઐશ્વર્ય માટેજ—૪૩

भोगैश्वर्यप्रसक्तानां तयाऽपहृतचेतसाम् ।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ॥

તે વડે ભોગ વિનાશ, આસક્તના હીન ઉર,
તેઓની વ્યવસાયી જ, સમાધિમાં બુદ્ધિ નહિ—૪૪

त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ।
निर्द्वन्द्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान्

ત્રિગુણ વિષયી વેદો થા તું તે ગુણો રહિત
નિર્દ્વંદ્વ સત્ત્વગુણીને નિર્યોગ ક્ષેમ આત્મિક—૪૫

यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके ।
तावान्सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥

જેમ હેતુ તરસ્યાનો, પુણ થાય જળાશયે,
તેમ જાણો સર્વ વેદે, બ્રહ્મજ્ઞાનીનો હેતુ યે-૪૬

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ॥

કર્મમાંજ અધિકાર, તારો કદાપિ ન ફળે,
ન-કર્મ-ફળ-હેતુ થા, સંગી યે ન તુ અકર્મે-૪૭

योगस्थः कुरु कर्माणि संगं त्यक्त्वा धनंजय ।
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते

યોગે રહી કર કર્મો, સંગ છોડી અર્જુન હે !
સમસિદ્ધિ અસિદ્ધિ થૈ, તે સમત્વને યોગ કે'-૪૮

दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनंजय ।
बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥

ઉતરતુ કર્મ બીજુ બુદ્ધિયોગે ધનજ્ય,
શરણ ગોધ બુદ્ધિનુ, ફળ હેતુઓ કૃપણ ૪૯

बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम्

છોડે અહી બુદ્ધિ યુક્ત, સુકૃત દુષ્કૃત બને
તેથી તુ યોગ માટે જા, કર્મે કુશળ યોગ તે-૫૦

कर्मजं बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिण ।
जन्मबंधविनिर्मुक्ताः पदं गच्छंत्यनामयम् ॥

કર્મે થતા બુદ્ધિયોગી, ડાહ્યા ફળ તજી નિશ્ચે,
જન્મ બંધન નિર્મુક્તા, જાય તે નિર્દોષ પદે-૫૧

यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।
तदा गंतासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥

જ્યારે તારી બુદ્ધિ તરી, મોહ કાદવને જશે,
ત્યારે સુણ્યું સુણીશ જે, તેનો વૈરાગી તુ થશે-૫૨

श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला ।
समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि ।

બુધ્ધિ અધિક જ્ઞાનાળી, જ્યારે તારી દૃઢ થશે,
અચળ ને સમાધિસ્ત બુધિ ગોગે ત્યારે જશે-૫૩

अर्जुन उवाच ।

स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।
स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ।

સ્થિત પ્રજ્ઞ સમાધિસ્ત, તણી શી ચેષ્ટા કૃષ્ણ છે?
સ્થિત બુધિ શું બોલે? ને, ક્યાં હોય? કેમ વરતે?-૫૪

श्री कृष्ण उवाच ।

प्रजहाति यदा कामान् सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥

કામનાઓ તજે જ્યારે, સર્વ મનની પાર્થ હું'
આત્મા પ્રસન્ન આત્મામાં, સ્થિત જ્ઞાની તેને કહું—૫૫

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥

દુઃખે મન અનુદ્વેગી, સુખે જેની સ્પૃહા જ ને,
ન ભય ક્રોધ ને પ્રીતિ, તે છે સ્થિત બુદ્ધિ મુની—૫૬

यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ।
नाभिनंदति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥

જે સર્વત્ર અસ્નેહાળ, તે શુભાશુભ પામીને,
ન વખાણે ન નીંદે જે, તેની સ્થિરજ બુદ્ધિ છે—૫૭

यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥

જ્યાં સંકેલે તે આ, કૂર્મ અંગ પેઠે સર્વ,
ઇંદ્રિયો ઇંદ્રિયના અર્થે તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત—૫૮

विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः ।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥

નિવર્તે વિષયો થાકે, નિરાહારી મનુષ્યના
પણ રસ ટળી જાય, બ્રહ્મ જોઈ રસ વિના ૫૯

यततो ह्यपि कौन्तेय पुरुषस्य विपश्चितः ।
इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः ॥

પણ યત્ન કરતાં પાર્થ ! બુદ્ધિમાન નરની યે,
ઇંદ્રિયો બળવાન સો, પરાણે હરે મનને—૬૦

तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।
वशे हि यस्येंद्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ।

તે બધી રોકીને થાતુ, જોડાઈ હુ પરાયણ,
વશ નક્કી ઇંદ્રિ જેની, તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત-૬૧

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते

ચિન્તવે વિષયો દેહી, સંગ તે માંહે ત્યજે,
સંગથી ઉપજે કામ, કામે ક્રોધ ઉદ્‌ભવે-૬૨

क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति॥

ક્રોધથી થાય સંમોહ, સ્મૃતિ ભ્રમ સંમોહથી
સ્મૃતિભ્રંશે બુદ્ધિનાશ, મરે જ બુદ્ધિ નાશથી-૬૩

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥

રાગ દ્વેષ રહિત જે, વિષયોને આચરતો,
આત્મવશ ઇંદ્રિવડે, ચિત્ત શુધ્ધિ તે પામતો-૬૪

प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥

સર્વ દુઃખ પ્રસાદેથી, હરણ તેના થાય છે,
પ્રસન્ન ચિત્તની નક્કી, બુધ્ધિ સ્થિરજ થાય છે-૬૫

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।
न चाभावयतः शान्तिरशांतस्य कुतः सुखम् ॥

અયુક્તને નથી બુધ્ધિ, ન અયોગને ભાવના,
અભાવીને નથી શાન્તિ, તે અશાન્તને સુખ ક્યાં ?-૬૬

इंद्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥

ઇંદ્રિયો રખડે તેમાં જો મન જાય પ્રેર્યો,
તેની બુદ્ધિ હરે જેમ, વા જળે નાવ હરતો–૬૭

तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥

તેથી જેની મહાબાહો સર્વ રીતે વશ કરી,
ઇંદ્રિયો ઇંદ્રિયો અર્થ તેની બુદ્ધિ સ્થિર હતી ૬૮

या निशा सर्वभूताना तस्यां जागर्ति संयमी।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः॥

જે નિશા સર્વ ભૂતોની, જાગે સંયમી તે મહીં,
જેમાં જાગે સર્વ ભૂતો, જુએ તેજ નિશા મુની-૬૯

आपूर्यमाणमचलप्रतिष्ठं ।
समुद्रमापः प्रविशन्ति यद्वत् ।
तद्वत्कामा यं प्रविशन्ति सर्वे ।
स शान्तिमाप्नोति न कामकामी ॥

અચળ પ્રતિષ્ઠિત સ્વયં પૂર્ણ,
સમુદ્રે પ્રવેશે જેવાં જ નીર
તેવ પ્રવેશે જેને કામ સર્વ,
તે શાંતિ પામે નવ કામ કામી,-૭૦

विहाय कामान्यः सर्वान् पुमांश्चरति निःस्पृहः।
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ॥

છોડીને કામના સર્વ, જે નર નિસ્પૃહ ફરે,
ગર્વિષ્ટ મમતારી ન, શાન્તિ પામેજ નર તે–૭૨

एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति।
स्थित्वाऽस्यामंतकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति॥

આ બ્રાહ્મી સ્થિતિ હે પાર્થ, પામી એમાં ન મોહ તો,
અંતકાળે રહી એમાં, પામે નિર્વાણ બ્રહ્મ તો–૭૨

અધ્યાય બીજો સમાપ્ત

—— o ——

अध्याय त्रीजो.

કર્મયોગ

अर्जुन उवाच।

ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ।
तत्किं कर्मणि घोरे मां नियोजयसि केशव ॥

શ્રેષ્ટ હોય કર્મથી જો, બુધ્ધિ તમારે મતે,
ત્યારે ઘોર કર્મે કેમ, કેશવ યોજો છો મને-૧

व्यामिश्रेणेव वाक्येन बुद्धिं मोहयसीव मे ।
तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम् ॥

એ પ્રમાણે મિશ્ર વાક્યે, મોહો છો મારી બુધ્ધિને,
તો નિશ્ચય કરી એક, કહો જેમાં સારૂ થશે-૨

श्रीकृष्ण उवाच ।

लोकेऽस्मिन्द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयाऽनघ
ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम्

નિષ્ઠા દ્વિજાતિ આ લોકે, પૂર્વે નિષ્પાપ મેં કહી,
સાંખ્યોની જ્ઞાન યોગથી, કર્મ યોગથી યોગીની—૩

न कर्मणामनारंभान् नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।
न च संन्यसनादेव सिद्धिं समधिगच्छति ॥

કર્મ તણા વિના ત્યાગ, નૈષ્કર્મ ભોગવે નના,
અને માત્રજ સંન્યાસે, ન સિદ્ધિને પામતું ના—૪

न हि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥

ક્ષણ પણ ન કોઈ યે, કર્મ કર્યા વિના રહે
અવશ્ય કરાય કર્મ, સૌ પ્રકૃતિ ગુણો વડે—૫

कर्मेंद्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥

એ રીતે જે કર્મેદ્રિયો, સ્મરતો મનથી રહે,
ઇન્દ્રિયો વિમૂઢાત્મા કેવાય મિથ્યાચારી તે–૬

यस्त्विंद्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।
कर्मेंद्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥

ને જે મન વડે ઇન્દ્રિ, આરંભે વશ રાખીને
કર્મયોગ કર્મેદ્રિયે પાર્થ અસક્ત તે વધે ૭

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्रापि च ते न प्रसिद्ध्येदकर्मणः ॥

કર તું નિયમે કર્મ, કર્મ શ્રેષ્ઠ અકર્મથી,
દેહયાત્રા ન તારી યે, સિદ્ધ પામે અકર્મથી–૮

यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबंधनः ।
तदर्थं कर्म कौंतेय मुक्तसंगः समाचर ॥

અજ્ઞાર્થેથી બીજા કર્મો, આહી બંધન રૂપ છે,
હે કૌંતેય કર્મ તેથી, સંગ વિના સુઆચરે-૯

सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥

યજ્ઞ સાથે પ્રજા સર્જી, પુર્વે બોલ્યા પ્રજા પતિ,
આથી નિજ કરો વૃધ્ધિ, તે પુરો ઇચ્છા મનની ૧૦

देवान्भावयतानेन ते देवा भावयंतु वः ।
परस्परं भावयंतः श्रेयः परमवाप्स्यथ ॥

આ વડે સંતુષ્ટ દેવો, સંતોષે દેવ તમને,
પરસ્પર સંતુષ્ટતા, પામે પરમ શ્રેયને-૧૧

इष्टान्भोगान्हि वो देवा दास्यंते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुंक्ते स्तेन एव सः ॥

તમને ઇષ્ટ ભોગો દે, નિશ્ચે દેવ તૃપ્ત યજ્ઞે,
અર્પ્યા વિનાજ આપેનુ, ભોગવના તે ચોર છે-૧૨

यज्ञशिष्टाशिनः संतो मुच्यंते सर्वकिल्बिषैः ।
भुंजते ते त्वघं पापा ये पचंत्यात्मकारणात् ॥

જમનારા યજ્ઞ શેષ, છૂટે સંતો સૌ પાપથી,
ખાય છે પાપ તેઓજ, પાપી રાંધે પોતા થકી-૧૩

अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसंभवः ।
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥

અન્નથી થાય છે ભૂતો, અન્ન વરસાદે બને,
યજ્ઞથી વરસે મેહ, યજ્ઞ કર્મે ઉદ્ભવે-૧૪

कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।
तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥

સમજ બ્રહ્મથી કર્મ, જાણ બ્રહ્મ અક્ષરથી
માટે બ્રહ્મ સર્વવ્યાપી, નિત્ય રહ્યું યજ્ઞ ધર્મ– ૫

एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।
अघायुरिंद्रियारामो मोघं पार्थ स जीवति ॥

ચાલતું એમ તે ચક્ર, ન અનુસરે જે અહીં
અઘાયુ ઇંદ્રિય આરામી અમથો જીવે પાર્થ ૬–૧૦

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥

જે હોય આત્મરંગીને આત્મતૃપ્ત જે માનવી,
જે સંતુષ્ટ જ આત્મામાં, કાર્ય તેને કંઈ નથી-૧૭

नैव तस्य कृतेनार्थो नाकृतनेह कश्चन ।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥

અર્થ કાર્ય નથી તેને, અકૃત ન કર્યે અહીં,
અને એનો સર્વ ભૂતે, અર્થ આશ્રય કોઈ ને-૧૮

तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पूरुषः ॥

માટે નિત્ય અસક્ત થૈ કર કાર્ય સમજીને
અસક્ત આચરે કર્મ, પામે પરમ નર તે-૧૯

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ॥

કર્મથી સંસિદ્ધિને જ, પામેલા જનકાદિ જે,
લોક સંગ્રહ જોતાં યે, કરવા તે ઘટે તને-૨૦

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥

જે જે મોટા કરે તેવું, તે તે જ બીજા આચરે,
જે પ્રમાણે કરે તેઓ, લોક તેને અનુસરે—૨૧

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥

હે પાર્થ ! ન કર્મ મારૂ, કાંઈ પણ ત્રિલોકમા,
અપ્રાપ્ત મેળવવાનુ, ન તોય વર્તું કર્મમા-૨૨

यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतंद्रितः ।
मम वर्त्मानुवर्तंते मनुष्याः पार्थ सर्वशः ॥

કદાપી હું કરૂ ન જો, કર્મ ગફલતે રહી,
અનુસરે રસ્તે મારે હે પાર્થ ! સર્વ માનવી-૨૩

उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ।
संकरस्य च कर्ता स्यामुपहन्यामिमा प्रजाः

નાશ આ લોક પામશે, જો હુ કર્મ ન કરૂ તો,
વર્ણસંકરનો કર્તા, થાઉ હર્તા પ્રજા તણો-૨૪

सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वंति भारत ।
कुर्याद्विद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसंग्रहम् ॥

આસક્ત કર્મમા મદ, જેમ હે ભારત ! કરે,
કરે છે અસક્ત જ્ઞાની, લોક કલ્યાણ ઇચ્છિને-૨૫

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम् ।
जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् ॥

ન કરવો બુધ્ધિ ભેદ, અજ્ઞાનિ કર્મ સંગીનો,
જોડાવવા કર્મે સૌને, વિદ્વાને સુઆચરી હો-૨૬

प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥

પ્રકૃતિથી થતા ગુણો, સર્વ પ્રકારે જ કર્મો,
મૂઢ આત્મા અહંકારે, "હું કર્તા એમ માનતો–૨૭

तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।
गुणा गुणेषु वर्तत इति मत्वा न सज्जते ॥

તત્ત્વવેત્તા મહાબાહો ગુણ કર્મ વિભાગના,
ગુણોમાં વર્તતે ગુણો, એમ માની જોડાય ના–૨૮

प्रकृतेर्गुणसंमूढाः सज्जंते गुणकर्मसु ।
तानकृत्स्नविदो मंदान्कृत्स्नविन्न विचालयेत् ॥

પ્રકૃતિ ગુણ સંમૂઢો જોડાય ગુણ કર્મમાં,
તેમાં મંદ અજ્ઞાનીને, જ્ઞાનીએ ન ચળાવવા–૨૯

मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा
निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः

મારામાંજ સર્વ કર્મો, સમર્પી અધ્યાત્મ ચિત્ત
આશાને મમતા તાપ, વગરનો થ જા યુદ્ધે-૩૦

ये मे मतमिदं नित्यमनुतिष्ठंति मानवाः ।
श्रद्धावंतोऽनसूयंतो मुच्यते तेऽपि कर्मभिः ॥

નિત્ય જે મત આ મારો, માણસો જે અનુસરે,
શ્રદ્ધાવાળા અયોગિઓ, તેઓ યે મુક્ત કર્મે-૩૧

ये त्वेतदभ्यसूयंतो नानुतिष्ठंति मे मतम् ।
सर्वज्ञानविमूढास्तान्विद्धि नष्टानचेतसः ॥

છે જે ખરેખરા ઋષી, ને વર્તે ન મારા મતે
સૌ જ્ઞાન વિમૂઢા તેઓ, જાણ અચેત નષ્ટ તે ૩૨

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यांति भूतानि निग्रहः किं करिष्यति ॥

એ માફક કરે ચેષ્ટા, જ્ઞાની પણ સ્વપ્રકૃતિએ,
પ્રકૃતિમા ભૂતો જાયે, તો તે નુ નિગ્રહ કરે?–૩૩

इंद्रियस्येंद्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपंथिनौ ॥

ઇંદ્રિયના ઇંદ્રિયાર્થે, રાગ દ્વેષ સ્વભાવિ છે,
તે બે ને વશ થાવુ ન, આના લુટારા બેઉ છે–૩૪

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥

વિગુણી સ્વધર્મ સારો, સુસેવ્યા પરધર્મથી,
સ્વધર્મે મરવુ સારૂ, પરધર્મ છે ભયી–૩૫

अर्जुन उवाच ।

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ॥

પ્રેરાએલ હરે કોથી, પાપ મનુષ્ય આ કરે,
ન ઇચ્છતા છતા કૃષ્ણ પ્રેરાય જાણે કેના બળે-૩૬

श्रीकृष्ण उवाच ।

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥

એજ કામ અને ક્રોધ, થયેલા રજોગુણથી,
ઐ ખાધરા મહાપાપી, જાણ વેરી એને અહી-૩૭

धूमेनाव्रियते वह्निर्यथाऽऽदर्शो मलेन च ।
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥

ઢંકાય અગ્નિ ધુમાડે, જેમ દર્પણ ધુળથી,
ને ઢાંકેલ ગર્ભ ઓરે ઢંકાયુ તેમ આ નકી-૩૮

आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।
कामरूपेण कौंतेय दुष्पूरेणानलेन च ॥

ઢંકાયુ જ્ઞાન જ્ઞાનીના એ કામ રૂપી શત્રુથી
હે કૌંતેય ! અને નિત્ય ન પુરાએલ અગ્નિથી-૩૯

इंद्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते ।
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ॥

ઇંદ્રિયો મનને બુદ્ધિ, કહેવાય તેના સ્થાન જે,
એ વડે મોહ કરે તે, દેહીનુ જ્ઞાન ઢાંકીને ૪૦

तस्मात्त्वमिंद्रियाण्यादौ नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥

તે માટે તુ ઇંદ્રિયોને, પ્રથમ વશ કરી મો,
જ્ઞાન વિજ્ઞાન હર્તા, પાર્થ! માર તે પાપી આ ૪૧

इंद्रियाणि पराण्याहुरिंद्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥

ઇંદ્રિયો જબરી કહી, ઇંદ્રિથી જબરૂ મન,
મનથી જબરી બુદ્ધિ, ને બુદ્ધિથી તે જબર ૪૨

एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ॥

એમ બુદ્ધિ પરા જાણી, રોકી મન પોતા વડે,
માર અર્જુન તે શત્રુ, અજીત કામ રૂપી જે-૪૩

અધ્યાય ત્રીજો સમાપ્ત

अध्याय चोथो.

જ્ઞાનના વિભાગનો યોગ

श्री कृष्ण उवाच ।

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥

યોગ જે આ અવિનાશી, સૂર્યે પૂર્વે કહેલ છે,
સૂર્યે કહ્યો મનુને જે, તેણે કહ્યો ઇક્ષ્વાકુને-૧

एवं परंपराप्राप्तमिमं राजर्षयो विदुः ।
स कालेनेह महता योगो नष्टः परंतप ॥

મળેલો પરંપરાથી, તે રાજર્ષિઓ જાણતા
નષ્ટ થયો ઘણા કાળે, અહાંથી પાર્થ યોગ આ-૨

स एवायं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः ।
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ॥

તેજ આજ તુને મે આ, કહ્યો યોગ પુરાતની,
ભક્ત ને છે સખા માટે શ્રેષ્ઠ રહસ્ય આ વળી-૩

अर्जुन उवाच ।

अपरं भवतो जन्म परं जन्म विवस्वतः ।
कथमेतद्विजानीयां त्वमादौ प्रोक्तवानिति ॥

જન્મ પ્રથમ સૂર્યનો પછીથી આપનો થયો,
કેમ આ હુ શકુ જાણી, એમ આપે પે'લા કહ્યો-૪

श्री कृष्ण उवाच ।

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परतप ॥

બહુ જન્મો ગયેલા છે, મારા તારા અર્જુન! હો
હું જાણું છું સર્વ તેને, નહિ પાર્થ! તું જાણતો–૫

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन्
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया ॥

અજન્મ ને અમર્ણ હું, ને ભૂતોનો ઈશ્વર હું,
સ્વપ્રકૃતિ ધરીને હું, આત્મભાવે જન્મું છું–૬

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मान सृजाम्यहम्

જ્યારે જ્યારે ધર્મ ગ્લાની, હું પરંતપ! થાય છે,
ને ઉપાડો અધર્મનો, ત્યારે સર્જું હું ખુદને–૭

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

સાધુઓના ઉદ્ધારાર્થે, દુષ્ટોના નાશ કારણે
ધર્મ સંસ્થાપવા માટે, હું જન્મું છું યુગે યુગે-૮

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥

જન્મ અને કર્મ મારાં દીવ્ય જાણે જે આ રીતે,
પુનર્જન્મ નથી પાર્થ !, તજી દેહ મને મળે-૯

वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः ।
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ॥

રાગ ભય વિના ક્રોધ, મુજ આશ્રિત હું મય,
જ્ઞાન તપ વડે બહુ, પામ્યા મદ્‌ભાવ પવિત્ર-૧૦

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥

મને જેમ ભજે જેઓ તેમ તેને ફળુ છુ હુ,
વર્તે છે મુજ માર્ગે જે, એ પ્રમાણે પાર્થ સહુ–૧૧

कांक्षंतः कर्मणा सिद्धिं यजत इह देवताः ।
क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा ॥

કર્મસિદ્ધિ ઇચ્છનારા પુજે દેવતાને અહી,
કે તેથી તુર્ત આ લોકે, થાય સિદ્ધિ કર્મે થતી–૧૨

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।
तस्य कर्तारमपि मां विद्ध्यकर्तारमव्ययम् ॥

ચાર વર્ણ સૃજેલા મે ભેદથી ગુણ કર્મએ
તેનો કર્તા મને જાણે, અવ્યય અકર્તા અને–૧૩

न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा ।
इति मां योऽभिजानाति कर्मभिर्न स बध्यते॥

મને કર્મો નહિ લેપે, કર્મ સ્પૃહા નથી મને,
એમ જાણે મને જેઓ, કર્મે નહિ બધાય તે-૧૪

एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः ।
कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥

એમ જાણી કર્યું કર્મ, પૂર્વે યે મુમુક્ષુ વડે,
માટે કર કર્મ તું યે, કરેલ પૂર્વ પૂર્વજે-૧૫

किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः ।
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात्

કર્મ ને અકર્મ શું છે? ત્યાં કવિયો મુંઝાય છે,
કહું છું તે કર્મ તુંને, જાણી અશુભે તું છૂટે-૧૬

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥

જાણું કર્મને પણ ને જાણું વિકર્મ યે,
જાણું યે અકર્મને, કર્મગતિ ગહન છે-૧૭

कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।
स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥

કર્માકર્મ જુએ જેઓ અને કર્મ અકર્મમાં
તે ડાહ્યો છે મનુષ્યોમાં, યોગી ને સૌ કર્મ કર્તા-૧૮

यस्य सर्वे समारंभाः कामसंकल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पंडितं बुधाः ॥

જેના સર્વે સમારંભો, કામ સંકલ્પ વિણ છે
જ્ઞાનાગ્નિથી બળ્યા કર્મો ડાહ્યા તેને જ્ઞાનિ કહે-૧૯

त्यक्त्वा कर्मफलासंगं नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित्करोति सः ॥

કમફળ તજી સગ, જે સંતુષ્ટ નિરાશ્રયી,
મચ્યો રહે કર્મ માંહી, તે કાંઈ કરતો નથી ૨૦

निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ।
शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥

નિરાશી જે ચિત્ત આત્મા, સર્વ પરિગ્રહ તજી,
દેહી કર્મ કરે માત્ર, પામતો પાપ તે નથી-૨૧

यदृच्छालाभसंतुष्टो द्वंद्वातीतो विमत्सरः ।
समः सिद्धावसिद्धौ च कृत्वाऽपि न निबध्यते

લાભે તૃપ્ત અનાયાસે, અદ્વંદ્વી ને વિમત્સર,
સમાન સિદ્ધિ અસિદ્ધિ, કરે પણ બંધાય ન-૨૨

गतसंगस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ।
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ॥

સંગ ગયેલ મુક્ત તે, જ્ઞાને જેનું સ્થાપ્યું મન,
યજ્ઞ માટે કરે કર્મો, પામે સર્વ કર્મ ક્ષય–૨૩

ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गंतव्यं ब्रह्मकर्मसमाधिना ॥

બ્રહ્માર્પણ બ્રહ્માગ્નિમાં હોમેલું હવી બ્રહ્મ છે,
બ્રહ્મને તે વડે પામે, બ્રહ્મકર્મ સમાધિયે–૨૪

दैवमेवापरे यज्ञं योगिनः पर्युपासते ।
ब्रह्माग्नावपरे यज्ञं यज्ञेनैवोपजुह्वति ॥

દેવ યજ્ઞ બીજા કોઈ, એમ ઉપાસે યોગીઓ,
બ્રહ્મરૂપ ગણ્યો અગ્નિ, હોમે યજ્ઞે તે યજ્ઞ કો–૨૫

श्रोत्रादीनीद्रियाण्यन्ये संयमाग्निषु जुह्वति।
शब्दादीन्विषयानन्य इन्द्रियाग्निषु जुह्वति॥

કો શ્રોત્રાદિ ઇંદ્રિયોને, હોમે સંયમ અગ્નિમાં,
શબ્દના વિષયો બીજા, હોમે ઇંદ્રિય અગ્નિમાં-૨૬

सर्वाणीद्रियकर्माणि प्राणकर्माणि चापरे ।
आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥

સૌ ઇંદ્રિય કર્મો હોમે, પ્રાણ કર્મો બીજા વળી,
આત્મ સંયમ યોગનો, જ્ઞાન દીપ્ય અગ્નિ મહી-૨૭

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथाऽपरे ।
स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः ॥

દ્રવ્યયજ્ઞ તપોયજ્ઞ, તેમ બીજા યોગ યજ્ઞ,
કરે સ્વાધ્યાય જ્ઞાન યજ્ઞ, યોગીઓ દૃઢ વૃત્તિજ-૨૮

अपाने जुह्वति प्राणं प्राणेऽपानं तथापरे ।
प्राणापानगती रुद्ध्वा प्राणायामपरायणाः ॥

પ્રાણ હોમે અપાને ને, તેમ પ્રાણે અપાન કો,
પ્રાણાપાન ગતિ રૂંધી, પ્રાણાયામ પરાયણો-૨૯

अपरे नियताहाराः प्राणान्प्राणेषु जुह्वति ।
सर्वेऽप्येते यज्ञविदो यज्ञक्षपितकल्मषाः ॥

બીજા કોઈ મિતાહારી, હોમે પ્રાણો પ્રાણમાં
એ બધા યે યજ્ઞ જ્ઞાતા, યજ્ઞે ટાળે પાપના-૩૦

यज्ञशिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातनम् ।
नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम ॥

યજ્ઞ શેષામૃત ખાતા, બ્રહ્મ સનાતન પામતા,
અયજ્ઞનો ન આ લોક, તો પછી પાર્થ! અન્ય ક્યાં?૩૧

एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।
कर्मजान्विद्धि तान्सर्वानेवं ज्ञात्वा विमोक्ष्यसे ॥

બહુ વિધિ યજ્ઞો એમ, વિસ્તારે સૌ વદે મુખે,
જાણ તે સૌ થતા કર્મે, જાણી મોક્ષ મળે સુખે-૩૨

श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परंतप ।
सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥

દ્રવ્યમય યજ્ઞથી છે, શ્રેષ્ટ પાર્થ જ્ઞાનયજ્ઞ,
સંપૂર્ણ સૌ કર્મ પાર્થ, જ્ઞાને પુરા સમાપ્તજ-૩૩

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥

જાણ તેને પ્રણિપાતો, સેવો ફરી પ્રશ્નો કરી,
કરી જ્ઞાન ઉપદેશ, જ્ઞાનીઓ ને તત્વદર્શી-૩૪

यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पाण्डव ।
येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ॥

સર્વ જાણી ફરી મોહ, પાર્થ તુ ન પામતો
એ વડે સર્વ ભૂતો છે, તુમાં, હુંમાં, નિહાળતો-૩૫

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥

પણ જો તુ સર્વ પાપે, પાતકી અતીશ જો,
સર્વસ્વ જ્ઞાન નૌકાથી, તરે તુ દુઃખ સિંધુ તો-૩૬

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥

દીપ્ત અગ્નિ કરે ભસ્મ, જેમ અર્જુન કાષ્ઠને,
જ્ઞાનરૂપી અગ્નિ તેમ, ભસ્મ કરે સૌ કર્મને-૩૭

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विंदति ॥

જ્ઞાન સમુ નહિ કોઇ, જણાયુ પવિત્ર અહીં,
તે પોતે યોગ સિદ્ધ, આત્મા મેળવે કોઇ દી-૩૮

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेंद्रियः ।
ज्ञानं लब्ध्वा परां शांतिमचिरेणाधिगच्छति ॥

મેળવે જ્ઞાન શ્રધાળુ, ને તેમા મન સયમી,
મેળવી જ્ઞાન શાન્તિને, પામે પરમ જલદી-૩૯

अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः

અશ્ર'ધાળુ અજ્ઞાની ને, સશયી પામેજ નષ્ટ,
ન આ લોકે ન બીજા એ, સશયાત્માને સુખજ-૪૦

योगसन्यस्तकर्माणं ज्ञानसंछिन्नसंशयम् ।
आत्मवंतं न कर्माणि निबध्नंति धनंजय ॥

યોગથી કર્મ સન્યાસી, જ્ઞાને ગયા સૌ સંશયો
ન બાંધે કર્મ અર્જુન ! એવા આત્મવાનને તો-૪૧

तस्मादज्ञानसंभूतं हृत्स्थं ज्ञानासिनात्मनः ।
छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ॥

અજ્ઞાનથી થતા તેથી, સંશય નીજ હૃદે,
જ્ઞાન ખડ્ગ વડે કાપી, પાર્થ તું ઉઠ યોગ ભજે ૪૨

અધ્યાય ચોથો સમાપ્ત

— o —

अध्याय पांचमो.

—o—

કર્મસન્યાસયોગ

अर्जुन उवाच ।

सन्यासं कर्मणां कृष्ण पुनर्योगं च शंससि ।
यच्छ्रेय एतयोरेकं तन्मे ब्रूहि सुनिश्चितम् ॥

કર્મ સન્યાસ હે કૃષ્ણ! યોગ ફરી વદો અને,
એમાંથી શ્રેય જે છે તે, નિશ્ચે કરી કહો મને-૧

श्री कृष्ण उवाच ।

संन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ।
तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते ॥

સન્યાસ ને કર્મયોગ, શ્રેયકારક છે બન્ને,
તેમાં યે કર્મયોગ તો, કર્મ સન્યાસથી ચઢે-૨

ज्ञेयः स नित्यसंन्यासी यो न द्वेष्टि न काङ्क्षति ।
निर्द्वन्द्वो हि महाबाहो सुखं बंधात्प्रमुच्यते ॥

જ્ઞાતા તે નિત્ય સન્યાસી, દ્વેષી અને લોભી નથી,
નિર્દ્વન્દ્વી જે મહાબાહો, સુખે જાય બંધથી છૂટી–૩

सांख्ययोगौ पृथग्बालाः प्रवदन्ति न पंडिताः ।
एकमप्यास्थितः सम्यगुभयोर्विंदते फलम् ॥

જુદા સાંખ્ય અને યોગ, કહે બાળ, ન પંડિતો,
એકે રહેલ સુ રીતે, તે લહે બેઉના ફળો–૪

यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते ।
एक सांख्यं च योगं च यः पश्यति स पश्यति ॥

સાંખ્ય વડે મળે સ્થાન, તેજ મળે છે યોગથી,
એક સાંખ્ય અને યોગ, જુએ જે, તે દીર્ઘદૃષ્ટી–૫

संन्यासस्तु महाबाहो दुःखमाप्तुमयोगतः ।
योगयुक्तो मुनिर्ब्रह्म न चिरेणाधिगच्छति ॥

સન્યાસ તો મહાબાહો, અયોગી હેનાર દુઃખ,
યોગ યુક્ત મુનિ પામે, બ્રહ્મ તે વિલંબ વિણ-૬

योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेंद्रियः
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥

વિશુદ્ધ મનનો યોગી મન બુદ્ધિ જેણે જીત્યાં,
સૌ ભૂતે જે જુએ આત્મા લેપાય ન કર્તા છતાં-૭

नैव किंचित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यञ्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन्

એમ હું ન કરું કંઈ, ઠીક તત્વજ્ઞ માનતો,
જોય, સુણે, અડે, સૂંઘે, હીંડે, ઉંઘે ખાતો જતો,-૮

प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इंद्रियाणींद्रियार्थेषु वर्तंत इति धारयन् ॥

વદે છોડે, ગ્રહે શ્વાસ, આંખ ખોલે ને મીંચતો,
ઇંદ્રિયો ઇંદ્રિનાં અર્થ, વર્તે છે એમ ધારતો-૯

ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा करोति यः
लिप्यते न स पापेन पद्मपत्रमिवांभसा ॥

બ્રહ્માર્પણ કરી કર્મો, સંગ છોડીને જે કરે,
કમળ પત્રની જેમ, લેપાતો ન પાપ પુણ્યે-૧૦

कायेन मनसा बुद्ध्या केवलैरिंद्रियैरपि ।
योगिनः कर्म कुर्वन्ति संगं त्यक्त्वाऽऽत्मशुद्धये

કાયા મન બુદ્ધિવડે, જે માત્ર જ ઇંદ્રિ વડે,
આત્મ શુદ્ધિ અર્થે યોગી, કર્મ સંગ છોડી કરે-૧૧

युक्तः कर्मफलं त्यक्त्वा शान्तिमाप्नोति नैष्ठिकीम्
अयुक्तः कामकारेण फले सक्तो निबद्ध्यते ॥

કર્મફળ તજી યુક્ત પામે નૈષ્ઠિક શાન્તિને
અયુક્ત કામ ઇચ્છાથી, ફળાસક્ત બંધાય છે—૧૨

सर्वकर्माणि मनसा संन्यस्यास्ते सुखं वशी ।
नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन् ॥

મનથી સૌ કર્મો ત્યજી વશકર્તા સુખે રહે,
નવદ્વારી પુરે દેહી, ન કરાવે કરે ન તે—૧૩

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥

કરનારા અને કર્મ, લોકના સર્જે પ્રભુ,
કર્મફળ સંયોગ ને, સ્વભાવે વર્તે બધું—૧૪

नादत्ते कस्यचित्पापं न चैव सुकृतं विभुः ।
अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यंति जंतवः ॥

કોઈનું ન કરે પાપ, તેમ ન સુકૃત જે,
અજ્ઞાને જ્ઞાન ઢાંકેલ, મોહ તેમાં જીવ ઓર-૧૫

ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ।
तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥

અજ્ઞાન જ્ઞાન વડે તો, નાશ પામેલું જેઓનું,
તેનું સત્ય સમું જ્ઞાન, તે પણ પ્રકાશી રહ્યું-૧૬

तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।
गच्छन्त्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥

તે છે બુદ્ધિ અને આત્મા, તેનું શરણ, નિષ્ઠા જ તે,
અમરપણું પામે તે, પાપ મુક્ત જ્ઞાનથી જે-૧૭

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः ॥

વિદ્યા વિનયવાળા જે, વિપ્ર ગાય ને હાથીમા,
ચાડાલ કુતરા માહે સમાન જોતા પડિતો–૧૮

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।
निर्दोष हि समं ब्रह्म तस्माद् ब्रह्मणि ते स्थिताः

જગ જીત્યો અહીં તેથી, મન જેનુ સમ રહ્યુ,
નિર્દોષ સમુ છે બ્રહ્મ, બ્રહ્મ નિષ્ટ તેથી કહ્યુ–૧૯

न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।
स्थिरबुद्धिरसंमूढो ब्रह्मविद् ब्रह्मणि स्थितः ॥

પ્રિય પામ્યે નહિ રાજી, અપ્રિય પામ્યે દુ ખ ના,
સ્થિર બુદ્ધિ ન મોહેલા, બ્રહ્મજ્ઞ બ્રહ્મનિષ્ટમા-૨૦

बाह्यस्पर्शेष्वसक्तात्मा विदत्यात्मनि यत्सुखम् ।
स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षय्यमश्नुते ॥

બ્રહ્મ સ્પર્શે અમોહેલા, જાણે છે આત્મ સુખને
બ્રહ્મ યોગીજ આત્મા તે, પામે અક્ષર સુખને-૨૧

ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।
आद्यंतवंतः कौंतेय न तेषु रमते बुधः ॥

જે જે સ્પર્શે થના ભોગો દુઃખ મૂળ તેઓ જ છે,
આદિ ને અંતવાળામાં, પાર્થ જ્ઞાનિયો ન રમે-૨૨

शक्नोतीहैव यः सोढुं प्राक्शरीरविमोक्षणात् ।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥

સહી શકેજ આ લોકે, દેહ છૂટ્યા અગાઉ જે
કામ ક્રોધે થતા વેગો, યુક્ત સુખ વાળો જ તે-૨૩

योऽतःसुखोऽतरारामस्तथांतज्योतिरेव यः ।
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥

જેના અતર આત્મામા, સુખ આરામ તેજ છે,
તે યોગી બ્રહ્મ નિર્વાણ, બ્રહ્મ થઇ પામે જ છે–૨૪

लभन्ते ब्रह्मनिर्वाणमृषय क्षीणकल्मषाः ।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥

પામે છે બ્રહ્મ નિર્વાણ ઋષિયો પાપ પાવના,
અશકાશીલ ચિદાત્મા ને હિતેચ્છુ સો ભૂતના-૨૫

कामक्रोधवियुक्ताना यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्मनिर्वाण वर्तते विदितात्मनाम् ॥

કામ ક્રોધે છુટેલા ને, વશ ચિત્તાળા યતીની,
નજીક બ્રહ્મ નિર્વાણ, આત્મવેત્તાની છે ગતિ-૨૬

स्पर्शान्कृत्वा बहिर्बाह्याश्चक्षुश्चैवान्तरे भ्रुवोः ।
प्राणापानौ समौ कृत्वा नासाभ्यन्तचारिणौ ॥

બા સ્પર્શો કરી દૂર, દૃષ્ટી ભ્રમા મધ્યે કરી,
પ્રાણાપાન રહેલા જે નાકમા, તે સમ કરી-૨૭

यतेन्द्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ।
विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः ॥

મન બુદ્ધિ જીતેંદ્રિય, મોક્ષ પરાયણ મુનિ
ભયેચ્છા ક્રોધ ગયા જેના, તે છે મુક્ત સદા મુની-૨૮

भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्वभूताना ज्ञात्वा मा शान्तिमृच्छति ॥

તપ ને યજ્ઞના ભોક્તા, ઈશ્વર તે સૌ લોકના,
સુમિત્ર સર્વ ભુતોના શાન્તિ પામે જે જાણતા ૨૯

અધ્યાય પાચમો સમાપ્ત

अध्याय छट्ठो.

—— ० ——

આત્મસંયમયોગ

श्री कृष्ण उवाच ।

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥

કર્મ ફળ વિના ઇચ્છા, કાર્ય કર્મ જે જે કરે,
તે સન્યાસી અને યોગી, અગ્નિ ક્રિયા વિના ન તે-૧

यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पाण्डव ।
न ह्यसन्यस्तसंकल्पो योगी भवति कश्चन ॥

સન્યાસ એમ કહેલો, જાણ અર્જુન યોગ તે,
સંકલ્પો ન તજ્યા જેણે, નહિ કોઈ યોગી બને-૨

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥

ચહેવો યોગમા મુનિ, કર્મ કારણ કહેલ છે,
તે યોગારૂઢનુ શમ, કારણ કહેવાય છે-૩

यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्जते ।
सर्वसंकल्पसंन्यासी योगारूढस्तदोच्यते ॥

ન જ્યારે ઇંદ્રિયાર્થેજ, કે જોડાય કર્મે નહિ
સર્વ સંકલ્પ સંન્યાસી, કહેવાય છે યોગારૂઢી-૪

उद्धरेदात्मनाऽऽत्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥

તારો મન વડે આત્મા, ડુબાડવો આત્મા નહિ,
બંધુ છે મન આત્માનો, આત્માજ આત્માનો અરી ૫

बन्धुरात्माऽऽत्मनस्तस्य येनात्मैवात्मना जितः
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥

બંધુ પોતેજ પોતાનો, જેણે પોતે જીત્યું મન,
અજીત મનનો યોગે, વર્તે છે તે શત્રુ સમ-૬

जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहितः।
शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः ॥

શાન્ત જીતેલ મન તો, સ્વસ્વરૂપે સ્થિર જ છે,
ટાઢ તાપે સુખ દુઃખે માન અપમાને જ તે-૭

ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेन्द्रियः।
युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकाञ्चनः ॥

તૃપ્ત જે જ્ઞાન વિજ્ઞાને અવિકારી જીતેંદ્રિય,
યુક્ત યોગી કહે તે જે, માટી, પાણે, સોને સમ-૮

सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥

શત્રુ મિત્ર ઉદાસીન, મધ્યસ્થ દ્વેષી બંધુમાં,
સાધુને પાપમાં પણ, શ્રેષ્ઠ છે સમબુદ્ધિમાં-૯

योगी युञ्जीत सततमात्मानं रहसि स्थितः ।
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः ॥

યોગી જોડે નિત્ય આત્મા, એકાંત માંહે બેસીને,
એકલો મન જીતેલો, નિરાશીને સંતોષી તે-૧૦

शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।
नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ॥

પવિત્ર સ્થળમાં સ્થાપી, સ્થિર આસન નિજનું,
ન ઉંચું કે અતિ નીચું, દર્ભ ચર્મ કે વસ્ત્રનું-૧૧

तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेन्द्रियक्रियः ।
उपविश्यासने युंज्याद्योगमात्मविशुद्धये ॥

ત્યાં એકાગ્ર કરી ચિત્ત, રોકી મન ઇંદ્રિ ક્રિયા,
યોગ આત્મ શુદ્ધિ માટે, બેસી આસને સાધવા-૧૨

समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः ।
संप्रेक्ष्य नासिकाग्रं स्वं दिशश्चानवलोकयन् ॥

ડોક માથું સમાં કાયા, સ્થિર અચળ રાખીને,
નાસિકાગ્રે કરી દૃષ્ટી, અને જોતો ન કો દિશે-૧૩

प्रशान्तात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः।
मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः॥

નિડર શાન્ત ચિત્તાળો, રહે બ્રહ્મચર્ય વ્રતે,
વશમની હું ચિત્તાળો, રહે હું યુક્ત શરણે-૧૪

युञ्जन्नेवं सदाऽऽत्मानं योगी नियतमानसः ।
शान्तिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥

આત્મ જોડે સદા એમ, યોગી જે મન નિયમી,
પામે તે શાન્તિ નિર્વાણ, પરમ્ રહેલ હું મહીં-૧૫

नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः।
न चातिस्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ॥

ખાઘરાને નથી યોગ, અલ્પાહારીને ન વળી,
અતિ જાગે ઉંઘે તેને, પાર્થ યોગ થતો નથી-૧૬

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥

યોગ્ય આહારી વિહારી, કરનારા યુક્ત કર્મ,
યોગ્ય જાગે ઉંઘે તેને, યોગ થાયે દુઃખહર્ણ-૧૭

यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते ।
निःस्पृहः सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा ॥

નિયમિત ચિત્ત જ્યારે, લાગ્યુ જ આત્મામા રહે,
સૌ કામનાથી નિસ્પૃહ, ત્યારે યુક્ત કે'વાય તે–૧૮

यथा दीपो निवातस्थो नेङ्गते सोपमा स्मृता।
योगिनो यतचितस्य युञ्जतो योगमात्मनः ॥

જેમ દીવો વિના વાયુ, રહેલો હલતો નથી,
યોગી ધ્યાની ચિદાત્માના, યોગની ઉપમા કહી–૧૯

यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया ।
यत्र चैवात्मनाऽऽत्मानं पश्यन्नात्मनि तुष्यति॥

પામે વિરામ જ્યા ચિત્ત, રોકેલુ યોગ સેવવા,
ને એમ મનથી આત્મા, જોઇ સતોષે આત્મામા-૨૦

सुखमात्यन्तिकं यत्तद्बुद्धिग्राह्यमतीन्द्रियम् ।
वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वतः ॥

અત્યંત સુખ લેવાયે, બુધ્ધિથી ન ઇદ્રિથી તે,
જાણે છે જ્યાં રહેલોજ, તત્ત્વે કરી તે ન ચળે ૨૧

यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते ॥

લાભ જે મેળવી બીજો, ન માનેજ તેથી વડો,
રહેલો જે મહીં તે ન, ચળે મહા દુખે જ તો-૨૨

तं विद्यादुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।
स निश्चयेन योक्तव्यो योगोनिर्विण्णचेतसा ॥

દુખ સંયોગ વિયોગ, 'યોગ" નામી જાણવું તે,
તે નિશ્ચય વડે સાધો, અખેદ ચિત્તે યોગ જે-૨૩

सकल्पप्रभवान्कामास्त्यक्त्वा सर्वानशेषतः ।
मनसैवेन्द्रियग्राम विनियम्य समन्ततः ॥

સકલ્પેથી થતી ઇચ્છા, સપૂર્ણ સર્વ છોડીને,
ઇદ્રિ એમ નથી રોકી, સૌ વિષયોમાથી અને–૨૪

शनैःशनैरुपरमेद्बुद्ध्यां धृतिगृहीतया ।
आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिन्तयेत्

વૈરાગનુ ધીરે ધીરે, ધૈય રાખી બુદ્ધિ વડે,
આત્મામા મન રાખીને, વિચારવુ ન કાઇ યે–૨૫

यतो यतो निश्चरति मनश्चञ्चलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वश नयेत् ॥

ચચળ અસ્થિર મન, જ્યા જ્યાથી તે જતુ રહે,
ત્યા ત્યાથી વાળીને વશ, આત્મામા કરવુ જ તે–૨૬

प्रशान्तमनसं ह्येनं योगिनं सुखमुत्तमम् ।
उपैति शान्तरजसं ब्रह्मभूतमकल्मषम् ॥

યોગી શાન્ત મનનાને, શ્રેષ્ઠ સુખ આવી મળે,
રજોગુણ ગયેલાને, બ્રહ્મભૂત અપાપીને-૨૭

युञ्जन्नेवं सदात्मानं योगी विगतकल्मषः ।
सुखेन ब्रह्मसंस्पर्शमत्यन्तं सुखमश्नुते ॥

એમ જોડે સદા આત્મા, જે અપાપી યોગીજ તે,
સુખ પામે અતિ સુખે, બ્રહ્માનદમા રહ્યુ તે ૨૮

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥

સૌ ભૂતોમા રહ્યો આત્મા, ને સૌ ભૂતો આત્મા મહીં,
યોગથી મુક્ત જુએ જે સમદર્શી અહી તહીં-૨૯

योमां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥

જે સર્વત્ર મને દેખે, ને સૌને મુજમા જુએ,
નાશ કદી ન હુ તેનો, ને તે હણે નહિ મને-૩૦

सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ।
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते ॥

સર્વ ભૂતે રહેલો હુ, જે એકત્વે મને ભજે,
રમે ત્યા વર્તતા તોયે, વર્તે મુજમા યોગી તે-૩૧

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥

સર્વ ઉપમાથી સર્વત્ર, પાર્થ ! સમાન જોય જે,
સુખ કે અથવા દુખ, માન્યો પરમ યોગી મે-૩૨

॥ अर्जुन उवाच ॥

योऽयं योगस्त्वया प्रोक्तः साम्येन मधुसूदन।
एतस्याहं न पश्यामि चञ्चलत्वात्स्थितिं स्थिराम्

કહ્યો જે આત્મયોગ, સમતાળો શ્રીકૃષ્ણ તે,
સ્થિર સ્થિતિ નથી જોતો તેની હું ચંચળ હૃે-૩૩

चञ्चलं हि मनः कृष्ण प्रमाथि बलवद्दृढम्।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम्॥

મન ચંચળ છે કૃષ્ણ, ઉદ્વેગી ને દૃઢ બળી,
તેનું હું રોકવું માનું, વાયુ પેઠે સુદૃષ્કર-૩૪

॥ श्री कृष्ण उवाच ॥

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम्।
अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते॥

બેશક હે મહાબાહો, મન ચલ અવશને,
તો અભ્યાસ વડે પાર્થ, ને વૈરાગે ઝલાય છે ૩૫

असंयतात्मना योगो दुष्प्राप इति मे मतिः।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः॥

યોગ અવશ આત્માને, અપ્રાપ્ય છે મારે મને,
વશ મન કર્તા મને, ઉપાયે મેળવી શકે-૩૬

॥ अर्जुन उवाच ॥

अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः।
अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण गच्छति॥

શ્રદ્ધાળુ યત્ન ન કર્તા, યોગે ચલિત મનનો,
ન પામી યોગ સસિદ્ધિ, કૃષ્ણ' તે કો ગતિ જતો ૩૭

कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति।
अप्रतिष्ठो महाबाहो विमूढो ब्रह्मणः पथि॥

શું કોઈ બેઉ ઠેકાણે, વણસે વાદળા સમો,
અજાણ હે મહાબાહો, અજ્ઞાન પથી બ્રહ્મનો-૩૮

एतन्मे संशयं कृष्ण छेत्तुमर्हस्यशेषतः ।
त्वदन्यः संशयस्यास्य छेत्ता न ह्युपपद्यते ॥

હે કૃષ્ણ આ શંકા મારી, પૂર્ણ કાઢવા યોગ તું,
આ શંકાને તુથી બીજો, કોઇએ ટાળી ન શકતું–૩૯

॥ श्री कृष्ण उवाच ॥

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
न हि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥

અહી વા ત્યા નથી પાર્થ, નાશ તેનો જાણ્યો કદી,
ન કો કલ્યાણ કર્તા યે, તાત પામે જ દુર્ગતિ–૪૦

प्राप्य पुण्यकृतांल्लोकानुषित्वा शाश्वतीः समाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥

પુણ્યાળુ લોક પામીને, બૌ સમય ત્યા વસીને,
શ્રીમતને ઘરે શુદ્ધ, યોગભ્રષ્ટ જન્મે જ તે–૪૧

अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥

કે બુદ્ધિમાન યોગીના, કૂળમા જન્મ જાય છે,
મળવા જન્મ આવા તો, અહીં બહુ દુર્લભ છે-૪૨

तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनंदन ॥

ત્યા તેને બુધ્ધિ સયોગ, પૂર્વ જન્મ કર્મો મળે,
ને પ્રયાસે ફરી પાછો, પાર્થ સિધ્ધિ માટે કરે-૪૩

पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥

પૂર્વાભ્યાસ વડે તેથી, તે પરાણે દોરાય છે,
યોગ જીજ્ઞાસુ છતાયે, ઓળગે શબ્દ બ્રહ્મ તે-૪૪

प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥

મે'નતુ ખતિયો યોગી પાપથી પાવન બની,
અનેક જન્મ સુધારી, પામતો તે પરમગતિ-૪૫

तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि
मतोऽधिकः ।
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ॥

તપસ્વિથી વધુ યોગી, ગણાય વધુ જ્ઞાનીથી,
ને કર્મે અધિક યોગી, રહે પાર્થ તે યોગી થૈ ૪૬

योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।
श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मतः ॥

યોગીઓ સર્વમા પૈકી, અતરાત્મા માની મને,
શ્રદ્ધાવાળો ભજે થૈ જો, તે માન્યો શ્રેષ્ઠ યોગી મે-૪૭

અધ્યાય છઠ્ઠો સમાપ્ત

अध्याय सातमो.

જ્ઞાનવિજ્ઞાનયોગ

॥ श्रीकृष्ण उवाच ॥

मय्यासक्तमनाःपार्थ योगं युञ्जन्मदाश्रयः ।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु ॥

પાર્થ હુમા અનાસક્ત, યોગ સાધે હુઆશ્રયી,
નિશ્ચ સમગ્ર જે રીતે, મને જાણે, તે લે સુણી-૧

ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते ॥

હું આ જ્ઞાન સવિજ્ઞાને, કહીશ સંપૂર્ણ તુને,
ફરી અહીં ન તે જાણી, જાણવાનુ બાકી રહે-૨

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः॥

મનુષ્યોમાં હજારોમે, સિદ્ધિ માટે કોઇ મથે,
સિદ્ધ ઉદ્યોગી પૈકી કો, તત્વથી જાણે છે મને–૩

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥

પૃથ્વિ પાણી અગ્નિ વાયુ, આકાશ મન બુદ્ધિ યે,
ને અહંકાર સૌ મારી, આઠ પ્રકૃતિ ભિન્ન છે ૪

अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ।
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ॥

બીજી આ તેથી યે મારી, પ્રકૃતિ મોટી જાણ તુ,
જીવરૂપે થઇ પાર્થ, જેણે આ જગ ધારિયું–૫

एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय ।
अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ॥

આ બે કારણ સૌ ભૂતો, જન્મે છે એમ જાણજે,
હુ છુ જગત આખાનો, જન્મદાતા ને કાળ યે-૬

मत्तः परतरं नान्यत्किंचिदस्ति धनंजय ।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥

મારાથી નથી કોઇ યે, વધુ અર્જુન આગળો,
હુમા સર્વ પરોવાયુ, માળાએ જેમ મણકો-૭

रसोऽहमप्सु कौन्तेय प्रभास्मि शशिसूर्ययोः ।
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ॥

જળે રસ હુ પાર્થ છું, સૂર્ય ચદ્રે પ્રકાશ હુ,
વેદે ૐ શબ્દ આકાશે, નરોમા પુરષત્વ હુ-૮

पुण्यो गन्धः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ
जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु ॥

પૃથ્વિમા પવિત્ર ગધ, અને અગ્નિ તેજ હુ,
સૌ ભૂતોમા જીવન હુ છુ તપસ્વિનુ તપ હુ-૯

बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम् ।
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम् ॥

સૌ ભૂતોનુ સનાતન બીજ પાર્થ જાણ મને,
બુદ્ધિ હુ બુદ્ધિમાનોની, તેજસ્વિનુ તેજ હુ યે-૧૦

बलं बलवतां चाहं कामरागविवर्जितम् ।
धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ॥

કાળ રાગ રહિત છુ, બળ બળવાનનુ હુ,
કામ ધર્મ અવિરુદ્ધ ભૂતોમા હે પાર્થ હુ છુ-૧૧

ये चैव सात्विका भावा राजसास्तामसाश्च ये।
मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि॥

એમ સાત્વિક ભાવો જે, રાજસી ને તામસી,
જાણ મારા થકી તે છે, ને તેમાં હું હું મા જ તે-૧૨

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत्।
मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम्॥

તે ત્રણ ગુણી ભાવેથી, મોહ્યું સર્વ જગત આ,
સુરીતે ન મને જાણે, મન અવ્યય સઉના-૧૩

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते॥

માયા દૈવી ગુણોવાળી, આ મારી છે દુ ખતરી,
જે મારે શરણે આવે, તે માયા જાય છે તરી-૧૪

न मां दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः ।
माययापहृतज्ञाना आसुर भावमाश्रिताः ॥

ન મારે શરણે આવે, મૂઢ ને અધમ નરો,
માયા વડે હતા જ્ઞાની, ને આસુરી ભાવિક કો–૧૫

चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन ।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥

ભજે મને ચતુર્જાતિ, ને પાર્થ ! સુકૃતિ જન,
દુખી જિજ્ઞાસુ ને ગર્જી, ને જ્ઞાની ભરતર્ષભ–૧૬

तेषा ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः॥

તેમા જ્ઞાની નિત્ય યુક્ત, અનન્ય ભક્ત છે વધુ,
જ્ઞાનીનો હુ અતિ પ્યારો, ને મને તે પ્રિય બહુ–૧૭

उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।
आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम्

અને ઉદાર છે સર્વે, જ્ઞાની તો મુજ આત્મયિ,
ને રહેલો જતે યોગી, શ્રેષ્ઠ મુજ ગતિ ભણી-૧૮

बहूनां जन्मनामन्ते ज्ञानवान् मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥

ઘણા જન્મ પછી અંતે, જ્ઞાનવાન પામે મને,
સૌ વાસુદેવ એ જાણે, મહાત્મા વિરલા જ તે-૧૯

कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यन्तेऽन्यदेवताः ।
तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया॥

તે તે કામે નષ્ટ જ્ઞાની, લે શર્ણું અન્ય દેવનું,
તે તે નિયમ પાળીને, સ્વેચ્છાએ દોરાઈ ચૌ-૨૦

यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥

જે જે ભક્ત જેનુ જેનુ, રૂપ અર્ચે શ્રદ્ધા વડે,
તેમની તે રૂપે શ્રદ્ધા, કરું અચળ તેની હે–૨૧

स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।
लभते च ततः कामान्मयैव विहितान् हि तान्

તે તે શ્રદ્ધા વડે રંગી, તેનુ આરાધન કરે,
મેળવે કામના તેથી, મે જ પ્રેરેલી તેમને–૨૨

अन्तवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ।
देवान् देवयजो यान्ति मद्भक्ता यान्ति मामपि

અંતવાળુ થાય છે ફળ, તે મંદ બુદ્ધિનુ જ તો,
દેવ પુજ્યે મળે દેવ, મારા મને મળે ભક્તો–૨૩

अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः ।
परं भावमजानन्तो ममाव्ययमनुत्तमम् ॥

અબુધો વ્યક્તિ પામેલો, માને મને અવ્યક્તને,
ન મારો ભાવ જાણીને, અવ્યય અનુત્તમ તે-૨૪

नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।
मूढोऽयं नाभिजानाति लोको मामजमव्ययम्

ઢંકાયો યોગ માયાથી, હું ન જણાઉં સર્વને,
મૂઢ લોકો ન જાણે આ, અજન્મા અવ્યય મને-૨૫

वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ।
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ॥

જાણું છું હું ગયેલાને, હયાત જે અર્જુન છે,
ને થનારાં સર્વ ભૂતો, ન જાણે તે કોઈ મને-૨૬

इच्छाद्वेषसमुत्थेन द्वन्द्वमोहेन भारत ।
सर्वभूतानि संमोहं सर्गे यान्ति परंतप ॥

ઉપજેલા ઇચ્છા દ્વેષે, ને પાર્થ દ્વંદ્વ મોહથી,
જન્મ વેળા ભૂતો સર્વ, ઘેરાય પાર્થ મોહથી–૨૭

येषां त्वन्तगतं पापं जनानां पुण्यकर्मणाम् ।
ते द्वन्द्वमोहनिर्मुक्ता भजन्ते मां दृढव्रताः ॥

જેના પાપો અંત પામ્યા, જન જે પૂણ્ય સત્કૃતિ,
નિર્મુક્ત દ્વંદ્વ મોહેથી, ભજે દૃઢમતી મને–૨૮

जरामरणमोक्षाय मामाश्रित्य यतन्ति ये ।
ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम्

જરા મૃત્યુ મુક્તિ માટે, મુજ આશ્રયી જે મથે,
તે જાણે છે બધુ બ્રહ્મ, અધ્યાત્મને ને કર્મને–૨૯

साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः ।
प्रयाणकालेऽपि च मां ते विदुर्युक्तचेतसः ॥

અધિભૂતો અધિદૈવે, અધિયજ્ઞ માને મને,
મરણ કાળે મને જેઓ, યુકત ચિત્તાળા જાણે તે-૩૦

અધ્યાય સાતમો સમાપ્ત

अध्याय आठमो.

અક્ષરબ્રહ્મયોગ

॥ अर्जुन उवाच ॥

किं तद्ब्रह्म किमध्यात्मं किं कर्म पुरुषोत्तम ।
अधिभूतं च किं प्रोक्तमधिदैवं किमुच्यते ॥

શું તે બ્રહ્મ? શું અધ્યાત્મ? હે માધવ! ને કર્મ શું?
અધિભૂત કહેવું શું? અધિદૈવ કોને કહે?-૧

अधियज्ञः कथं कोऽत्र देहेऽस्मिन्मधुसूदन ।
प्रयाणकाले च कथं ज्ञेयोऽसि नियतात्मभिः ॥

અહીં કોણ અધિયજ્ઞ, કેમ દેહે શ્રીકૃષ્ણ છે?
જાણવા શો મૃત્યુકાળે, જોઇએ આત્મ જ્ઞાનીને-૨

॥ श्री कृष्ण उवाच ॥

अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ।
भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः ॥

પર અક્ષર બ્રહ્મને સ્વભાવ અધ્યાત્મ કહે,
ભૂત ભાવો જન્મદાતા, વિસર્ગ કર્મ નામી તે–૩

अधिभूतं क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ।
अधियज्ञोऽहमेवात्र देहे देहभृतां वर ॥

નિત્ય ભાવ અધિભૂત, પુરુષ અધિદૈવને,
અધિયજ્ઞ અહીં હું જ, શ્રેષ્ઠ દેહીના દેહમાં–૪

अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
य मयाति स मद्भावं याति नास्त्यत्र संशयः॥

અન્તકાળે મને જેઓ, સ્મરતા છોડી દેહને,
જે જાએ, ભાવ તે પામે મારો, તેમા શકા નથી-૫

यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम् ।
तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः ॥

જે જેવો ભાવ રાખીને, તજે અતે શરીરને,
તે તે તેને મળે પાર્થ, સદા સસ્કારી ભાવ તે-૬

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युद्ध्य च ।
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयम् ॥

સર્વ કાળે મને માટે, સ્મરીને યુદ્ધ કર તુ,
મન બુદ્ધિ અર્પી હુમા, નિશ્ચે મને પામીશ તુ-૭

अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन् ॥

યોગાભ્યાસ વડે યુક્ત, ક્યાંએ ન જતા ચિત્તથી,
દિવ્ય પરમ પુરુષ, પામે પાર્થ ચિન્તનથી-૮

कविं पुराणमनुशासितार-
मणोरणीयांसमनुस्मरेद्यः ।
सर्वस्य धातारमचिन्त्यरूप-
मादित्यवर्णं तमसः परस्तात् ॥

સર્વજ્ઞ શાસ્તા પ્રભુ સનાતન,
આધાર સૌનો ને અચિંત્ય રૂપ,
આદિત્યવર્ણી તમથી વિહીન,
અણુ અણુથી રટો એ પ્રભુને ૯

प्रयाणकाले मनसा चलेन ।
भक्त्या युक्तो योगबलेन चैव ॥
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्य-
क्स तं परं पुरुषमुपैति दिव्यम् ॥

પ્રયાણ કાળે અચળ મનેથી,
ભક્તિ વડે ને જ યોગો બળેથી,
ધરે ભ્રુવોમા પ્રાણ જ સુરીતે,
પામે પરમ પુરુષ દિવ્ય તો તે ૧૦

यदक्षरं वेदविदो वदन्ति ।
विशन्ति यद्यतयो वीतरागाः ॥

यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति ।
तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ॥

જેને કહે અક્ષર વેદ વેત્તા,
જેમા પ્રવેશે યતિ રાગભેત્તા,
જેને ઇચ્છતા બ્રહ્મચર્ય પાળે,
કહુ હુ તને પદ ટુકાણમા તે ૧૧

सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुद्ध्य च ।
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम्

વશ રાખી સર્વ દ્વારો, મન હૃદય રોકીને,
રાખીને તાળવે પ્રાણ, નિજ યોગ ધારી અને-૧૨

ओमित्येकाक्षर ब्रह्म व्याहरन् मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन् देहं स याति परमा गतिम्

ૐ એવો એક અક્ષર, બ્રહ્મનો જપ આદરી,
જાય છે તે તજી દેહ, પામે છે પરમ ગતિ-૧૩

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः

અનન્ય ચિત્ર જે નિત્યે, હમેશા જ મારે મને,
તેને હુ સુલભ પાર્થ, જે નિત્ય યુકત યોગી છે-૧૪

मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
नाप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः ।

પુનર્જન્મ દુખી સ્થાન, ને વિનાશી પામી ગે,
તે ન પામે મહાત્મા જે, પામેલા પરમ્ સિધ્ધિને ૧૫

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।
मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ॥

બ્રહ્મલોક સુધી સર્વ, લોક પુનર્જન્મી જ છે,
પણ પામી મને પાર્થ, પુનર્જન્મ જાણ્યો ન છે ૧૬

सहस्रयुगपर्यन्तमहर्यद्ब्रह्मणो विदुः ।
रात्रिं युगसहस्रान्तां तेऽहोरात्रविदो जनाः ॥

સહસ્ત્ર યુગ પર્યન્ત, જાણે જે દીન બ્રહ્મનો,
હજાર યુગ રાત્રિયે, તે રાતદી જ્ઞાતા જનો-૧૭

अव्यक्ताद्व्यक्तयः सर्वाः प्रभवन्त्यहरागमे ।
रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तसंज्ञके ॥

વ્યક્ત ને અવ્યકત થી, સૌ જન્મે છે દીન ઉગતા,
નાશ થાયે થતા રાત્રિ, ત્યાંજ અવ્યકત નામના ૧૮

भूतग्रामः स एवायं भूत्वा भूत्वा प्रलीयते ।
राज्यागमेऽवशः पार्थ प्रभवत्यहरागमे ॥

એ રીતે તે સર્વ ભતો નાશ પામે થૈ થઇને,
થતા રાત્રિ પરાધીન, પાર્થ ! જન્મે દીન ઉગ્યે-૧૯

परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः।
यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ॥

માટે અન્ય પર ભાવ, સનાતન વ્યક્તાવ્યક્તથી,
નાશ થતા સર્વ ભતો, નાશ પામતો તે નથી–૨૦

अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ।
य प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ॥

અક્ષર અવ્યક્ત એવું, કહ્યું તે છે પરમગતિ,
ફરી આવ ન પામી તે, મુજ પરમ ધામે ગતિ–૨૧

पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया।
यस्यान्तःस्थानि भूतानि येन सर्वमिदं ततम् ॥

પુરુષ પર તે પાર્થ, પામે અનન્ય ભક્તિથી,
રહે જેમાં બહુ ભૂતો, વ્યાપેલું સર્વ જે થકી-૨૨

यत्र काले त्वनावृत्तिमावृत्तिं चैव योगिनः।
प्रयाता यान्ति तं कालं वक्ष्यामि भरतर्षभ ॥

ગયેલા યોગીઓ પાછા જન્મે ના, તેમ જન્મ લે,
જે કાળે તે કહું કાલ, સુણ પાર્થ ! બહુ હવે-૨૩

अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम्।
तत्र प्रयाता गच्छन्ति ब्रह्म ब्रह्मविदो जनाः॥

અગ્નિ જ્યોતિ શુકલપક્ષ, છ માસો ઉત્તરાયણે,
પામે બ્રહ્મ જનારા ત્યાં, જાણતા બ્રહ્મ યોગી જે-૨૪

धूमो रात्रिस्तथा कृष्णः षण्मासा दक्षिणायनम्
तत्र चान्द्रमसं ज्योतिर्योगी प्राप्य निवर्तते ॥

ધોર રાત્રિ કૃષ્ણપક્ષ, ૭ માસ દક્ષિણાયને,
પામી ચંદ્ર સમ જ્યોતિ, પાછા જોગી જગે ફરે-૨૫

शुक्लकृष्णे गती ह्येते जगतः शाश्वते मते ।
एकया यात्यनावृत्तिमन्ययाऽऽवर्तते पुनः ॥

ધોળી કાળી ગતિ બે એ, માનેલી જગમા સદા,
મળે એક વડે મોક્ષ, બીજીથી ફરી જન્મતા-૨૬

नैते सृती पार्थ जानन्योगी मुह्यति कश्चन ।
तस्मात्सर्वेषु कालेषु योगयुक्तो भवार्जुन ॥

ને એ બે માર્ગમા પાર્થ ! મોહે છે જાણયોગી કો
તે માટે તુ સઉ કાળે, પાર્થ ! તુ યોગ યુક્ત હો—૨૭

वेदेषु यज्ञेषु तपःसु चैव ।
दानेषु यत्पुण्यफलं प्रदिष्टम् ॥
अत्येति तत्सर्वमिदं विदित्वा ।
योगी परं स्थानमुपैति चाद्यम् ॥

વેદે જ યજ્ઞે જ અને તપે જ,
દાનો મહીં પુણ્ય ફળો કહ્યા જ,
ઉથાપી તે સર્વ આને જ જાણી,
પામે પરમ ધામજ યોગી આદિ ૨.

અધ્યાય આઠમો સમાપ્ત



अध्याय नवमो.

રાજવિદ્યારાજગુહ્યયોગ

॥ श्री कृष्ण उवाच ॥

इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात्

નક્કી હું આ તુને ગુહ્ય, કહું છું તું અજીતને,
જ્ઞાન વિજ્ઞાન સાથે જે, જાણી છોડે અશુભને-૧

राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम् ।
प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम् ॥

રાજવિદ્યા રાજભેદ, આ છે પવિત્ર ઉત્તમ,
પ્રત્યક્ષ ફળદાયી ને, સહેલી તેમ અનાશી જ-૨

अश्रद्दधानाः पुरुषा धर्मस्यास्य परंतप ।
अप्राप्य मा निवर्तन्ते मृत्युसंसारवर्त्मनि ॥

પુરુષો જે અશ્રદ્ધાળુ, હે પરતપ ! ધર્મમા,
ન પામી તે મને પાછા, ભમે છે મૃત્યુ લોકમા-૩

मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना ।
मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः ॥

વિશ્વ છે વ્યાપ્ત આ સર્વ, અવ્યક્ત મૂર્તિ હુ વડે,
મારામા સર્વ ભૂતો છે, તેમા હુ ન રહ્યો અને-૪

न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् ।
भूतभृन्न च भूतस्थो ममात्मा भूतभावनः ॥

તે ભૂતો ન રહ્યા હુમા જો ઐશ્વર્ય તુ યોગનુ,
ભૂતધર્તા ન ભૂતે હુ ભૂતપોશક આત્મ હુ-૫

यथाऽऽकाशस्थितो नित्यं वायुःसर्वत्रगो महान्
तथा सर्वाणि भूतानि मत्स्थानीत्युपधारय ॥

રહ્યા જેમ નભે નિત્ય, વાયુ સર્વ જગે જતો,
તેમ સર્વે ભૂતો હુમાં, રહેલા છે જ પાર્થ ! હો-૬

सर्वभूतानि कौन्तेय प्रकृतिं यान्ति मामिकाम्
कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ॥

કલ્પ અંતે સર્વ ભૂતો પામે મારી જ પ્રકૃતિ,
કલ્પારંભે હે કૌંતેય !, સર્જું છુ સહુને તે ફરી-૭

प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः ॥
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ।

ભજે પ્રકૃતિને મારે, સર્જું છુ હુ ફરી ફરી,
ખરી પ્રકૃતિ આધિન, છે આ સૌ ભૂત મંડળી-૮

न च मां तानि कर्माणि निबध्नन्ति धनंजय ।।
उदासीनवदासीनमसक्तं तेषु कर्मसु ।

અને કર્મો મને તેના બાંધતા હે ધનજય
ઉદાસીન સમા તેઓ, તે કર્મે નથી બંધન-૯

मयाऽध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनाऽनेन कौन्तेय जगद्विपरिवर्तते ।।

મારા અધ્યક્ષપણાથી, પ્રકૃતિ રચે ચરાચર
એજ હેતુ વડે પાર્થ, જગે થાય ફેરાફેર-૧૦

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ।।

ન પીછાણે મને મૂર્ખ, મનુષ્ય દેહ ધારતો
પરભાવ ન જાણે તે, મમ ભૂત મહેશ્વરો-૧૧

मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतसः।
राक्षसीमासुरी चैव प्रकृतिं मोहिनीं श्रिताः॥

વ્યથ આશા કર્મ તેમને, જ્ઞાન તે પણ મૂર્ખના,
રાક્ષસી આસુરી ને જ, મોહ પ્રકૃતિમાં રહ્યા-૧૨

महात्मानस्तु मां पार्थ दैवी प्रकृतिमाश्रिताः।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम्॥

મહાત્મા તો મને પાર્થ, દૈવી પ્રકૃતિવાન જો,
ભજે અનન્ય ભાવેથી, હું અવ્યય ભૂતાદિના-૧૩

सततं कीर्तयन्तो मा यतन्तश्च दृढव्रताः।
नमस्यंतश्च मां भक्त्या नित्ययुक्ता उपासते॥

કીર્તન કરે નિત્ય, સંયમી વ્રતધારી એ,
ને નમીને કરે ભક્તિ નિત્યયુક્તો મને ભજે-૧૪

ज्ञानयज्ञेन चाप्यन्ये यजन्तो मामुपासते ।
एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् ॥

અને કો જ્ઞાનયજ્ઞેથી, ઉપાસતા મને ભજી,
એક કિંવા જુદો જાણી, બહુધા વિશ્વતોમુખો–૧૫

अहं क्रतुरहं यज्ञः स्वधाऽहमहमौषधम् ।
मन्त्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ॥

હું સંકલ્પ ક્રતુ હું યજ્ઞ સ્વધા ને ઔષધી હું છું,
મંત્ર હું ને ઘી એ હું છું, હોમેલું તેમ અગ્નિ હું–૧૬

पिताऽहमस्य जगतो माता धाता पितामहः ।
वेद्य पवित्रमोंकार ऋक्सामयजुरेव च ॥

જગતનો પિતા હું છું, માતા ધાતા પિતામહ,
સુજ્ઞ પવિત્ર ઓંકાર, સામ હું યજુર ઋગ–૧૭

गतिर्भर्त्ता प्रभुः साक्षी निवासः शरण सुहृत् ।
प्रभवः प्रलयस्थान निधानं बीजमव्ययम् ॥

ગતિ ભર્તા પ્રભુ સાક્ષી, નિવાસ શરણ મિત્ર જ,
ઉત્પત્તિ પ્રલય સ્થાન, નિધિ બીજ હું અવ્યય-૧૮

तपाम्यहमह वर्ष निगृह्णाम्युत्सृजामि च ।
अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ॥

હું તપું છું હું વર્ષું છું, હું ગ્રહું છું હું છોડું છું,
હું અમૃત અને મૃત્યુ, સત અસત્ પાર્થ હું છું-૧૯

त्रैविद्या मा सोमपाः पूतपापा ।
यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयन्ते ॥

ते पुण्यमासाद्य सुरेन्द्रलोक-
मश्नन्ति दिव्यान् दिवि देवभोगान् ॥

ત્રિવેદજ્ઞ પી સોમ થઇને અપાપી,
મને પૂજી સ્વર્ગ યે મખ માગી,
પછી પામતા પુણ્ય સુરેન્દ્ર લોકે,
ત્યાં ભોગવે દેવના દિવ્ય ભોગો-૨૦

ते तं भुक्त्वा स्वर्गलोकं विशालम् ।
क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ॥
एवं त्रयीधर्ममनुप्रपन्ना ।
गतागतं कामकामा लभन्ते ॥

વળી ભોગવી સ્વર્ગ લોકે વિશાળે,
થતાં પુણ્ય ઓછું ધરાએ પધારે,
રીતે એ ત્રયી ધર્મના પાળનારા,
ફલેચ્છા જતા આવતા પામનારા-૨૧

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

ઉપાસે છે મને જેઓ અનન્ય ચિંતુ જે જનો,
તેમા એ નિત્ય યોગીનો, યોગ ક્ષેમ ઉપાડતો—૨૨

येऽप्यन्यदेवताभक्ता यजन्ते श्रद्धयाऽन्विताः ।
तेऽपि मामेव कौन्तेय यजन्त्यविधिपूर्वकम् ॥

અન્ય જે દેવભક્તો એ, શ્રદ્ધાથી દેવને ભજે,
તેઓ પણ ભજે પાર્થ, ભજે અનિયમે મને—૨૩

अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ।
न तु मामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्ति ते ॥

સર્વ એ યજ્ઞનો હું છું, ભોક્તા ને સ્વામી એ વળી
મને તત્વે ન જાણે તે, તેથી પાછા પડે ઢળી—૨૪

यान्ति देवव्रता देवान् पितॄन् यान्ति पितृव्रताः।
भूतानि यान्ति भूतेज्या यान्ति
मद्याजिनोऽपि माम् ॥

પામે દેવ પૂજક દેવો, પિતૃભક્ત પિતૃ ગ્રહે,
ભૂતભક્તો ભૂતો પામે, મારા ભક્ત મળે મને—૨૫

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥

પુષ્પ પાન ફળો પાણી આપે ભક્તિ વડે મને,
અર્પેલાં ભક્તિથી જે તે, ખાવા શ્રદ્ધાળુના ગમે ૨૬

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥

જે જે આપે કરે જે તું, જે હોમે ને જે આપતો,
જે જે તપ કરે પાર્થ, અર્પે સર્વે મને જ તો—૨૭

शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ।
संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि ॥

શુભાશુભ ફળો કેરા, કર્મ બન્ધન છોડશે,
સંન્યાસી યોગ વાળો જે, મુક્ત તે પામશે મને-૨૮

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम्

સમ હું સર્વ ભૂતોમાં, મારે દ્વેષી ન પ્રિય કો,
ભક્તિ વડે ભજે જેઓ, હું માં તે, તે મહીં હું તો-૨૯

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥

પણ ભજે દુરાચારી, અનન્ય ભાવથી મને
સાધુ તે માનવા જોગ, યોગ્યા સદ્ વ્યવસાયને-૩૦

क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति।
कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति॥

તુર્ત તે થાય ધર્માત્મા શાન્તિ પામે નિરંતરે,
કોંતેય કોલ લે માગો, ભક્ત નાશ થાય ન એ—૩૧

मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि
यान्ति परां गतिम्॥

મુજ શર્ણે આવતો પાર્થ!, હોય તે પાપી જો કદી,
સ્ત્રી વૈસ્ય તેમ શુદ્રો યે, પામે છે પરમ ગતી—૩૨

किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ।
अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ॥

તો ભક્તો પવિત્ર વિપ્રો, રાજર્ષિ કેમ ના વદ ?
અનિત્ય અસુખી લોકે, જન્મીને તુ મને ભજ-૩૩

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥

હુ મનાળો ભક્ત મારો મને ભજે નમે મને,
હુ શરણે ચિત્ત યોજી તે', તોપામીશ જ તું મને-૩૪

અધ્યાય નવમો સમાપ્ત



अध्याय दशमो.

વિભૂતિયોગ

॥ श्री कृष्ण उवाच ॥

भूय एव महाबाहो श्रृणु मे परमं वचः ।
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ॥

ફરી એમ મહાબાહુ, પરમ્ વચન સુણ તું,
પ્રીતિ પાત્ર તું જે માટે, હિતેચ્છાથી હું તે કહું-૧

न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ।
अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः ॥

મારો પ્રભાવ જાણે ના, દેવો તેમ મહર્ષિઓ,
હું જ છું આદિ દેવોનો, ને એ રીતે મહર્ષિનો-૨

यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ।
असंमूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥

અજ અનાદિ જે જાણે, મને લોક મહેશ્વર
મૃત્યુ લોકે અમોહેલા, થાય પાપ નિમુક્ત જ-૩

बुद्धिर्ज्ञानमसमोहः क्षमा सत्यं दमः शमः ।
सुखं दुखं भवोऽभावो भयं चाभयमेव च ॥

બુદ્ધિ ને જ્ઞાન નિર્મોહ, સત્ય દમ શમ ક્ષમા,
સુખ દુ ખ જન્મ મૃત્યુ, ભયાભય વળી જ આ-૪

अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयशः ।
भवन्ति भावा भूतानां मत्त एव पृथग्विधाः ॥

અહિંસા સમતા દાન, સંતોષ તપ ને વળી,
કીર્તિ અકીર્તિ સૌ ભાવો, થાએ વિવિધ હું થકી-૫

महर्षयः सप्त पूर्वे चत्वारो मनवस्तथा ।
मद्भावा मानसा जाता येषा लोक इमाःप्रजाः॥

પૂર્વે સાત મહાઋષિ તેમજ મનુ ચાર એ,
મારા ભાવ થયા સર્વે, પ્રજા આ લોક તેની છે-૬

एता विभूति योगं च मम यो वेत्ति तत्त्वतः ।
सोऽविकम्पेन योगेन युज्यते नात्र संशयः॥

આ વિભૂતિ અને યોગ, જાણે જે મુજ તત્વથી,
નિશ્ચળ યોગથી સાધે, તેમા તો સંશય નથી-૭

अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ।
इति मत्वा भजन्ते मा बुधा भावसमन्विताः॥

ઉત્પન્નકર્તા હું સૌનો, પ્રવર્તે હુ થકી બધું,
એમ માની ભજે હુંને વિદ્વાનો ભાવિકો સહુ-૮

मच्चिता मद्गतप्राणा बोधयन्तः परस्परम् ।
कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च॥

મન પ્રાણુ હુમાં ગખી, અન્યોન્ય સમજાવતા,
અને ગાતા મને નિત્ય, રમતા ને સંતોષતા-૯

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥

તેમાં જે સર્વદા યુક્ત, સેવે શ્રદ્ધાવડે મને
તેને આપુ બુદ્ધિ યોગ, મને પામે જ તે વડે-૧૦

तेषामेवानुकम्पार्थमहमज्ञानजं तमः ।
नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता॥

તેમને તારવા માટે, અજ્ઞાન અંધકાર શુ,
હૃદે જે રહેલુ તે, ટાળુ જ્ઞાન દીપેથી હુ-૧૧

॥ अर्जुन उवाच ॥

परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान् ।
पुरुष शाश्वतं दिव्यमादिदेवमजं विभुम् ॥

પર ધામ પર બ્રહ્મ, આપ પરમ શુદ્ધ છો
આદિ દેવ વિભુ નિત્ય, પુરુષ અજર દિવ્ય છો–૧૨

आहुस्त्वामृषयः सर्वे देवर्षिर्नारदस्तथा ।
असितो देवलो व्यासः स्वयं चैव ब्रवीषि मे ॥

કહ્યા છે આ મને સર્વ, ઋષિ દેવર્ષિ નારદે,
દેવળ વ્યાસ અસિતે, ને કહ્યા મુજને તમે –૧૩

सर्वमेतदृतं मन्ये यन्मां वदसि केशव ।
न हि ते भगवन्व्यक्तिं विदुर्देवा न दानवाः ॥

માનુ સાચુ સર્વ આને, જે કેશવ મને કહો,
હે પ્રભુ આપની વ્યકિત, જાણે ના દેવ દાનવો–૧૪

स्वयमेवात्मनाऽऽत्मानं वेत्थ त्वं पुरुषोत्तम।
भूतभावन भूतेश देवदेव जगत्पते ॥

પોતે પોતા વડે જાણે, આપને હે વિશ્વપતિ
ભૂત ભાવિક ભૂતેશ, દેવ દેવ જગપતિ ૧૫

वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः ।
याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वं व्याप्य तिष्ठसि

કહેવા યોગ્ય વિભૂતિ, આપની દિવ્ય મા કહો,
જે વિભૂતિ વડે લોકે, વ્યાપી રહેના આપ છો-૧૬

कथं विद्यामहं योगिंस्त्वां सदा परिचिन्तयन्
केषु केषु च भावेषु चिन्त्योऽसि भगवन्मया॥

જાણું હું રીતે યોગી, આપ ચિંતવતો સદા,
અને કિયા કિયા ભાવે, ચિંતવું પ્રભુ આપમા-૧૭

विस्तरेणात्मनो योगं विभूतिं च जनार्दन ।
भूयः कथय तृप्तिर्हि शृण्वतो नास्ति मेऽमृतम् ॥

આપનો યોગ વિસ્તારે જે વિભૂતિ જનાર્દન,
ગા મને કથામૃત, સુણતાં અતૃપ્ત મન–૧૮

॥ श्री कृष्ण उवाच ॥

हन्त ते कथयिष्यामि दिव्या ह्यात्मविभूतयः ।
प्राधान्यतः कुरुश्रेष्ठ नास्त्यन्तो विस्तरस्य मे ॥

કહા મહેશ તુને દિવ્ય, મારી વિભૂતિ હું બધી,
મુખ્યત્વે કરીને પાર્થ, વિસ્તારે અંત જ નથી–૧૯

अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः ।
अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ॥

હું છું આત્મા ગુડાકેશ, સૌ ભૂતોને હૃદયે રહ્યો,
હું છું આદિ અને મધ્ય, ને છું અંત હું ભૂતનો–૨૦

आदित्यानामहं विष्णुर्ज्योतिषां रविरंशुमान्।
मरीचिर्मरुतामस्मि नक्षत्राणामहं शशी ॥

આદિત્યોમા વિષ્ણુ હુ છુ, જ્યોતિમા ભાસ્કર રવિ,
વાયુઓમા મરીચિ છુ, નક્ષત્રોમા હુ છુ શશી-૨૧

वेदाना सामवेदोऽस्मि देवानामस्मि वासवः।
इन्द्रियाणां मनश्चास्मि भूतानामस्मि चेतना॥

સામવેદ હુ વેદોમા, દેવો મહી છુ વાસવ
ને હુ મન ઇન્દ્રિયોમા, ભૂતોમા છુ ચેતન -૨૨

रुद्राणां शंकरश्चास्मि वित्तेशो यक्षरक्षसाम् ।
वसूनां पावकश्चास्मि मेरुः शिखरिणामहम् ॥

અને રુદ્રો મહી શંભુ, કુબેર યક્ષ રાક્ષસે,
ને અગ્નિ છુ વસુઓમા, છુ મેરુ સહુ પર્વતે ૨૩

पुरोधसां च मुख्यं मां विद्धि पार्थ बृहस्पतिम् ।
सेनानीनामहं स्कन्दः सरसामस्मि सागरः ॥

પુરોહિતે મને મુખ્ય, જાણ પાર્થ બૃહસ્પતિ,
હું સેનાપતિમાં સ્કંદ, સાગર સરમાં વળી-૨૪

महर्षीणां भृगुरहं गिरामस्म्येकमक्षरम्
यज्ञानां जपयज्ञोऽस्मि स्थावराणां हिमालयः॥

હું ભૃગુ મહર્ષિઓમાં ઓમ્ અક્ષર વાણીએ,
જપયજ્ઞ યજ્ઞોમાં હું હિમાલય હું સ્થાવરે-૨૫

अश्वत्थः सर्ववृक्षाणां देवर्षीणां च नारदः ।
गन्धर्वाणां चित्ररथः सिद्धानां कपिलो मुनिः॥

પીપળો સર્વ વૃક્ષોમાં, દેવર્ષિમાં હું નારદ,
ચિત્રરથ ગંધર્વે હું, સિદ્ધે કપિલ મુનિ હું-૨૬

उच्चैःश्रवसमश्वानां विद्धि माममृतोद्भवम् ।
ऐरावतं गजेन्द्राणां नराणां च नराधिपम् ॥

ઉચ્ચૈઃશ્રવા હુ અશ્વોમા જાણ હુ અમૃતોદ્ભવ,
ઐરાવત ગજેન્દ્રોમા, નરોમાહી નરાધિપ-૨૭

आयुधानामहं वज्रं धेनूनामस्मि कामधुक् ।
प्रजनश्चास्मि कन्दर्पः सर्पाणामस्मि वासुकिः ॥

આયુધોમા હુ છુ વજ્ર, ગાયોમા કામધેનુ હુ,
છુ કામ ગર્ભ ધારણ, સર્પોમા વાસુકી હુ—૨૮

अनन्तश्चास्मि नागानां वरुणो यादसामहम् ।
पितॄणामर्यमा चास्मि यमः संयमतामहम् ॥

ને હુ શેષ છુ નાગોમા, જળચરે વરુણ હુ,
ને અર્યમા પિતૃઓમા, યમ સંયમીમા હુ છુ-૨૯

प्रह्लादश्चास्मि दैत्यानां कालः कलयतामहम् ।
मृगाणां च मृगेन्द्रोऽहं वैनतेयश्च पक्षिणाम् ॥

હું છું પ્રહ્લાદ દૈત્યોમાં, કાળ હું ગણનારમાં,
ને મૃગેન્દ્ર મૃગોમાંહી, ગરુડ હું છું પક્ષીમાં–૩૦

पवनः पवतामस्मि रामः शस्त्रभृतामहम् ।
झषाणां मकरश्चास्मि स्रोतसामस्मि जान्हवी ॥

વાયુ છું શુદ્ધિકર્તામાં, રામ હું શસ્ત્રધારીમાં,
મગર હું મચ્છીઓમાં, ગંગા હું છું પ્રવાહમાં–૩૧

सर्गाणामादिरन्तश्च मध्यं चैवाहमर्जुन ।
अध्यात्मविद्या विद्यानां वादः प्रवदतामहम् ॥

આદિ અંત પદાર્થોનો, મધ્ય હું જ અર્જુન છું,
વિદ્યા અધ્યાત્મવિદ્યામાં, ને વક્તાઓની વાણી હું–૩૨

अक्षराणामकारोऽस्मि द्वन्द्वः सामासिकस्य च
अहमेवाक्षयः कालो धाताहं विश्वतोमुखः ॥

અકાર હું અક્ષરોમાં સમાસમાં હું દ્વંદ્વ છું
અક્ષય કાળ હું છું ને, ધાતા ને વિશ્વમુખ હું-૩૩

मृत्युः सर्वहरश्चाहमुद्भवश्च भविष्यताम् ।
कीर्तिः श्रीर्वाक्च नारीणां स्मृतिर्मेधा धृतिः क्षमा

સર્વ હર્તા મૃત્યુ હું છું, ને છું હું ભાવી ઉત્પતિ,
વાણી, શ્રી કીર્તિ નારીમાં સ્મૃતિ મેધા ક્ષમા ધૃતિ-૩૪

बृहत्साम तथा साम्नां गायत्री छन्दसामहम् ।
मासानां मार्गशीर्षोऽहमृतूनां कुसुमाकरः ॥

હું બૃહત્સામ સામોમાં, ગાયત્રી છંદની મહીં
હું માગશર માસોમાં, વસંત ઋતુઓ મહીં-૩૫

द्यूतं छलयतामस्मि तेजस्तेजस्विनामहम् ।
जयोऽस्मि व्यवसायोऽस्मि सत्त्वं सत्त्ववतामहम्

જુગાર છળનારામા, તેજવાનનુ તેજ હુ
જય ને વ્યવસાયે હુ, સત્વવાળાનુ સત્વ હુ-૩૬

वृष्णीनां वासुदेवोऽस्मि पाण्डवानां धनंजयः।
मुनीनामप्यहं व्यास कवीनामुशना कविः ॥

યાદવોમા વાસુદેવ, પાંડવોમાનો પાર્થ હુ,
મુનિયોમા હુ છુ વ્યાસ, ને કવિમાહી શુક્ર હુ-૩૭

दण्डो दमयतामस्मि नीतिरस्मि जिगीषताम्।
मौनं चैवास्मि गुह्यानां ज्ञानं ज्ञानवतामहम् ॥

દંડ દેનારમા દંડ, જયકર્તાની નીતિ છુ,
ને હુ છુ મૌન ગુહ્યોમા, ને જ્ઞાનીનુ હુ જ્ઞાન છુ-૩૮

यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन ।
न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम् ॥

ને વળી સર્વ ભૂતોનુ, બીજ જે પાર્થ તે હું છું,
હોય કો ન વિના મારા, ભૂત ચર અચર સો-૩૯

नान्तोऽस्ति मम दिव्यानां विभूतीनां परंतप ।
एष तूद्देशतः प्रोक्तो विभूतेर्विस्तरो मया ॥

મારી દિવ્ય વિભૂતિનો, હે પાર્થ અંત જ નથી,
વિસ્તાર મેં કહ્યો આ તો, વિભૂતિનો ઉદ્દેશથી-૪૦

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसंभवम् ॥

જે સત્વ વિભૂતિવાળુ, શ્રદ્ધાળુ ને પરાક્રમી,
જાણજે તે થયેલુ સૌ, માહરા તેજ અંશથી-૪૧

अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत्‌॥

અથવા એ ઘણુ જાણ્યે, કામ અર્જુન શુ તને ?
રહ્યો આધાર ભૂતે હુ, એક અંશે બધે જગે–૪૨

અધ્યાય દસમો સમાપ્ત



अध्याय अगीयारमो.

વિશ્વરૂપદર્શનયોગ

॥ अर्जुन उवाच ॥

मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम् ।
यत्त्वयोक्तं वचस्तेन मोहोऽयं विगतो मम ॥

મારા અનુગ્રહાર્થે જે, ગુપ્ત અધ્યાત્મ નામની,
એવી આપે કહી વાણી, મારો મોહ ગયો ટળી-૧

भवाप्ययौ हि भूतानां श्रुतौ विस्तरशो मया ।
त्वत्तः कमलपत्राक्ष माहात्म्यमपि चाव्ययम् ॥

જન્મ ને મર્ણ ભૂતોના, વિસ્તારે સાંભળ્યા જ મે,
તુથી હે પદ્મપત્રાક્ષ, છે અવ્યય મહાત્મ તે -૨

एवमेतद्यथात्थ त्वमात्मानं परमेश्वर ।
द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं पुरुषोत्तम ॥

એ પ્રમાણે તમો જેવા, પોતે છો પરમેશ્વર
હું જોવા ઇચ્છું તે રૂપ, ઐશ્વરી પુરુષોત્તમ-૩

मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो ।
योगेश्वर ततो मे त्वं दर्शयात्मानमव्ययम् ॥

માનો એવું હું થી જો તે, દેખી શકાય તો પ્રભો,
હે યોગેન્દ્ર મને આપ, રૂપ અવ્યય દાખવો-૪

॥ श्री कृष्ण उवाच ॥

पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः ।
नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ॥

જો મારાં પાર્થ રૂપો તું, સેંકડો હજારો હવે,
નાના પ્રકારનાં દિવ્ય, અનેક ઘાટ વર્ણનાં-૫

पश्यादित्यान्वसून् रुद्रानश्विनौ मरुतस्तथा ।
बहून्यदृष्टपूर्वाणि पश्याश्चर्याणि भारत ॥

જો આદિત્યો વસુ રુદ્રો, અશ્વિનો મરુતો તથા
જો પૂર્વે તે ન જોયેલાં, આશ્ચર્યો પાર્થ આ બધાં-૬

इहैकस्थं जगत्कृत्स्नं पश्याद्य सचराचरम् ।
मम देहे गुडाकेश यच्चान्यद्द्रष्टुमिच्छसि ॥

જગ એક સ્થળે મારા સચરાચર આજ તો,
મારે દેહે ગુડાકેશ, જોજે બીજું જે માગતો-૭

न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ।
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ॥

દૃષ્ટિ આ તારી પોતાની શકે ના કરી નીરખી,
દિવ્ય આપું તને ચક્ષુ, જો મારો યોગ ઈશ્વરી-૮

॥ सजय उवाच ॥

एवमुक्त्वा ततो राजन्महायोगेश्वरो हरिः ।
दर्शयामास पार्थाय परमं रूपमैश्वरम् ॥

પછી એમ કહી રાજા, મહા યોગેન્દ્ર ઇશ્વરે,
દેખાડ્યું પાર્થને દ્વી, ઇશ્વરી રૂપ ત્યાંજ તે ૯

अनेकवक्त्रनयनमनेकाद्भुतदर्शनम् ।
अनेकदिव्याभरणं दिव्यानेकोद्यतायुधम् ॥

અનેક મુખ ને નેત્રો, રૂપાણું બહુ અદ્ભુત્
બહુ આભુષણે દિવ્ય, ઉગામ્યા દિવ્ય આયુધ–૧૦

दिव्यमाल्याम्बरधरं दिव्यगन्धानुलेपनम् ।
सर्वाश्चर्यमयं देवमनन्तं विश्वतोमुखम् ॥

દિવ્ય માળા ધર્યાં વસ્ત્રો, અર્ચ્યાં દિવ્ય સુગંધથી,
સૌ આશ્ચર્યે ભર્યા દેવ, અનંત વિશ્વતોમુખી–૧૧

दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ।
यदि भाः सदृशी सा स्याद्भासस्तस्य महात्मनः

સહસ્ત્ર સૂર્ય આકાશે જો ઉગે સામટા મળી
અને પ્રભા પ્રકાશે જે, તેવી તેજ મહાત્મની-૧૨

तत्रैकस्थं जगत्कृत्स्नं प्रविभक्तमनेकधा ।
अपश्यद्देवदेवस्य शरीरे पाण्डवस्तदा ॥

ત્યાં સૌ જગ સ્થળે એક વહેંચાયેલું જુદુંજુદું,
દેવના દેવની દેહે, ત્યારે ત્યાં પાંડવે દીઠું-૧૩

ततः स विस्मयाविष्टो हृष्टरोमा धनंजयः ।
प्रणम्य शिरसा देवं कृताञ्जलिरभाषत ॥

પછી વિસ્મય પામીને, હર્ષરોમાંચ અર્જુન,
દેવને શિરસા વન્દી, હાથ જોડી વદે વચ-૧૪

॥ अर्जुन उवाच ॥

पश्यामि देवास्तव देव देहे ।
सर्वास्तथाभूतविशेषसङ्घान् ॥
ब्रह्माणमीशं कमलासनस्थ-
मृषींश्च सर्वानुरगांश्च दिव्यान् ॥

સો દેવ દેખું પ્રભુ આપ દેહે,
જુદા જુદા પ્રાણી તણા જુથો શા
રાજન્ત પદ્માસન ઇશબ્રહ્મા
દિવ્ય સર્પો ઋષિયો સહે હાં—૧૫

अनेकबाहूदरवक्त्रनेत्रं ।
पश्यामि त्वां सर्वतोऽनन्तरूपम् ॥

नान्तं न मध्यं न पुनस्तवादिं ।
पश्यामि विश्वेश्वर विश्वरूपम् ॥

અનેક હાથો મુખ પેટ આંખો
સર્વત્ર જોઉં તમ રૂપ લાખો,
ન આદિ કે મધ્ય ન અંત રૂપે,
નિહાળું વિશ્વેશ્વર! વિશ્વ રૂપે,-૧૫

किरीटिनं गदिनं चक्रिणं च ।
तेजोराशिं सर्वतो दीप्तिमन्तम् ॥
पश्यामि त्वां दुर्निरीक्ष्यं समन्ता-
द्दीप्तानलार्कद्युतिमप्रमेयम् ॥

ગદા અને ચક્ર કિરીટવાળા,
ચોમેરથી તેજ પ્રકાશવાળા,

ભાળુ બંને આપજ દુર્નિરીક્ષ્ય,
તપેલ સૂર્યાગ્નિશુ દિવ્ય તેજ–૧૭

त्वमक्षरं परमं वेदितव्यं ।
त्वमस्य विश्वस्य परं निधानम् ॥
त्वमव्ययः शाश्वतधर्मगोप्ता ।
सनातनस्त्वं पुरुषो मतो मे ॥

તમે પરમ્ અક્ષર જ્ઞાનવાન,
આ વિશ્વના આપ વડા નિધાન,
ને અવ્યયે શાશ્વત ધર્મપાળ,
પુરુષ હુ માનુ પ્રભુ' સનાતન–૧૮

अनादिमध्यान्तमनन्तवीर्य-
मनन्तबाहुं शशिसूर्यनेत्रम् ॥

पश्यामि त्वां दीप्तहुताशवक्त्रं ।
स्वतेजसा विश्वमिदं तपन्तम् ॥

ન આદિ મધ્યાન્ત અનન્તવીર્ય
અનન્ત બાહુ શશી સૂર્ય નેત્ર,
નિહાળું હું હોળીની આગ મોઢે
ને તેજથી વિશ્વ બનુ પ્રતાપ-૧૯

द्यावापृथिव्योरिदमन्तरं हि ।
व्याप्तं त्वयैकेन दिशश्च सर्वाः ॥
दृष्ट्वाद्भुतं रूपमिदं तवोग्रं ।
लोकत्रयं प्रव्यथितं महात्मन् ॥

આ વિશ્વને અંતર વ્યોમભૂમિ
ને સૌ દિશા, આપથકી જ વ્યાપ્યા,

આ દેખીને અદ્ભૂત દિવ્ય રૂપ
ત્રિલોક મા પામી ગયા જ દુઃખ—૨૦

अमी हि त्वां सुरसङ्घा विशन्ति ।
केचिद्भीताः प्राञ्जलयो गृणन्ति ॥
स्वस्तीत्युक्त्वा महर्षिसिद्धसङ्घाः ।
स्तुवन्ति त्वां स्तुतिभिःपुष्कलाभिः॥

આ આપમા પેસતા દેવગણ,
ભીતીથી વદે દ્વય જોડી પાણ,
સ્વસ્તિ વદી સિદ્ધ મહર્ષિ સઘ,
વદે સ્તુતિથી સહુ આપને જ—૨૧

रुद्रादित्या वसवो ये च साध्या ।
विश्वेऽश्विनौ मरुतश्चोष्मपाश्च ॥

गन्धर्वयक्षासुरसिद्धसङ्घा ।
वीक्षन्ते त्वा विस्मिताश्चैव सर्वे ॥

સૂર્યો વસુઓ વળી સાધ્ય રુદ્રો,
પિત્રિ, મરુતો વળી વિશ્વદેવો,
ગન્ધર્વ યક્ષો અસુરાજ, સિદ્ધો
તે ન્યાળતા વિસ્મયે આપને સૌ ૨૨

रूपं महत्ते बहुवक्त्रनेत्रं ।
महाबाहो बहुबाहूरुपादम् ॥
बहूदरं बहुदंष्ट्राकरालं ।
दृष्ट्वा लोकाः प्रव्यथितास्तथाऽहम् ॥

સ્વરૂપ મોટું કર મુખ નેત્ર,
ઉરુ અતિ પાદ કરાલ પેટ,

અહો મહાબાહું બહુ બહુ સૌ,
દેખી ડૂબે લોક અને વળી હું-૨૩

नभःस्पृशं दीप्तमनेकवर्णम् ।
व्यात्ताननं दीप्तविशालनेत्रम् ॥
दृष्ट्वा हि त्वां प्रव्यथितान्तरात्मा ।
धृतिं न विन्दामि शमं च विष्णो॥

નભ સ્પર્શી દિવ્ય અનેક વર્ણો
ખુલ્લા મુખો દિપ્ત વિશાળ નેત્રો,
નિહાળી એ ડૂબત અંતરાત્મ,
ન ધૈર્ય વા શાન્તિ રહે જ, કૃષ્ણ'-૨૪

दंष्ट्राकरालानि च ते मुखानि ।
दृष्ट्वैव कालानलसन्निभानि ॥

दिशो न जाने न लभे च शर्म ।
प्रसीद देवेश जगन्निवास ॥

નિહાળીને ભીષણ દાઢવાળાં
કાલાગ્નિ જેવાં મુખડાં તમારાં
જાણું દિશા ના ન લહું હુલાસ,
પ્રસન્ન દેવેશ ! જગન્નિવાસ–૨૫

अमी च त्वां धृतराष्ट्रस्य पुत्राः ।
सर्वे सहैवावनिपालसङ्घैः ॥
भीष्मो द्रोणः सूतपुत्रस्तथासौ ।
सहास्मदीयैरपि योधमुख्यैः ॥

આ કૌરવો સૌ–ધૃતરાષ્ટ્ર પુત્રો,
સાથે પડ્યા સૌ નૃપ યોધવીરો,

આ ભીષ્મને દ્રોણ સુવીર કર્ણ,
યોધ્ધા અમારા પણ સાથ અત્ર–૨૬

वक्त्राणि ते त्वरमाणा विशन्ति ।
दंष्ट्राकरालानि भयानकानि ॥
केचिद्विलग्ना दशनान्तरेषु ।
संदृश्यन्ते चूर्णितैरुत्तमाङ्गैः ॥

મુખે કરાલો પ્રભુ ! હે તમારે,
પ્રવેશતા ભીષણ દંતવાળે,
જણાય કો દાઢની મધ્યમાંહી,
ચોંટી જતા ચૂર્ણ થતા શિરાદિ–૨૭

यथा नदीनां बहवोऽम्बुवेगाः ।
समुद्रमेवाभिमुखा द्रवन्ति ॥

तथा तवामी नरलोकवीरा ।
विशन्ति वक्त्राण्यभिविज्वलन्ति ॥

જેવા નદીના બહુ પાણી વેગે,
દોડી જતા ને મળતા સમુદ્રે
જનનન્ત આ મુખ વિશે જ તેવા
આ વીર પેસે નરલોક કેરા—૨૮

यथा प्रदीप्तं ज्वलनं पतङ्गा ।
विशन्ति नाशाय समृद्धवेगाः ॥
तथैव नाशाय विशन्ति लोका-
स्तवापि वक्त्राणि समृद्धवेगाः ॥

પ્રદીપ્ત દીપે પડતા પતંગો,
ભમે કરીને બહુ વેગ, રંગો,

પેમ જતો ય ત્યમ નાશ માટે,
વિશાળ વેગે તવ મખમા તે-૨૯

લેલિહ્યસે ગ્રસમાનઃ સમન્તા-
લ્લોકાન્સમગ્રાન્વદનૈર્જ્વલદ્ભિઃ ॥
તેજોભિરાપૂર્ય જગત્સમગ્રં ।
ભાસસ્તવોગ્રાઃ પ્રતપન્તિ વિષ્ણો ॥

જ્વલન્ત મુખે સહુ બાજુ ચાટો,
ગ્રાસો ભરી લોક તણા જ મુકો,
ભર્યું બધું તેજથી વિશ્વ વિષ્ણુ,
પ્રતાપનુ જે અતિ ઉગ્ર એવુ-૩૦

આખ્યાહિ મે કો ભવાનુગ્રરૂપો ।
નમોઽસ્તુ તે દેવવર પ્રસીદ ॥

विज्ञातुमिच्छामि भवन्तमाद्यं ।
न हि प्रजानामि तव प्रवृत्तिम् ॥

કહો મ્હને કો તમ ઉગ્ર રૂપ
પ્રસન્ન હો દેવવરં પ્રણામ
હું જાણવા આપનું આદ્ય ઇચ્છું
તવ પ્રકૃતિ ન જાણો હું જાણું-૩૧

॥ श्री कृष्ण उवाच ॥

कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो ।
लोकान्समाहर्तुमिह प्रवृत्तः ॥
ऋतेऽपि त्वा न भविष्यन्ति सर्वे ।
येऽवस्थिताः प्रत्यनीकेषु योधाः ॥

હું કાળ મોટો જન નાશકાર,
સંહારવા લોક અહિં પ્રવૃત,

જીવે નહિ તુ વિણ અન્ય કોઈ
યોદ્ધા ઉભા સૌ રણમાંહી આ ન-૩૨

तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व ।
जित्वा शत्रून् भुंक्ष्व राज्यं समृद्धम्॥
मयैवैते निहताः पूर्वमेव ।
निमित्तमात्रं भव सव्यसाचिन् ॥

તો ઉઠ તુ કીર્તિ અપાર પામ,
જીતી રિપુ ભોગવ રાજ્ય ધામ,
મર્યા પુરા મે સહુને ય મારી,
નિમિત્ત થા માત્ર તુ સવ્યસાચી-૩૩

द्रोणं च भीष्मं च जयद्रथं च ।
कर्णं तथाऽन्यानपि योधवीरान् ॥

मया हतास्त्वं जहि मा व्यथिष्ठाः।
युध्यस्व जेतासि रणे सपत्नान्॥

આ દ્રોણ ને ભીષ્મ જયદ્રથે આ,
આ કર્ણ ને અન્ય સુયોધવીરા
હણેલ મે, તું હણ, શોચતો મા,
કર યુદ્ધ તું જીતીશ શત્રુને આ–૩૪

॥ सजय उवाच ॥

एतच्छ्रुत्वा वचनं केशवस्य।
कृताञ्जलिर्वेपमानः किरीटी॥
नमस्कृत्वा भूय एवाह कृष्णं।
सगद्गदं भीतभीतः मणम्य॥

એવા સુણી કેશવના જ શબ્દ,
ધ્રુજે કિરીટી હૃય જોડી પાણ,

વદે નમીને ફરી કૃષ્ણને આ,
પ્રણામતા ગદ્ગદ કંઠ બોલતા ૩૫

॥ अर्जुन उवाच ॥

स्थाने हृषीकेश तव प्रकीर्त्या ।
जगत्प्रहृष्यत्यनुरज्यते च ॥
रक्षांसि भीतानि दिशो द्रवन्ति ।
सर्वे नमस्यन्ति च सिद्धसङ्घाः ॥

ખરે! પ્રભુ આપની કીર્તિથી જ,
હર્ષે 'હૃષીકેશ' જગત્ મુદિત
ચોદિશ ભી રાક્ષસ સર્વ નાસે,
અને નમે છે બહુ સિદ્ધ સંઘે—૩૬

कस्माच्च ते न नमेरन्महात्मन् ।
गरीयसे ब्रह्मणोऽप्यादिकर्त्रे ॥

अनन्त देवेश जगन्निवास ।
त्वमक्षरं सदसत्तत्पर यत् ॥

કેમ ના નમે તે તમને મહાત્મા
વડીલ છો આપ જ બ્રહ્મ કેરા,
અનંત દેવેશ જગન્નિવાસ
તમે જ છો અક્ષર, સદ્ અસદ્ પર ૩૭

त्वमादिदेवः पुरुषः पुराण-
स्त्वमस्य विश्वस्य परं निधानम् ॥
वेत्ताऽसि वेद्यं च परं च धाम ।
त्वया ततं विश्वमनन्तरूप ॥

પુરાણ છો પૂરુષ આદિ દેવ,
આ વિશ્વના છો જ પરમ્ નિધાન,

છો જ્ઞેય જ્ઞાતા વળી દિવ્ય ધામ
વ્યાપેલ વિશ્વે જ અનન્ત રૂપ-૩૭

वायुर्यमोऽग्निर्वरुणः शशाङ्कः ।
प्रजापतिस्त्वं प्रपितामहश्च ॥
नमो नमस्तेऽस्तु सहस्रकृत्वः ।
पुनश्च भूयोऽपि नमो नमस्ते ॥

યમ અગ્નિ વાયુ શશી ને વરુણ,
પ્રજાપતિ ને પ્રપિતામહેશ,
તમે, નમુ નાથ ! હજારવાર,
ફરી ફરી નમુ નમુ નમસ્તે-૩૮

नमः पुरस्तादथ पृष्ठतस्ते ।
नमोऽस्तु ते सर्वत एव सर्व ॥

अनन्तवीर्यामितविक्रमस्त्वं ।
सर्वं समाप्नोषि ततोऽसि सर्वः ॥

નમું હું આગે, પ્રણમું હું પૂંઠે
ચોમેરથી યે નમું એહ રીતે,
પરાક્રમી ને બળવાન ભારે,
વ્યાપ્યા બધે વદન વાગ વારે–૪૦

सखेति मत्वा प्रसभं यदुक्तं ।
हे कृष्ण हे यादव हे सखेति ॥
अजानता महिमानं तवेदं ।
मया प्रमादात् प्रणयेन वापि ॥

સખા ગણીને હું વધો પ્રમાદે,
હે કૃષ્ણ ! હે યાદવ ! હે સખા એ,

જાણ્યો ન આ મે મહિમા તમારો,
ક્ષમા કરો એ મહુ દોષ મારો-૪૧

यच्चावहासार्थमसत्कृतोऽसि ।
विहारशय्यासनभोजनेषु ॥
एकोऽथ वाप्यच्युत तत्समक्षं ।
तत्क्षामये त्वामहमप्रमेयम् ॥

મે મશ્કરીમા અપમાન કીધા,
ખાતા, સુતા, ફરી વિરામતા આ,
સમક્ષ હે અચ્યુત કે પરોક્ષ,
ક્ષમા કરો તે મહુ હે ઉદાર'-૪૨

पिताऽसि लोकस्य चराचरस्य ।
त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान ॥
न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो ।
लोकत्रयेऽप्यप्रतिमप्रभाव ॥

ચરાચરના જનના પિતા છો
સુપૂજ્ય છો આપ મહા ગુરુ છો,
સમાન કો ના, ન અધિક ક્યાંથી
લોકત્રયે, અપ્રતિમ પ્રભાવી !–૪૩

तस्मात्प्रणम्य प्रणिधाय कायं ।
प्रसादये त्वामहमीशमीड्यम् ॥

पितेव पुत्रस्य सखेव सख्युः ।
प्रियः प्रियायार्हसि देव सोढुम् ॥

પ્રણામ મારે વિભુ ! નાથ ઢાળી,
ઈશ પ્રભુ સાંભળી સ્તુતિ માગી,
પિતા સુતોને જ, સખા સખાન
પ્રિય પ્રિયા તેમ, નિભાવી લ્યોને ૪૪

अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा ।
भयेन च प्रव्यथितं मनो मे ॥
तदेव मे दर्शय देव रूपं ।
प्रसीद देवेश जगन्निवास ॥

પૂર્વે ન દીઠું હરખુ હું જોઈ,
ભયે રહ્યું આ મનડું દુભાઈ,

હવે બતાવો પ્રભુ ! પૂર્વ રૂપ,
રીઝો તમે દેવ જગન્નિવાસ-૪૫

किरीटिनं गदिनं चक्रहस्त-
मिच्छामि त्वा द्रष्टुमहं तथैव ॥
तेनैव रूपेण चतुर्भुजेन ।
सहस्रबाहो भव विश्वमूर्ते ॥

હાથે ગદા ચક્ર શિરે કિરીટ,
ધારેલ જોવા ઇચ્છતો તથૈવ,
ફરી ધરો ચાર ભુજાળુ રૂપ,
સહસ્ત્ર બાહુ પ્રભુ, વિશ્વ રૂપ-૪૬

॥ श्री भगवान् उवाच ॥

मया प्रसन्नेन तवार्जुनेदं ।
  रूपं परं दर्शितमात्मयोगात् ॥
तेजोमयं विश्वमनन्तमाद्यं ।
  यन्मे त्वदन्येन न दृष्टपूर्वम् ॥

તને જ મે પાર્થ ! મમ કૃપાયે,
દાખવ્યુ પરમ રૂપજ આત્મયોગે,
તેજે ભર્યું, અનંત આદિ વિશ્વ,
પૂર્વે ન તારા વિણ દીઠુ કોગે-૪૭

न वेदयज्ञाध्ययनैर्न दानै-
र्न च क्रियाभिर्न तपोभिरुग्रैः ॥
एवंरूपः शक्य अहं नृलोके ।
द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ॥

ન વેદ યજ્ઞે ભણતાં ન દાને
ક્રિયાથી કે ઉગ્ર તપે થના એ
મનુષ્ય લોકે રૂપ એમ મારું
કોએ ન તું અર્જુન! વિણ ભાળ્યું-॥

मा ते व्यथा मा च विमूढभावो ।
दृष्ट्वा रूपं घोरमीदृङ्ममेदम् ॥

व्यपेतभीः प्रीतमनाः पुनस्त्वं ।
तदेव मे रूपमिदं प्रपश्य ॥

મા હો વ્યથા ને ન વિમૂઢભાવ,
નિહાળી આ મારું ઘોર રૂપ,
પ્રસન્ન ચિત્તે ભય ટાળી નર,
નિહાળ આ મારું પૂર્વ રૂપ-૪૯

॥ संजय उवाच ॥

इत्यर्जुनं वासुदेवस्तथोक्त्वा ।
स्वकं रूपं दर्शयामास भूयः ॥
आश्वासयामास च भीतमेनं ।
भूत्वा पुनः सौम्यवपुर्महात्मा ॥

એવું કહી પાર્થને વાસુદેવ,
ફરી બનાવ્યું નિજ પૂર્વ રૂપ.
આશ્વાસનતા એ ભયથી બીતાને
ધર્યું ફરી સૌમ્યવપુ પ્રભુએ ૫૦

॥ अर्जुन उवाच ॥

दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन ।
इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः ॥

જોઈ આ માનુષી સૌમ્ય રૂપ આપ જનાર્દન,
થયો સચેત હું આપી સ્વસ્થ સ્હા- થયું મન—૫૧

॥ श्री भगवान् उवाच ॥

सुदुर्दर्शमिदं रूपं दृष्टवानसि यन्मम ।
देवा अप्यस्य रूपस्य नित्यं दर्शनकाङ्क्षिणः ॥

મુશ્કેલ રૂપ દેખાવું આજે જે જોયું તેજ આ
દેવો યે રૂપ જોવાને, ઇચ્છા સદૈવ રાખતા પર

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥

ન તપે હું ન વેદે હું, ન દાને તેમ યજ્ઞથી
તે જે જોયો મને તેવો, દેખાઉં કોથી હું નહિ—૫૩

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन भवेष्टुं च परंतप ॥

તારી અનન્ય ભક્તિથી, શક્ય હું છું જ અર્જુન
ને જોવા જાણવા તત્ત્વે, પામવા યે પરંતપ ૫૪

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव ॥

હું નિમિત્ત કર્મ કર્તા મુજ ભક્ત અસંગ જે,
અવેરી સર્વ ભૂતોમાં, પામે તે પાર્થ છે મને–૫૫

અધ્યાય અગ્યારમો સમાપ્ત



अध्याय बारमो.

ભક્તિયોગ

॥ अर्जुन उवाच ॥

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥

એ પ્રકારે સદા યુક્ત, ઉપાસે ભક્ત આપને,
ને જે અક્ષર અવ્યક્ત, તે બેમાં કોણ શ્રેષ્ઠ છે?–૧

॥ श्री भगवान् उवाच ॥

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥

હુંમાં મન પરોવીને, ઉપાસે નિત્ય નિત્ય જે
પરમ્ શ્રધ્ધા વડે તેઓ, માન્યા ઉત્તમ યોગી મે–૨

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिन्त्यं च कूटस्थमचलं ध्रुवम् ॥

જે અક્ષર નિરાકારી, ઉપાસન્ત અવર્ણીય,
સર્વગામી અનિર્દેશ્ય, કૂટસ્થ અચળ સ્થિર–૩

सन्नियम्येन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ॥

રોકીને સર્વ ઇંદ્રિયો, સર્વત્ર સમ બુધ્ધિથી,
પામે છે જ મને તેઓ, રંગાઈ ભૂત હિતથી-૪

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥

અધિક ક્લેશ છે તેને ચિત્તાસક્ત અવ્યક્ત જે,
અવ્યક્તની ગતિ દુઃખે, દેહથી જ પમાય છે-૫

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ॥

જેઓ તો સૌ મને અર્પી, કર્મો હું મા પરાયણા,
અનન્ય એહ યોગેથી, ધરિ મારી ઉપાસના-૬

तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥

તેમનો તારનારો હું મૃત્યુ સંસાર સાગરે,
થાઉં છું ઝટ હે પાર્થ, મારામાં ચિત્ત પ્રેરવે-૭

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥

મારામાં મન રાખીને પ્રેરે મારા વિષે મતિ,
મને પામીશ એથી એ, શક ના એ વિષે નથી-૮

अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय ॥

ન ઠેરવી શકે તું જો, મારામાં સ્થિર ચિત્તને,
તો તું અભ્યાસ યોગેથી, પામવા ઇચ્છજે મને-૯

अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ।
मदर्थमपि कर्माणि कुर्वन् सिद्धिमवाप्स्यसि ॥

અભ્યાસેય ન ફાવે જો, તો મુમાં કર્મનિષ્ઠ થા,
મુ નિમિત્તે કરી કર્મો, સિદ્ધિને પામજે યથા-૧૦

अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥

હવે અશક્ત એમાં યે, તો થા તુ યોગ આશ્રિત,
સર્વ કર્મ ફળો ત્યાગી, કરીને આત્મસંયમ-૧૧

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम्

જ્ઞાન અભ્યાસથી શ્રેષ્ઠ, ધ્યાન જ્ઞાનથી છે પર
તેથી કર્મ ફળ ત્યાગ, ત્યાગે શાન્તિ નિરન્તર-૧૨

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥

અદ્વેષી સર્વ ભૂતોનો, દયા મૈત્રી, ક્ષમા ભર્,
અહંતા મમતા મુક્ત, સર્વે સુખે દુખે સમ—૧૩

संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥

મનોષી સર્વદા યોગી, સંયમી દૃઢ નિશ્ચય,
મન બુદ્ધિ મને અર્પે, મારો ભક્ત મને પ્રિય—૧૪

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥

લોકો દુભાય જેથી ના, લોકે જેહ દુભાય ન,
મુક્ત ઈર્ષા, ભયોદ્વેગે, ને હર્ષે તે મને પ્રિય—૧૫

अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथ ।
सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥

શુધ્ધ દક્ષ ગતાપેક્ષ, અવ્યથાળો ઉદાસીન,
સર્વ કર્મ ફળ ત્યાગી, ભાગે ભકત મને પ્રિય-૧૬

यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ॥

ન હર્ષે ન કરે દ્વેષ, ન શોચે શુન્ય વાંછન
શુભાશુભ ફળ ત્યાગી, ભકિતવત મને પ્રિય-૧૭

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः सङ्गविवर्जितः ॥

સમાન શત્રુને મિત્રે, તેમ માનાપમાનમા,
સુખ દુખે શીતોષ્ણે જે, સગ ત્યાગી સમાન આ–૧૮

तुल्यनिन्दास्तुतिर्मौनी संतुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ॥

જે આવે તેથી સંતોષી મૌની નિંદા સ્તુતિ સમ,
નિરાશ્રય સ્થિર બુદ્ધિ, ભક્તિમાન મને પ્રિય-૧૯

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥

આ ધર્મામૃતમાં જેઓ, શ્રદ્ધાળુ હું પરાયણ
સેવે છે પૂર્વ રીતે તે, મને ભક્ત અતિ પ્રિય-૨૦

અધ્યાય બારમો સમાપ્ત.

अध्याय तेरमो.

ક્ષેત્રક્ષેત્રજ્ઞયોગ

॥ अर्जुन उवाच ॥

प्रकृतिं पुरुषं चैव क्षेत्रं क्षेत्रज्ञमेव च ।
एतद्वेदितुमिच्छामि ज्ञानं ज्ञेय च केशव ॥

પ્રકૃતિ પુરુષને ને ક્ષેત્ર ક્ષેત્રજ્ઞને અને,
જાણવા ઇચ્છું છું હે કેશવ! જ્ઞાન જ્ઞેયને—૧

॥ श्री कृष्ण उवाच ॥

इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते ।
एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः ॥

આ શરીર જ કૌન્તેય! ક્ષેત્ર એવું નામ છે
જે જાણે તે કહે તેને, ક્ષેત્રજ્ઞ જ્ઞાનિઓ બહુ–૨

क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत ।
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ॥

ને ક્ષેત્રજ્ઞ મને જાણો, ભારત! સર્વ ક્ષેત્રમાં,
ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનું જ્ઞાન, છે મારે મત જ્ઞાન આ–૩

तत्क्षेत्रं यच्च यादृक् च यद्विकारि यतश्च यत् ।
स च यो यत्प्रभावश्च तत्समासेन मे शृणु ॥

તે ક્ષેત્ર શું અને કેવું, શા વિકારી શી રીત તે?
ક્ષેત્રજ્ઞ શું, પ્રભાવે શું? ટુંકામાં કહું સુણ તે-૪

ऋषिभिर्बहुधा गीतं छन्दोभिर्विविधैः पृथक् ।
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिः सुनिश्चितैः ॥

ઋષિઓ બહુધા ગાયે, છંદોથી વિધ વિધને,
બ્રહ્મસૂત્ર પદે તો તે, હેતુથી નિર્ણયે વડે-૫

महाभूतान्यहंकारो बुद्धिरव्यक्तमेव च ।
इन्द्रियाणि दशैकं च पञ्च चेन्द्रियगोचराः ॥

અહંકાર મહા ભૂતો બુદ્ધિ અવ્યક્ત જે અને,
ઇન્દ્રિયો દશ ને એક, તેના વિષય પાંચ એ-૬

इच्छा द्वेषः सुखं दुःखं संघातश्चेतना धृतिः ।
एतत् क्षेत्रं समासेन सविकारमुदाहृतम् ॥

ઇચ્છા દ્વેષ સુખો દુઃખો, સંઘાત ચેતના ધૃતિ
આ સૌ ક્ષેત્ર ટુંકાણેથી, કહેલાં સવિકારથી-૫

अमानित्वमदम्भित्वमहिंसा क्षान्तिरार्जवम् ।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ॥

અદંભ નિરભિમાન, અહિંસા આર્જવ ક્ષમા
ગુરુભક્તિ અને શૌચ, મન નિગ્રહ સ્થિરતા-૮

इन्द्रियार्थेषु वैराग्यमनहंकार एव च ।
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥

વૈરાગ્ય ઇંદ્રિયો અર્થે, અહંતાનું વિમોચન
જન્મ મૃત્યુ જરા રોગે, દુઃખ દોષોનું દર્શન-૯

असक्तिरनभिष्वङ्गः पुत्रदारगृहादिषु ।
नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥

અનાસક્ત અસંગી જે, પુત્ર સ્ત્રી ઘર આદિમાં,
સમતા ચિત્તની નિત્યે, સારા માઠાની પ્રાપ્તિમાં-૧૦

मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥

માંરે અનન્ય યોગેથી, ભક્તિ અવ્યભિચારણી
એકાંત દેશવાસીને, સમાજે જન અપ્રીતિ-૧૧

अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥

અધ્યાત્મજ્ઞાનમાં નિષ્ઠા, દર્શન તત્વજ્ઞાનનું,
જ્ઞાન એમ કહેલું આ, અજ્ઞાન એથી ઉલટું-૧

ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वाऽमृतमश्नुते ।
अनादिमत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥

જ્ઞેય જે તે કહું છું હું, લાધે અમૃત જાણી જે,
પરબ્રહ્મ અનાદિ ને, ન સત્ કે અસત્ વદે-૧૩

सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥

સર્વત્ર ચર્ણ ને હાથ નેત્ર શિર અને મુખો,
સર્વત્ર કાનવાળો તે, વ્યાપીને વિશ્વમા રહ્યા-૧૪

सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ॥

સૌ ઇંદ્રિગુણના ભાસે, સૌ ઇંદ્રિ સભર વિના,
અસક્ત વાગતો સર્વ, ગુણભાગી સુનિર્ગુણ-૧૫

बहिरन्तश्च भूतानामचरं चरमेव च।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत्

બ્હાર અંદર ભૂતોની, વ્યાપ્યો તેમ ચરાચરે,
સુક્ષ્મ તેથી જણાયે ના, દૂરે તેમ નજીક છે–૧૬

अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम्।
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ॥

ને અવિભક્ત ભૂતોમાં, રહ્યો જેહ વિભક્ત શો,
ભૂત પોષક ને ગ્રાતા, સંહારે જન્મ દે રડો–૧૭

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य धिष्ठितम् ॥

જ્યોતિનો પણ તે જ્યોતિ, અંધારાથી કહ્યો પર,
જ્ઞાન જ્ઞેય જ્ઞાનગમ્ય, વસ્યો જે સર્વને હૃદે–૧૮

इति क्षेत्रं तथा ज्ञानं ज्ञेयं चोक्तं समासतः ।
मद्भक्त एतद्विज्ञाय मद्भावायोपपद्यते ॥

એમ ક્ષેત્ર તથા જ્ઞાન, વળી જ્ઞેય [illegible]થી,
આ માગે ભક્ત જાણીને પામે છે મુજ ભાવથી–૧૮

प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि ।
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसम्भवान् ॥

બે પ્રકૃતિ પુરુષ, અનાદિ [illegible] જાણવા
વિકારો ને વળી ગુણો યે, જાણ પ્રકૃતિથી થતા–૧૯

कार्यकारणकर्तृत्वे हेतुः प्રकृतिरुच्यते ।
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥

કાર્ય કારણ નિમિત્તે પ્રકૃતિ [illegible]
પુરુષ સુખ દુઃખોના, ભોક્તા ના [illegible]–૨૦

पुरुषः प्रकृतिस्थो हि भुङ्क्ते प्रकृतिजान गुणान् ।
कारण गुणसङ्गोऽस्य सदसद्योनिजन्मसु ॥

રહ્યા પ્રકૃતિ પુરુષ પ્રકૃતિ ગુણ ભોગવે,
જન્માવે સદસત સ્થાને ગુણ સંગતિથી એને—૨૨

उपद्रष्टानुमन्ता च भर्ता भोक्ता महेश्वरः ।
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन्पुरुषः परः ॥

સાક્ષી ને અનુમંતા, ભર્તા ભોક્તા મહેશ્વર,
પરમાત્મા કહ્યો એમ આ દેહે પુરુષ પરમ—૨૩

य एवं वेत्ति पुरुषं प्रकृतिं च गुणैः सह
सर्वथा वर्तमानोऽपि न स भूयोऽभिजायते

એમ પુરુષ જે જાણે ને જાણે ગુણ પ્રકૃતિ,
વર્તે સર્વ જગે તોયે, ફરી તે જન્મતા નથી—૨૪

ध्यानेनात्मनि पश्यन्ति केचिदात्मानमात्मना
अन्ये साख्येन योगेन कर्मयोगेन चापरे ॥

આત્મામા ધ્યાનથી ભાળે આત્માને કોઇ આત્મથી
બીજાઓ સાખ્યને યોગે, ને કોઇ કર્મ યોગથી–૨૫

अन्ये त्वेवमजानन्तः श्रुत्वाऽन्येभ्य उपासते ।
तेऽपि चातितरन्त्येव मृत्युं श्रुतिपरायणाः ॥

બીજા ન જાણતા એવો, અન્યથી સુણી સેવતા,
ને એ રીતે તરે તેઓ, મૃત્યુ શ્રુતિ પરાયણા–૨૬

यावत्संजायते किंचित्सत्त्वं स्थावरजङ्गमम् ।
क्षेत्रक्षेत्रज्ञसंयोगात्तद्विद्धि भरतर्षभ ॥

જેટલી થાય છે કોઇ, વસ્તુ સ્થાવર જગમ,
ક્ષત્ર ક્ષેત્રજ્ઞ સયોગે, એ જાણ ભરતર્ષભ !–૨૭

समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति ॥

સમાન સર્વ ભૂતોમાં, રહેલો પરમેશ્વર,
અનાશી નાશ થાતા ચે, જુએ તેહ ભૂતો પર–૨૮

समं पश्यन् हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनाऽऽत्मानं ततो याति परा गतिम्

જોતો સમાન સર્વત્ર, રહેલો સમ ઈશ્વર,
પોતે હણે ન પોતાને પછી પામે ગતિ પરમ્–૨૯

प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।
यः पश्यति तथाऽऽत्मानमकर्तारं स पश्यति ॥

અને પ્રકૃતિથી કર્મો, સર્વ રીતે કર્યાં જતો,
જે દેખે માત્ર આત્માને, અકર્તા તેજ જાણતો–૩૦

यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति ।
तत एव च विस्तारं ब्रह्म सपद्यते तदा ॥

જ્યારે જુદા જ ભૂતોના, જુએ સૌ ભાવે એકમાં,
વિસ્તારે તેથી એ રીતે, જાય છે મળી બ્રહ્મમાં–૩૧

अनादित्वान्निर्गुणत्वात्परमात्माऽयमव्ययः ।
शरीरस्थोऽपि कौन्तेय न करोति न लिप्यते ॥

અનાદિ નિર્ગુણી આત્મા, ને તે અવ્યય હોય છે,
દેહે રહ્યા છતાં પાર્થ, લેપાયે ન કરે ન તે–૩૨

यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।
सर्वत्रावस्थितो देहे तथाऽऽत्मा नोपलिप्यते ॥

જેમ સૂક્ષ્મ ન લેપાતું, આકાશ સહુ વ્યાપી આ
તેમ લેપાય ના આત્મા, દેહમાં વસતો છતાં–૩૩

यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः ।
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ॥

સૂર્ય જેમ પ્રકાશે છે, વિશ્વ આખું ય એકના,
દેહને જીવ સર્વત્ર, પ્રકાશે પાર્થ તેમ તો-૩૪

क्षेत्रक्षेत्रज्ञयोरेवमन्तरं ज्ञानचक्षुषा ।
भूतप्रकृतिमोक्षं च ये विदुर्यान्ति ते परम् ॥

દેહ ને જીવનું ભેદુ, જ્ઞાન ચક્ષુથી એ ગતે,
ભૂત પ્રકૃતિથી મોક્ષ, જાણે તે બ્રહ્મ પામશે-૩૫

અધ્યાય તેરમો સમાપ્ત



अध्याय चौदमो.

—— ० ——

ગુણત્રયવિભાગયોગ

॥ श्री कृष्ण उवाच ॥

पर भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमम् ।
यज्ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिमितो गताः॥

ફરીને યે પરમ ભાખુ, જ્ઞાનોમા જ્ઞાન શ્રેષ્ઠ હુ,
જાણી જે મુનિઓ ત્યાથી, પામ્યા ગતિ પરમ મહુ–૧

इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।
सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च ॥

ગૃહીને જ્ઞાન આ મારૂ, પામ્યા સમાન ધર્મને,
ન જન્મ જગમાંહીં, ન પામે દુખ પ્રલયે-૨

मम योनिर्महद्ब्रह्म तस्मिन् गर्भं दधाम्यहम् ।
संभवः सर्वभूतानां ततो भवति भारत ॥

મારી યોની મહત્બ્રહ્મ, તેમા મૂકુ છુ ગર્ભ હુ,
ઉત્પતિ સર્વ ભૂતોની, પાર્થ હે ! તે થકી સહુ-૩

सर्वयोनिषु कौन्तेय मूर्तयः संभवन्ति याः ।
तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ॥

કૌન્તેય ! યોનિ સર્વેમા, જન્મે છે દેહ જેટલા,
તેમા બ્રહ્મ મહા યોની, બીજદાતા હુ છુ પિતા-૪

सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसम्भवाः ।
निबध्नन्ति महाबाहो देहे देहिनमव्ययम् ॥

તમસ્ સત્વ, રજસ્ એવા ગુણો પ્રકૃતિથી થતા,
બાંધે છે હે મહાબાહો, અવ્યય દેહી દેહમાં-૫

तत्र सत्त्वं निर्मलत्वात् प्रकाशकमनामयम् ।
सुखसंगेन बध्नाति ज्ञानसंगेन चानघ ॥

સત્વનો નિર્મલત્વેથી, પ્રકાશક અનામય,
બાંધે છે હે પુણ્યવંતા, સુખ ને જ્ઞાન સંગ જ-૬

रजो रागात्मकं विद्धि तृष्णाऽऽसंगसमुद्भवम् ।
तन्निबध्नाति कौन्तेय कर्मसंगेन देहिनम् ॥

રજ રાગાત્મક જાણુ, તૃષ્ણાના સંગથી થતો,
બાંધે છે કર્મસંગે તે, કૌંતેય! દેહીને જ હો!-૭

तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ॥

તેમ અજ્ઞાનનો થાતું, દેહે મા જાણ મોહક,
પ્રમાદે આળસે ઉંઘે, બાંધે છે તેહ ભારત'-૮

सत्त्वं सुखे संजयति रजः कर्मणि भारत ।
ज्ञानमावृत्य तु तमः प्रमादे संजयत्युत ॥

થાય છે સુખમાં સત્વ, ભારત રજ કર્મમાં,
તમ તો જ્ઞાન ઢાંકે ને, જોડે તેમ પ્રમાદમાં-૯

रजस्तमश्चाभिभूय सत्त्वं भवति भारत ।
रजः सत्त्वं तमश्चैव तमः सत्त्वं रजस्तथा ॥

રજને તમ હાંકીને, થાય છે સત્વ ભારત'
રજ સત્વ જ ને તમ, તમ સત્વ અને રજ-૧૦

सर्वद्वारेषु देहेऽस्मिन्प्रकाश उपजायते ।
ज्ञानं यदा तदा विद्याद्विवृद्धं सत्त्वमित्युत ॥

સૌ દ્વારે દેહમા આ તે, જ્ઞાન પ્રકાશ પાડતા
જાણવુ જ્ઞાન ત્યારે તો, સત્વ એમજ ફાવતા–૧૧

लोभः प्रवृत्तिरारम्भः कर्मणामशमः स्पृहा ।
रजस्येतानि जायन्ते विवृद्धे भरतर्षभ ॥

લોભ પ્રવૃતિ આરભ, અશાન્તિ કર્મની સ્પહા,
રજ ત્યા થાય છે વૃદ્ધિ, ભરતર્પભ ! આહી આ–૧૨

अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादो मोह एव च ।
तमस्येतानि जायन्ते विवृद्धे कुरुनन्दन ॥

અપ્રકાશ અપ્રવૃતિ, મોહ તેમ પ્રમાદ જ,
વૃધ્ધિ એની થતા જન્મે, તમસ્ હે કુરુનદન !–૧૩

यदा सत्त्वे प्रवृद्धे तु प्रलयं याति देहभृत् ।
तदोत्तमविदां लोकानमलान् प्रतिपद्यते ॥

સત્વ વૃદ્ધિ થતા જ્યારે, પામે દેહી વિનાશ જો,
તો તે ઉત્તમ જ્ઞાનીનો, પામે છે લોક નિર્મળો-૧૪

रजसि प्रलयं गत्वा कर्मसङ्गिषु जायते ।
तथा प्रलीनस्तमसि मूढयोनिषु जायते ॥

મૃત્યુ જો રજમા પામે, જન્મે છે કાર્ય સગીમા,
તમમા તપાવુ વેલો, જન્મે છે મૂઢ યોનીમા-૧૫

कर्मणः सुकृतस्याहुः सात्त्विकं निर्मलं फलम् ।
रजसस्तु फलं दुःखमज्ञानं तमसः फलम् ॥

કહ્યા છે ફળ કર્મોના, સાત્વિકે નિર્મળા ફળો,
રજના ફળ તો દુખ, અજ્ઞાનો તમના ફળો-૧૬

सत्त्वात्संजायते ज्ञान रजसो लोभ एव च ।
प्रमादमोहौ तमसो भवतोऽज्ञानमेव च ॥

સત્ત્વથી થાય છે જ્ઞાન, રજથી લોભ જન્મતો
મોહ પ્રમાદ, અજ્ઞાન જન્મે છે તમથી જ તો-૧૭

ऊर्ध्व गच्छन्ति सत्त्वस्था मध्ये तिष्ठन्ति राजसाः ।
जघन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः ॥

સાત્વિકો જાય છે ઊંચે, રાજસો મધ્યમાં રહે,
ને નીચા ગુણવૃત્તિના, તામસો પડતા નીચે-૧૮

नान्यं गुणेभ्यः कर्त्तारं यदा द्रष्टाऽनुपश्यति ।
गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति ॥

ન અન્ય ગુણથી કર્તા, જોયા દ્રષ્ટા યદા કરે
ગુણથી પરને જાણે, પામે મારો જ ભાવ તે-૧૯

गुणानेतानतीत्य त्रीन्देही देहसमुद्भवान् ।
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥

તરીને ત્રણ ગુણોને થતા ઉદ્ભવ દેહમાં,
જન્મ મૃત્યુ જરા દુઃખે, છુટી અમૃત પામતા–૨૦

॥ अर्जुन उवाच ॥

कैर्लिङ्गैस्त्रीन् गुणानेतानतीतो भवति प्रभो ।
किमाचारः कथं चैतांस्त्रीन् गुणानतिवर्तते ॥

ત્રિગુણોના કયા ચિન્હો અતીત થાય છે પ્રભો !
કેવા આચાર? શી રીતે? તરે શી રીતે સો ગુણો–૨૧

॥ श्री कृष्ण उवाच ॥

प्रकाशं च प्रवृत्तिं च मोहमेव च पाण्डव ।
न द्वेष्टि संप्रवृत्तानि न निवृत्तानि काङ्क्षति ॥

પ્રવૃતિ કે પ્રકાશે કે, કેવળ મોહ અર્જુન,
ન કરે દ્વેષ જામે તો, ન વાંછે તેમ નિવૃત-૨૨

उदासीनवदासीनो गुणैर्यो न विचाल्यते ।
गुणा वर्तन्त इत्येव योऽवतिष्ठति नेङ्गते ॥

રહે છે જે ઉદાસીન, ચળે જે ન ગુણો વડે,
ગુણો વર્તે ગણે એમ, રહે સ્થિર, નહિ ડગે-૨૩

समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकाञ्चनः ।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुतिः॥

સમ દુખે સુખે, સ્વસ્થ, સમ જે માટી કાચને
સમ પ્રિયે અપ્રિયે જે, ધીર નિંદા સ્તુતિ વિષે-૨૪

मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ।
सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते ॥

તુલ્ય માનાપમાને ને, મિત્ર કે શત્રુ પક્ષમાં,
સૌ આરંભો તજે જે તે, તરેલો સહુ ગુણમાં-૨૫

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते।
स गुणान्समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ॥

ને મને જે ભજે એમ, અનન્ય ભક્તિ યોગથી,
તે તરી જાય સૌ ગુણો પામે તે બ્રહ્મ ભાવથી-૨૬

ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ।
शाश्वतस्य च धर्मस्य सुखस्यैकान्तिकस्य च॥

બ્રહ્મની યે પ્રતિષ્ઠા હુ, અને અવ્યય મુક્તિનો,
ને નિત્ય ધર્મનો યે હુ, તેમ એકાન્ત સુખનો-૨૭

અધ્યાય ચૌદમો સમાપ્ત

अध्याय पंदरमो.

પુરુષોત્તમ યોગ

॥ श्री कृष्ण उवाच ॥

ऊर्ध्वमूलमधः शाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छन्दांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित्॥

મૂળ ઉંચે નીચે ડાળો, કહ્યો અવ્યય પીપળો,
તેમના વેદ છે પાન, એહ વેદજ્ઞ જાણ તે -૧

अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा ।
गुणप्रवृद्धा विषयप्रवालाः ॥
अधश्च मूलान्यनुसंततानि ।
कर्मानुबन्धीनि मनुष्यलोके ॥

ઉંચે નીચે ડાળ ગયેલ તેના,
ગુણે ભરેલા વિષયે વધેલા,
ચોમેર ફાલ્યા, મૂળ ઠેઠ નીચે
કર્માનુબન્ધીજ મનુષ્ય લોકે–૨

न रूपमस्येह तथोपलभ्यते ।
नान्तो न चादिर्न च संप्रतिष्ठा ॥

अश्वत्थमेनं सुविरूढमूल-
मसङ्गशस्त्रेण दृढेन छित्त्वा ॥

કળીય ના રૂપજ એનુ આણી,
જણાય આધાર ન અત આદિ,
એ વૃક્ષના મૂળ વણા થપાય,
અસગ એ શસ્ત્ર દૃઢે કપાય-૩

ततः पदं तत्परिमार्गितव्यं ।
यस्मिन् गता न निवर्तन्ति भूयः ॥
तमेव चाद्यं पुरुषं प्रपद्ये ।
यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥

તે ગોતવુ ધામ પછી ચઢેલા,
જ્યા તે નથી [illegible] ફરીથી થયેલા,

પુરુષ તે શર્ણ આદિ જાણી,
જેથી પ્રવૃતિ પ્રસરી પુરાણી-૪

निर्मानमोहा जितसङ्गदोषा ।
अध्यात्मनित्या विनिवृत्तकामाः ॥
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञै-
र्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥

ન મોહ માને જીત સંગ દોષે,
અધ્યાત્મ નિષ્ઠા શમ કામ દોષે,
દ્વંદ્વે વિમુક્તો સુખ દુઃખ નામી,
અખંડ લે ધામ અમૂઢ પામી-૫

न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥

ન ત્યાં સૂર્ય પ્રકાશે છે, ન અગ્નિ શશી તેમજ,
ન આવે જ્યાં જઈ પાછા તે પરમ્ ધામ છે મમ-૬

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥

જીવ લોકે થઈ જીવ, અંશ મારો સનાતન,
મન છ ઇંદ્રિયો ખેંચે, પ્રકૃતિમાં રહી રત-૭

शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः ।
गृहीत्वैतानि संयाति वायुर्गन्धानिवाशयात् ॥

જે શરીરજ પામે છે, ત્યાગે છે આત્મ જેહને,
ગ્રહી જાય સહુ તેહ, વા જેવો પુષ્પ ગંધને-૮

श्रोत्रं चक्षुः स्पर्शनं च रसनं घ्राणमेव च ।
अधिष्ठाय मनश्चायं विषयानुपसेवते ॥

કાન આંખો અને સ્પર્શ, નાક ને જીભ એ રીતે,
મન માંયે રહીને સો તેહ વિષય ભોગવે-૯

उत्क्रामन्तं स्थितं वापि भुञ्जानं वा गुणान्वितम्
विमूढा नानुपश्यन्ति पश्यन्ति ज्ञानचक्षुषः ॥

નીકળતા રહેતા વા, ભોગવતા ગુણો વડે
વિમૂઢો ને નથી જોતા, જ્ઞાનનેત્રે દેખાય જે-૧૦

यतन्तो योगिनश्चैनं पश्यन्त्यात्मन्यवस्थितम् ।
यतन्तोऽप्यकृतात्मानो नैनं पश्यन्त्यचेतसः ।

યોગીઓ ખતીલા પેખે, રહેલો એહ દેહમાં
ચિત્ત શુન્ય અમસ્કારી, દેખે તે નહિ યત્નમાં-૧૧

यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।
यच्चंद्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥

જ્યારે સૂર્યે રહ્યું તેજ, પ્રકાશે વિશ્વ સર્વમાં
જાણ મારું સર્વ છે જે, તેજ તે અગ્નિ ચંદ્રમા-૧૨

गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा ।
पुष्णामि चौषधीः सर्वाः सोमो भूत्वा रसात्मकः

પૃથ્વિમાં પેસીને ભૂતો, ધારું છું શક્તિએ મમ,
ને પોષું ઔષધિ સર્વ, થઈ ચંદ્ર રસાત્મક-૧૩

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥

જઠરાગ્નિ બનીને હું, ગ્રહીને દેહ પ્રાણીને
પ્રાણાપાને જ જોડાઈ, પચાવું અન્ન ચોવિધે-૧૪

सर्वस्य चाहं हृदि संनिविष्टो ।
मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ॥
वेदैश्च सर्वैरहमेव वेद्यो ।
वेदान्तकृद्वेदविदेव चाहम् ॥

ને સર્વને હું હૃદયે બિરાજ્યો
હુંથી સ્મૃતિ જ્ઞાન વિચાર ભાગ્યો,
સમગ્ર વેદોએ મને પિછાણ્યો,
વેદાન્ત કર્તા ત્યમ વેદવિજ્ઞ-૧૫

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥

આ બે છે પુરુષો લોકે, ક્ષર અક્ષર એ રીતે,
ત્યાં ક્ષર સહુ ભૂતો, તેમ કૂટસ્થ અક્ષર-૧૬

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥

ઉત્તમ નર તો બીજો, પરમાત્મા રૂપે વદ્યો,
જે ત્રણે લોકમાં વ્યાપી, અવ્યયી ઈશ્વર રહ્યો-૧૭

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥

અતિત ક્ષરથી જેથી, અક્ષરથી ય ઉત્તમ,
તે લોકે તેમ છું વેદે પ્રગટ પુરુષોત્તમ-૧૭

यो मामेवमसंमूढो जानाति पुरुषोत्तमम् ।
स सर्वविद्भजति मां सर्वभावेन भारत ॥

અમૂઢ મને જાણે, એમ જે પુરુષોત્તમ
સર્વજ્ઞ સૌ સર્વ ભાવે ભજે હું ને પરંતપ-૧૮

इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयाऽनघ ।
एतद्बुद्ध्वा बुद्धिमान् स्यात् कृतकृत्यश्च भारत ॥

શાસ્ત્ર આ આમ નિષ્પાપ ગુહ્યમાં ગુહ્ય હું થકી,
મેધાવી થાય જે જાણે, પાર્થ કૃતાર્થ સૌ નરો-૨૦

અધ્યાય પંદરમો સમાપ્ત

अध्याय सोळमो.

દૈવાસુરસંપદવિભાગયોગ.

॥ श्री कृष्ण उवाच ॥

अभयं सत्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥

અભય સત્વ સંશુદ્ધિ, જ્ઞાન યોગે વ્યવસ્થિત,
દાન, દમ અને યજ્ઞ, તપ સ્વાધ્યાય આર્જવ-૧

अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥

અહિંસા સત્ય અક્રોધ, શાન્તિ ચુગલી ત્યાગ આ,
અલોભ ને દયા ભૂતે, લજ્જા માર્દવ દૃઢતા–૨

तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।
भवन्ति संपदं दैवीमभिजातस्य भारत ॥

ધીર તેજ ક્ષમા શૌચ માન દ્રોહ નહિ અતિ,
દૈવી સ્વભાવવાળા તે, જન્મેલા પાર્થ હે અહિં–૩

दम्भो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य पार्थ संपदमासुरीम् ॥

દંભ દર્પ અભિમાન કટુતા ક્રોધ એ અતિ,
અને અજ્ઞાનમાં જન્મ્યા, પાર્થ આસુરી સંપત્તિ–૪

दैवी संपद्विमोक्षाय निबन्धायासुरी मता ।
मा शुचः संपदं दैवीमभिजातोऽसि पाण्डव ।।

મોક્ષદા દૈવી સંપત્તિ, કર્તા બંધન આસુરી,
ન શોક કર હે પાર્થ ! જન્મ્યો તું દૈવી સંપત્તિ-૫

द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्दैव आसुर एव च ।
दैवो विस्तरशः प्रोक्त आसुरं पार्थ मे शृणु ।।

છે બે ઉત્પત્તિ આ લોકે, દૈવી આસુરી એ રીતે,
કહ્યું વિસ્તારથી દૈવી, ને આસુરીય ગુણ એ-૬

प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः ।
न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते ।।

પ્રવૃતિ ને નિવૃતિ યે, જાણે ના જન આસુરી
અથવા શૌચ આચાર, જાણે તે સત્યને નહિ ૭

असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।
अपरस्परसंभूतं किमन्यत्कामहैतुकम् ॥

અસત્ય ને નિરાધાર, જગ કે' પ્રભુ વિનાનું,
પરસ્પર સંયોગેથી કામ હેતુથી શું બીજું?-૮

एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः ।
प्रभवन्त्युग्रकर्माणः क्षयाय जगतोऽहिताः ॥

એ દૃષ્ટી અનુસારે તે, નષ્ટાત્મા અલ્પ બુદ્ધિ છે,
અહિત વિશ્વના માટે, નાશાર્થે ઉગ્ર કર્મી છે-૯

काममाश्रित्य दुष्पूरं दम्भमानमदान्विताः ।
मोहाद्गृहीत्वाऽसद्ग्राहान् प्रवर्तन्तेऽशुचिव्रताः ॥

આશ્રયી કામ મુશ્કેલ, દંભ માન મદે ભર્યા,
દુરાગ્રહો ધરી મોહ, બને છે અશુચિવ્રત-૧૦

चिन्तामपरिमेयां च प्रलयान्तामुपाश्रिताः ।
कामोपभोगपरमा एतावदिति निश्चिताः ॥

અને અપાર ચિંતાને, ગૃહી મર્ણ સુધી રહે,
કામના ભોગમાં લીન, નક્કી પરમ એમ તે-૧૧

आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ।
ईहन्ते कामभोगार्थमन्यायेनार्थसंचयान् ॥

સો આશા પાશથી બાંધ્યા, કામ ક્રોધ પરાયણો,
ઇચ્છે છે કામ ભોગોને, અન્યાયે ધન મેળવે-૧૨

इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् ।
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥

મેળવ્યું આજ મેં છે આ, આ પામીશ, મનોરથ,
આ છે ને મારું થાશે તે ફરી યે આવશે ધન-૧૩

असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि ।
ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान् सुखी ॥

આ શત્રુ મે હણ્યો, બીજાને યે મારીશ હુ વળી,
ઈશ્વર હુ ભોગી છુ, સિદ્ધ હુ સુખિયો બળી ૧૪

आढ्योऽभिजनवानस्मि
कोऽन्योऽस्ति सदृशो मया ।
यक्ष्ये दास्यामि मोदिष्य इत्यज्ञानविमोहिताः ॥

હુ કુલીન ધનાઢ્યે હુ ન કો અન્ય છુ ના સમ,
ગીશ દે દાન યજ્ઞે હુ, અજ્ઞાને એમ મોહિત–૧૫

अनेकचित्तविभ्रान्ता मोहजालसमावृताः ।
प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशुचौ ॥

ભમેલા ભમતા ચિત્તે, ફસાઇ મોહ જાળથી.
મચેલા કામ ભોગોમા, નર્કે ઘોર પડે નક્કી-૧૬

आत्मसंभाविताः स्तब्धा धनमानमदान्विताः
यजन्ते नामयज्ञैस्ते दम्भेनाविधिपूर्वकम् ॥

મોટાભા થૈ રહે અક્કડ્ ધન માન મદે ભર્યા,
કરે તે નામના યજ્ઞ, દભથી કે વિધિ વિના ૧૭

अहंकारं बलं दर्पं कामं क्रोधं च संश्रिताः ।
मामात्मपरदेहेषु प्रद्विषन्तोऽभ्यसूयकाः ॥

બળ દર્પ અહકાર, ને કામ ક્રોધથી ભર્યાં,
દેહે સ્વ પરને મુને, અદેખા ખારથી ભર્યા-૧૮

तानहं द्विषतः क्रूरान्संसारेषु नराधमान् ।
क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ॥

સંસારે તેહ દ્વેષીને, તે નરાધમ ક્રૂરને
નાખું આસુરી યોનીમાં, વારંવાર અશુભ તે-૧૯

आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ।
मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमां गतिम् ॥

આસુરી યોની પામેલા, જન્મે જન્મ વિમૂઢ આ,
ન પામી તે મને પાર્થ, અધોગતિ જ પામતા-૨૦

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥

ત્રિવિધ નર્ક દ્વારો આ, આત્માના નાશ કારણુ,
કામ ક્રોધ તથા લોભ, તેથી તે તજવા ત્રણે-૨૧

एतैर्विमुक्तः कौन्तेय तमोद्वारैस्त्रिभिर्नरः ।
आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम्॥

વિમુક્ત એથી જે પાર્થ ત્રણે આ તમ દ્વારથી,
આચરે શ્રેય આત્માનું, પામે તેથી પરમ્ ગતિ-૨૨

यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ।

છોડી જે શાસ્ત્ર વિધિને, વર્તે સ્વચ્છંદી કામી થૈ,
નહિ તે સિદ્ધિને પામે ન વા સુખ પરમ્ ગતિ ૨૩

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥

કાર્યાકાર્ય વ્યવસ્થામાં, શાસ્ત્ર તેથી પ્રમાણનું,
વિધાનો શાસ્ત્રના જાણી, કર્મ આદર તું ૨૬-૨૪

અધ્યાય સોળમો સમાપ્ત

अध्याय सत्तरमो.

શ્રદ્ધાત્રયવિભાગયોગ

॥ अर्जुन उवाच ॥

ये शास्त्रविधिमुत्सृज्य यजन्ते श्रद्धयाऽन्विताः।
तेषां निष्ठा तु का कृष्ण सत्त्वमाहो रजस्तमः॥

જે શાસ્ત્ર વિધિ છોડીને, શ્રદ્ધા યુક્ત થઈ ભજે,
તેની સત્વ, રજસ્ કિંવા, તમસ નિષ્ઠા કહો તમે-૧

॥ श्री कृष्ण उवाच ॥

त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा ।
सात्त्विकी राजसी चैव तामसी चेति तां शृणु ॥

ત્રિવિધા થાય છે શ્રદ્ધા, દેહીઓની સ્વભાવથી,
સાત્વિકી રાજસી પાર્થ સુણ તેમજ તામસી–૨

सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ।
श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ॥

જેવું અન્તર છે જેનું, શ્રધ્ધા તેવીજ થાય છે,
શ્રધ્ધાળુ માનવી આવા શ્રધ્ધા જેવા જ થાય છે–૩

यजन्ते सात्त्विका देवान् यक्षरक्षांसि राजसाः ।
प्रेतान्भूतगणांश्चान्ये यजन्ते तामसा जनाः ॥

ભજે છે સાત્વિકો દેવો, રાજસી યક્ષ રાક્ષસો
ને ભૂત પ્રેતને બીજા, ભજે છે જન તામસો-૪

अशास्त्रविहितं घोरं तप्यन्ते ये तपो जनाः ।
दम्भाहंकारसंयुक्ताः कामरागबलान्विताः ॥

શાસ્ત્ર વિહિત ન ઘોર આચરે તપ જે જનો,
દંભવાળુ અહંકારી, કામ રાગે બળે ભર્યો-૫

कर्षयन्तः शरीरस्थं भूतग्राममचेतसः ।
मां चैवान्तःशरीरस्थं तान्विद्ध्यासुरनिश्चयान्

ખેંચતો તે શરી દેહે, અજાની ભૂત મંડળી,
મને યે તે શરી દેહે, જાણ આસુર નિશ્ચયી-૬

आहारस्त्वपि सर्वस्य त्रिविधो भवति प्रियः।
यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं शृणु ॥

આહારો પણ સૌના એ, ત્રિવિધ પ્રિય થાય છે,
યજ્ઞ તપો તથા દાનો, એમના સુણ ભેદ એ-૭

आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।
रस्याः स्निग्धाः स्थिरा हृद्या
आहाराः सात्त्विकप्रियाः ॥

બળ બુદ્ધિ વધે આયુ, સુખો આરોગ્યતા રુચી,
રસાળા સ્નિગ્ધા સ્થિર, ભાવે સાત્વિક ને શુચી-૮

कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः ।
आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः ॥

ખાટા ખારા અતિ ઊના તીખા દાઝી કડુ લુખા
રાજસ પ્રિય આહારો શોક રોગ દુખે ભર્યા-૯

यातयामं गतरसं पूति पर्युषितं च यत् ॥
उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम् ॥

મુડુ નિરસ ઊભેલુ, વાસી ને અડુ વેળાનુ,
નિષિદ્ધ થયનુ એઠું, અન્ન તામસ પ્રિતનુ-૧૦

अफलाकांक्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते ।
यष्टव्यमेवेति मनः समाधाय स सात्त्विकः ॥

જે ફળેચ્છા વિના યજ્ઞ, વિધિ પૂર્વક ના કરે,
‘યજ્ઞ તો કરવા’ એમ, સાત્વિક સમજી કરે–૧૧

अभिसंधाय तु फलं दंभार्थमपि चैव यत् ।
इज्यते भरतश्रेष्ठ तं यज्ञं विद्धि राजसम् ॥

વળી ફળની ઇચ્છાથી, યજ્ઞ જે દંભથી કરે
ભારત શ્રેષ્ઠ તે યજ્ઞ, રાજસી યજ્ઞ જાણજે–૧૨

विधिहीनमसृष्टान्नं मंत्रहीनमदक्षिणम् ।
श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते ॥

અન્ન દાન, વિધિ હીન, ને વિના મંત્ર દક્ષિણા,
અશ્રદ્ધાથી કરે યજ્ઞ, તામસી યજ્ઞ તેહ આ–૧૩

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥

દેવ દ્વિજ ગુરુ જ્ઞાની, તણી પૂજા શુચિ યત્ન,
ને અહિંસા બ્રહ્મચર્ય, કહ્યા તપ શરીરના-૧૪

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥

ઉદ્વેગ વિણનું વાક્ય જેહ સત્ય હિત પ્રિય,
વેદ અભ્યાસને જાણો, તેનું એ વાણીનું તપ-૧૫

मनःप्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥

મન આનંદ ને મૌન, સ્થિરતા આત્મ સંયમ,
અંતઃકરણની શુદ્ધિ, તેનું એ માનસી તપ-૧૬

श्रद्धया परया तप्तं तपस्तत् त्रिविधं नरैः ।
अफलाकाङ्क्षिभिर्युक्तैः सात्त्विकं परिचक्षते ॥

તપ પરમ શ્રદ્ધાથી, જને કીધું ત્રિવિધ જે,
ફળ ઇચ્છા થકી મુક્ત સાત્વિક તપ એ વદે–૧૭

सत्कारमानपूजार्थं तपो दम्भेन चैव यत् ।
क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम् ॥

માનસત્કાર પૂજાર્થે, દંભથી જે કર્યું તપ,
તપ તેહ વદાયેલું, રાજસી ચલ અધ્રુવ-૧૮

मूढग्राहेणात्मनो यत् पीडया क्रियते तपः ।
परस्योत्सादनार्थं वा तत्तामसमुदाहृतम् ॥

મૂઢે કરેલ જે પોતે, દેહને દમીને તપ
બીજાની હાનીને માટે, તેહ છે તામસી તપ-૧૯

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् ॥

'દેવુંજ દાન' એવું જે દેવાય બદલા વિના,
જે દેશ કાળ પાત્રે દે, તે છે સાત્વિક દાનમા– ૨૦

यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं तद्दानं राजसं स्मृतम् ॥

તથા પ્રત્યુપકારાર્થે, ફળ ઉદ્દેશીને કરી
દેતાં જે ક્લેશ પામીને, કહ્યું તે તપ રાજસી-૨૧

अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ।
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥

ન દેશ કાળ ને પાત્ર, જાણી દેવાય દાન જે,
તિરસ્કારી અસત્કારી, કહ્યું તામસ દાન તે-૨૨

ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा ॥

'ॐ તત્સત, એવી સંજ્ઞા જાણી ત્રિવિધ બ્રહ્મની,
બ્રાહ્મણો તે વડે વેદો, ને નિર્મ્યા યજ્ઞ પૂર્વથી–૨૩

तस्मादोमित्युदाहृत्य यज्ञदानतपःक्रियाः ।
प्रवर्तन्ते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम् ॥

તેથી 'ૐ' એમ બોલીને, યજ્ઞ દાન તપ ક્રિયા,
જે કરે છે યથા શાસ્ત્રે, બ્રહ્મવાદી જ તે સદા–૨૪

तदित्यनभिसंधाय फलं यज्ञतपःक्रियाः ।
दानक्रियाश्च विविधाः क्रियन्ते मोक्षकाङ्क्षिभिः

તત્ એમ ન અભિલાષા, તપ યજ્ઞ ક્રિયા ફળે,
દાન કર્મો ઘણા, યે તે કરેછે મોક્ષ માગવા–૨૫

सद्भावे साधुभावे च सदित्येतत्प्रयुज्यत ।
प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ युज्यते ॥

સદ્ભાવે સાધુભાવેથી, સત્ એમ પ્રયોજને,
તેમ મંગળ કર્મોમાં, સત્ નામ વપરાય છે-૨૬

यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते ।
कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ॥

યજ્ઞે તપે અને દાને સ્થીતિ જે તેજ સત્ કહી,
કર્મ તેમજ તે અર્થે, કહેવાયે સત્ તે સહી-૨૭

अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह ॥

અશ્રદ્ધાથી દીધું હોમ્યું, તપ કર્મ કર્યું જ તે,
અસત્ એમ કહ્યું પાર્થ, ન અહીં કે મૂવા પછે-૨૮

અધ્યાય સત્તરમો સમાપ્ત

अध्याय अढारमो.

મોક્ષસન્યાસયોગ

॥ अर्जुन उवाच ॥

संन्यासस्य महाबाहो तत्वमिच्छामि वेदितुम्।
त्यागस्य च हृषीकेश पृथक्केशिनिषूदन ॥

સન્યાસનું મહાબાહો, તત્વ ચાહું છું જાણવા
ત્યાગના એ હૃષીકેશ ! કેશીહન્તા ! જુદાજુદા-૧

॥ श्री कृष्ण उवाच ॥

काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः।
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥

કામ્ય કર્મ તણો ત્યાગ સન્યાસ કવિયો ગણે,
સૌ કર્મનો ફળત્યાગ, વિદ્વાનો ત્યાગ તે ભણે-૨

त्याज्यं दोषवदित्येके कर्म प्राहुर्मनीषिणः ।
यज्ञदानतपःकर्म न त्याज्यमिति चापरे ॥

તજવું કર્મ દોષાળુ, ડાહ્યા કોઇક એ કહે
ન છોડવા યજ્ઞ દાને તપ કર્મ બીજા વદે-૩

निश्चयं शृणु मे तत्र त्यागे भरतसत्तम ।
त्यागो हि पुरुषव्याघ्र त्रिविधः संप्रकीर्तितः॥

સુણ નિશ્ચય ત્યાં મારો, ભરતોત્તમ ! ત્યાગમાં,
ત્યાગો એ પુરુષવ્યાઘ્ર, ગવાયા સહુ ત્રિવિધા-૪

यज्ञदानतपः कर्म न त्याज्य कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥

યજ્ઞ દાનો તથા કર્મો, કરવા, તે ન છોડવા,
દાન યજ્ઞ તપો નક્કી, કરે પાવન લોક આ-૫

एतान्यपि तु कर्माणि सङ्गं त्यक्त्वा फलानि च ।
कर्तव्यानीति मे पार्थ निश्चितं मतमुत्तमम् ॥

કરવા એ ય તે કર્મો ત્યાગી સંગ ફળો વળી,
કરવા એ સહુ પાર્થ ! મારો એ મત છે નક્કી–૬

नियतस्य तु संन्यासः कर्मणो नोपपद्यते ।
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः ॥

સંન્યસ ત્યાગનો કર્મ, નિયમીને ઘટે નહિ,
મોહનો તે પરિ ત્યાગી, તે ગણાય છે તામસી–૭

दुःखमित्येव यत्कर्म कायक्लेशभयात्त्यजेत् ।
स कृत्वा राजसं त्यागं नैव त्यागफलं लभेत् ।

દુઃખ દાયી ગણી કર્મ, દેહ કષ્ટ ભયે તજે,
તે રાજસ કરી ત્યાગ, ત્યાગનું ફળ ના લહે–૮

कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेऽर्जुन ।
सङ्गं त्यक्त्वा फलं चैव स त्यागः सात्त्विको मतः

ફરજ ગણીને કર્મ, પાર્થ ! નિત્ય જ આચરે,
ને ત્યજી ફળનો સંગ, સાત્વિક ત્યાગ તે ઠરે-૯

न द्वेष्ट्यकुशलं कर्म कुशले नानुषज्जते ।
त्यागी सत्त्वसमाविष्टो मेधावी छिन्नसंशयः ॥

ન ભારી કર્મમાં દ્વેષ, સારામાં ન રહે મચી,
ભર્યો સત્વથી ત્યાગી, મેધાવી ને અસંશયી-૧૦

न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः ।
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ॥

દેહીને જ નથી શક્ય સર્વાંગે કર્મ ત્યાગવા,
તે તો કર્મ ફળ ત્યાગી, એમ ત્યાગી કહાય આ-૧૧

अनिष्टमिष्टं मिश्रं च त्रिविधं कर्मणः फलम् ।
भवत्यत्यागिना प्रेत्य न तु संन्यासिना क्वचित्

નઠારૂ સારૂ ને મીશ્ર, ત્રિવિધ ફળ કર્મના,
અત્યાગીને મુએ થાય, નહિ સન્યાસીને કદા-૧૨

पञ्चैतानि महाबाहो कारणानि निबोध मे ।
साख्ये कृतान्ते प्रोक्तानि सिद्धये सर्वकर्मणाम्

પાચ આ હે મહાબાહો શીખ એ કારણો હું થી,
કહ્યા જે સાખ્ય સિદ્ધાંતે સિદ્ધિ કાજ તું કર્મની-૧૩

अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम् ।
विविधाश्च पृथक्चेष्टा दैवं चैवात्र पञ्चमम् ॥

ને શરીર તથા કર્તા, ઇંદ્રિયો યે જુદી જુદી
ને ત્રિવિધ જુદી ચેષ્ટા, દૈવે ય પાચમુ અહીં-૧૪

शरीरवाङ्मनोभिर्यत्कर्म प्रारभते नरः ।
न्याय्यं वा विपरीतं वा पञ्चैते तस्य हेतवः ॥

મન વાણી અને દેહે આરંભે કર્મ જે નર,
ને ભલા અથવા ભુડા આ તેના પચ હેતુ જ—૧૫

तत्रैवं सति कर्तारमात्मानं केवलं तु यः ।
पश्यन्त्यकृतबुद्धित्वान्न स पश्यति दुर्मतिः ॥

કર્તાને ત્યા છતા એમ, આત્મ કેવળ જે ગણી,
અસંસ્કારી બુદ્ધિથી જે તે ભાળે નહિ દુર્મતિ-૧૬

यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वापि स इमाँल्लोकान्न हन्ति न निबध्यते ॥

જેનો ન ભાવ ગર્વિષ્ટ, લેપાયે બુદ્ધિ જેની ના
આ લોકને હણીને યે બંધાયે મારતો ન વા—૧૭

ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मचोदना ।
करणं कर्म कर्तेति त्रिविधः कर्मसंग्रहः ॥

જ્ઞાન જ્ઞેય પરિજ્ઞાતા, ત્રિવિધા કર્મ પ્રેરણા,
કરણ કર્મ ને કર્તા, કર્મ સંગ્રહ ત્રણ આ-૧૮

ज्ञानं कर्म च कर्ता च त्रिधैव गुणभेदतः ।
प्रोच्यते गुणसंख्याने यथावच्छृणु तान्यपि ॥

જ્ઞાન કર્મ અને કર્તા, એમ ગુણ જુદા ત્રણ,
ત્રણનામા કહ્યા ગુણ, તેને સુણે બરાબર-૧૯

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकम्

સૌ ભૂતોમા એક ભાવે, જુએ છે જેહ અવ્યય,
અવિભક્ત વિભકતોમા, જાણ તે જ્ઞાન સાત્વિક-૨૦

पृथक्त्वेन तु यज्ज्ञानं नानाभावान् पृथग्विधान्
वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानं विद्धि राजसम् ॥

જે જ્ઞાનના જુદી રીતે, નાના ભાવો જુદા જુદા
જણાયે સર્વ ભૂતોમાં, રાજસી જ્ઞાન જાણ આ—૨૧

यत्तु कृत्स्नवदेकस्मिन् कार्ये सक्तमहैतुकम् ।
अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम् ॥

કાર્ય એકજ સુરીતે, લાગ્યો અકારણે રહે,
અતત્વવાળુ ને અલ્પ, તે જ્ઞાન તામસી કહે—૨૨

नियतं सङ्गरहितमरागद्वेषतः कृतम् ।
अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्यते ॥

નિયમે તે અસંગેથી રાગ દ્વેષ વિના કરે,
ફળેચ્છા વિણ જે કર્મ, તેને સાત્વિક ઉચ્ચરે—૨૩

यत्तु कामेप्सुना कर्म साहंकारेण वा पुनः ।
क्रियते बहुलायासं तद्राजसमुदाहृतम् ॥

જે વળી કામ ઇચ્છાથી, વા કરે ફરી ગર્વથી,
કે કરે બહુ આયાસે, વદાયે તેહ રાજસી—૨૪

अनुबन्धं क्षयं हिंसामनपेक्ष्य च पौरुषम् ।
मोहादारभ्यते कर्म यत्तत्तामसमुच्यते ॥

બંધન ક્ષયને હિંસા, બળ વિચાર ના કરે,
આરંભે મોહથી કાર્ય, તામસી કર્મ તે કહે—૨૫

मुक्तसङ्गोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ।
सिद्ध्यसिद्ध्योर्निर्विकारः कर्ता सात्त्विक उच्यते

અસંગી ને અહંવાદી, ઉત્સાહી તેમ ધીર જે,
સમ સિદ્ધિ અસિદ્ધિમાં, કર્તા સાત્વિક તે વદે—૨૬

रागी कर्मफलप्रेप्सुर्लुब्धो हिंसात्मकोऽशुचिः।
हर्षशोकान्वितः कर्ता राजसः परिकीर्तितः॥

રાગી કર્મ ફળાકાંક્ષી, લોભી અશુદ્ધ હિંસક,
હર્ષ શોકે ભર્યો કર્તા, રાજસી તે વદાય છે -૨૭

अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैष्कृतिकोऽलसः
विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते॥

અયુક્ત જડ પ્રાકૃત, આળસુ શઠ ને ઠગ,
દુઃખીઓ દીર્ઘસુત્રી ને, છે કર્તા તેહ તામસ-૨૮

बुद्धेर्भेदं धृतेश्चैव गुणतस्त्रिविधं शृणु।
प्रोच्यमानमशेषेण पृथक्त्वेन धनंजय॥

બુદ્ધિના ધૃતિના ભેદે, સાંભળ ત્રિવિધા ગુણ,
કહ્યા કંઈ વિના બાકી, જુદા જુદા જ અર્જુન'-૨૯

प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।
बन्ध मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्त्विकी

પ્રવૃત્તિ ને નિવૃત્તિ ને, કાર્યાકાર્ય ભયાભયે
બંધ ને મોક્ષ જે જાણે સાત્વિક બુદ્ધિ છે જ તે-૩૦

यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेव च ।
अयथावत्प्रजानाति बुद्धिः सा पार्थ राजसी ॥

ધર્મ અધમ જેથી ને, અને કાર્ય અકાર્યને,
યથા વિધિ ન પિછાણે, તે બુદ્ધિ રાજસી કહે-૩૧

अधर्मं धर्ममिति या मन्यते तमसाऽऽवृता ।
सर्वार्थान्विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी ॥

માને અધમને ધર્મ, ઘેરાઈ બુદ્ધિ જે તમે
સો અર્થો ઉલટા જાણે, તામસી બુદ્ધિ પાર્થ તે-૩૨

धृत्या यया धारयते मनःप्राणेन्द्रियक्रियाः ।
योगेनाव्यभिचारिण्या धृतिः सा पार्थ सात्त्विकी ॥

યોગેથી મનને ધારે, પ્રાણ ને ઇંદ્રિની ક્રિયા,
ધૃતિ અનન્ય યોગેથી, પાર્થ સાત્વિક જાણ આ-૩૩

यया तु धर्मकामार्थान् धृत्या धारयतेऽर्जुन ।
प्रसङ्गेन फलाकाङ्क्षी धृतिः सा पार्थ राजसी ॥

જેથી ધર્મ અર્થ કામ, ધારે પાર્થ ધૃતિ વડે,
સંગતે ફળ આકાંક્ષી, ધૃતિ રાજસી પાર્થ ! તે-૩૪

यया स्वप्नं भयं शोकं विषादं मदमेव च ।
न विमुञ्चति दुर्मेधा धृतिः सा पार्थ तामसी ॥

જેથી શોક ભય સ્વપ્ન, ખેદ ને મદ એ રીતે,
તે છોડતા ન દુર્બુદ્ધિ, ધૃતિ તામસી પાર્થ ! તે-૩૫

सुखं त्विदानीं त्रिविधं शृणु मे भरतर्षभ ।
अभ्यासाद्रमते यत्र दुःखान्तं च निगच्छति ॥

સુખ ત્રણ પ્રકારી આ, હું થી તું અર્જુન ! સુણ,
અભ્યાસેથી રમે તે જ્યાં, પામે અંતને એ દુઃખ-૩૬

यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ॥

આરંભે ઝેર જેવું ને અંતે જે ભર્યું અમૃતે,
જે આતમ બુદ્ધિ દેનાર, તેહ સાત્વિક સુખ છે-૩૭

विषयेन्द्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ।
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥

વિષયો ઇંદ્રિ સંયોગે, જે પેલા અમૃત સમું,
પરિણામે ઝેર જેવું, રાજસી સુખ તે કહ્યું-૩૮

यदग्रे चानुबधे च सुखं मोहनमात्मनः ।
निद्रालस्यप्रमादोत्थ तत्तामससमुदाहृतम् ॥

આરંભે સુખ ને છેડે બંધાયે આત્મ મોહ તે
પ્રમાદ આળસ નિદ્રા, કરે તે તામસી કહે-૩૯

न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ।
सत्त्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्त्रिभिर्गुणैः ॥

પૃથ્વીમાંહી નથી તેવા, સ્વર્ગમાં દેવમાંય કે,
સત્ત્વ પ્રકૃતિથી મુક્ત, ત્રિગુણ યુક્ત હોય જે-૪૦

ब्राह्मणक्षत्रियविशां शूद्राणा च परन्तप ।
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ॥

ક્ષત્રી બ્રાહ્મણ ને વૈશ્ય, અને શૂદ્રેય પાર્થ! હે,
કર્મો જુદા પડે તેના, જન્મતા પ્રકૃતિ ગુણે-૪૧

शमो दमस्तपः शौच क्षान्तिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्मस्वभावजम् ॥

શાંતિ જ્ઞાન તપ શૌચ, એ રીતે અર્જુન ! ક્ષમા,
દમ આસ્તિકતા સૌ તે, સ્વભાવે કર્મ વિપ્રના—૪

शौर्य तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ॥

ધૈર્ય ચાતુર્ય ને તેજ, શૌર્ય યુદ્ધે હઠે નહિ,
દાનેશ્વર તણો ભાવ, ક્ષત્રી કર્મ સ્વભાવથી—૪૩

कृषिगोरक्ष्यवाणिज्यं वैश्य कर्म स्वभावजम् ।
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ॥

ખેતી વેપાર ગૌરક્ષા, વૈશ્ય કર્મ સ્વભાવ નો,
કામ જે પર સેવાનુ, સ્વભાવ શૂદ્ર કર્મનો—

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।
स्वकर्मनिरतः सिद्धिं यथा विन्दति तच्छृणु ॥

કર્મમા પોત પોતાના સંસિદ્ધિ નરો વરે,
સ્વકર્મે મચીને જેમ, મેળવે સિદ્ધિ તે સુણ-૪૫

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ॥

ભૂતોની પ્રવૃત્તિ જેથી, જે વડે વ્યાપ્યુ આ બધુ,
પૂજી સ્વકર્મથી તેને, સિદ્ધિ મા જન પામતુ-૪૬

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥

સ્વધર્મ અધુરો સારો, સેવ્યાથી પરધર્મને
સ્વભાવે કર્મ નિમેલા, કરતા પાપ ના મળે-૪૭

सहजं कर्म कौन्तेय सदोषमपि न त्यजेत् ।
सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृताः ॥

સહજ કર્મ કૌંતેય ! દોષાળુ તજવું ન યે,
કે સૌ આરંભ દોષાળા, ઢાંક્યો અગ્નિ યથા ધુમે ૪૮

असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।
नैष्कर्म्यसिद्धिं परमां संन्यासेनाधिगच्छति ॥

અસક્તાણી બુધ્ધિ સર્વ, અસ્પૃહી દિલજીત જે,
શ્રેષ્ઠ નૈષ્કર્મ્ય સિધ્ધિને, પામે સન્યાસથી જ જે ૪૯

सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाऽऽप्नोति निबोध मे
समासेनैव कौन्तेय निष्ठा ज्ञानस्य या परा ॥

સિદ્ધિ પામ્યો જેમ બ્રહ્મ, સુણ તે હું કહું સર્વ,
હે કૌંતેય ! ટુંકામાં તે, નિષ્ઠા જે જ્ઞાનની પર-૫૦

वृद्धया विशुद्धया युक्तो धृत्याऽऽत्मानं नियम्य च ।
शब्दादीन्विषयांस्त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च ॥

યુક્ત વિશુદ્ધ બુદ્ધિથી, ધૃતિથી આ મન વશમાં,
શબ્દાદિ વિષયો છોડી, ને રાગ દ્વેષને તજી-૫૧

विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः ।
ध्यानयोगपरो नित्यं वैराग्य समुपाश्रितः ॥

એકાંતી અલ્પ આહારી, કાયા વાણી મને યમે,
ધારતો યોગ હમેશાં, મન વૈરાગ્યને અને-૫૨

अहंकारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शान्तो ब्रह्मभूयाय कल्पते ॥

બળ ગર્વ અહંકાર, કામ ક્રોધ પરિગ્રહ
મમતા વિણ જે શાંત, બ્રહ્મ યોગ્ય જ તે જન-૫૩

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥

પ્રસન્નાત્મા થઇ બ્રહ્મ, ન શોચે કે ન વાંછતો
સમાન સર્વ ભૂતોમાં તે પરમ્ ભક્તિ પામતો–૫૪

भक्त्या मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ॥

ભક્તિ વડે મને જાણે, તત્વત હું છું જેટલો,
જાણી તેમ મને તત્વે, પેસે હુંમાં પછી જ તો–૫૫

सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः।
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ॥

સર્વદા સર્વ કર્મો યે, મારો ભક્ત થઇ કરે,
મારા પ્રસાદથી પામે, પદ અવ્યય નિત્ય તે–૫૬

चेतसा सर्वकर्माणि मयि सन्यस्य मत्परः ।
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ॥

ચિત્તથી સર્વ કર્મો ને, સમર્પી હું પરાયણ
બુદ્ધિનો યોગ ઉપાસી, હુંભાની તું અખંડ થા ૫૭

मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।
अथ चेत्त्वमहङ्कारान्न श्रोष्यसि विनङ्क्ष्यसि ॥

હુંભાની થૈ સહુ કષ્ટો મારા પ્રસાદેથી તર,
હવે જો તું અહંકારે, ન સુણે નાશ પામીશ–૫૮

यदहङ्कारमाश्रित्य न योत्स्य इति मन्यसे ।
मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ॥

કરીતે જો અહંકાર, 'ન લડું એમ માનીને,
નિશ્ચય માનજે મિથ્યા, તને પ્રકૃતિ પ્રેરશે–૫૯

स्वभावजेन कौन्तेय निबद्धः स्वेन कर्मणा ।
कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोऽपि तत्

નિજ સ્વભાવથી થાતા, બંધાયા કર્મ પાર્થ ! સૌ
મોહે ન કરવા ઇચ્છે, પરાણે જ કરીશ તે-૬૦

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥

હૃદયે સર્વ ભૂતોને, વસેલો પ્રભુ પાર્થ ! જો,
ભમાવે નિજ માયાથી સૌ યંત્રારૂઢ ભૂતને-૬૧

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम्

તેને જ શરણે જાતું, સર્વ ભાવથી ભારત !
તે પ્રસાદે પરમ શાન્તિ, તુર્ત પામીશ શાશ્વત ૬૨

इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ।
विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ॥

એવુ તુને કહ્યુ જ્ઞાન, ગુહ્યમા ગુહ્ય મે અતિ,
વિચારી સર્વ રીતી એ કરજે પ્રેરતી મતિ,-૬૩

सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः ।
इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ॥

સાથી ગુહ્ય વળી સુણ, આ પરમ વેણ મારૂ
અતિ પ્રિય મને તુ છે, તેથી હિત ભાખુ હુ-૬૪

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥

હુ ભક્ત હુ મનાળો થા, હુ સેવક મને નમે,
પામીશ તુ મને સત્ય પ્રિય તુ છે અતિ મને-૬૫

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः

સર્વ ધર્મો તજીને તુ, મારૂ એક જ શરણુ લે,
હુ તને સર્વ પાપેથી, છોડાવીશ ન શોચ તે-૬૬

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।
न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति

તારે ન અતપસ્વીને, ન કદી યે અભક્તને,
ને અસેવકને કે'વું, ને નિન્દે જેહ મુજને-૬૭

य इदं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति ।
भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयम् ॥

જે કોઈ આ પરમ્ ગુહ્ય, ભાખશે મુજ ભક્તમા,
પરમ ભક્તિ કરી મારી, પામશે તે મને ખરા-૬૮

न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः ।
भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि ॥

ને તેથી ન મનુષ્યોમા, પ્રિયકારક મુજ કો,
ને થનારો નહિ મારો, આ લોકે પ્રિય કો બીજો-૬૯

अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयोः ।
ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः ॥

અને જે આ જે પાઠે, ધર્મ સંવાદ આપણો,
જ્ઞાનયજ્ઞે મને પૂજ્યો, માનુ એવી રીતે હું તો-૭૦

श्रद्धावाननसूयश्च शृणुयादपि यो नरः ।
सोऽपि मुक्तः शुभाँल्लोकान्प्राप्नुयात्पुण्य-
कर्मणाम् ॥

શ્રધ્ધાવાળો અખારીલો, સાભળે જન કોઇ જે
તે પુણ્ય કર્મવાળા યે, પામે છે મુક્ત સદ્ગતિ-૧૭

कच्चिदेतच्छ्रुतं पार्थ त्वयैकाग्रेण चेतसा ।
कच्चिदज्ञानसंमोहः प्रणष्टस्ते धनंजय ॥

સાભળ્યુ જે બધુ પાર્થ, આ તે એકાગ્ર થ મને ?,
થયેલો મોહ અજ્ઞાને, ગયો તારો પુરો શુ તે ? ૭૨

॥ अर्जुन उवाच ॥

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत
स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव ॥

ગયો મોહ સ્મૃતિ લાધી કૃષ્ણ ! આપ પ્રસાદથી,
અશંકાળો ઊભો છું હું, વણે સવાઈ આપથી-૭૩

॥ संजय उवाच ॥

इत्यहं वासुदेवस्य पार्थस्य च महात्मनः ।
संवादमिममश्रौषमद्भुतं रोमहर्षणम् ॥

આ વાસુદેવનો એમ, મહાત્મા પાર્થનો અને,
મેં સાંભળેલ સંવાદ, અદ્ભૂત રોમહર્ષણે-૭૪

व्यासप्रसादाच्छ्रुतवानिमं गुह्यमहं परम् ।
योगं योगेश्वरात्कृष्णात्साक्षात्कथयतः स्वयम्

હું શક્યો વ્યાસ પ્રસાદે, પરમ ગુહ્ય સાંભળી,
સાક્ષાત યોગ જે પોતે, કૃષ્ણે ભાખ્યો સ્વમુખથી-૭૫

राजन्संस्मृत्य संस्मृत्य संवादमिममद्भुतम् ।
केशवार्जुनयोः पुण्यं हृष्यामि च मुहुर्मुहुः ॥

રાજા ! સંભારી સંભારી સર્વ સંવાદ અદ્ભુત
કૃષ્ણ પાર્થ તણો પુણ્ય, હર્ષ પામું અહોનિશ–૭૬

तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्भुतं हरेः ।
विस्मयो मे महान् राजन् हृष्यामि च पुनः पुनः

અને તે સંભરીને જ, અદ્ભુત હરિનું રૂપ
મહા આશ્ચર્ય પામ્યો છું, હર્ષું છું ફરી ફરી–૭૭

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥

જે યોગેશ્વર જ્યાં કૃષ્ણ ધનુર્ધારી જ્યાં પાર્થ જે
ત્યાં શ્રી વિજય ઐશ્વર્ય, નિત્ય જ નીતિ છે મને–૭૮

મોક્ષસન્યાસયોગ સમાપ્ત.



શ્રીમદ્ શંકરાચાર્યે રચેલુ
ચર્પટપંજરીકા સ્તોત્ર

ફસેલા મોહ માયાથી, કેદી જીવો દેહે ઘણા,
ચર્પટ પંજરીકા યે, છુટી તે બ્રહ્મ પામતા,-૧

બોધ શ્રી શંકરાચાર્યે, ગીતામૃત રૂપે દીધો,
ખુલેલા સ્વર્ગના દ્વારે, પામે શાંતિ પીનાર તો-૨

રાગ ભૈરવી

ભજ ગોવિંદ તુ ભજ ગોવિંદ તુ
ભજ ગોવિંદ તુ મંદ મતિ
સનમુખ મૃત્યુ આવે ત્યારે,
ન રક્ષે કુકૃઝ કણ રતિ-ભજ૦—ટેક

દિન પછી રજની સાંજ સવારે,
શિશિર વસંતો વારંવારે
કાળ ભમે છે આયુ પમારે,
તોપણુ આશા વા ન જતા રે-ભજ૦ ૧

આગળ અગ્નિ પાછળ તડકો,
ટુંટીઉં વાળી સુતા કડકો,
ભિક્ષા હાથે તરૂ તલ વાસો,
તોપણુ ન ત્યાગો આશા પાશો-ભજ૦ ૨

વિત્ત કમાવા જ્યાં સુધી શક્તિ,
સહુ પરિવારની ત્યાં સુધી ભક્તિ,
જ્યારે અંગ અભંગ અશક્તિ,
ત્યારે ન પૂછે કોઇ વ્યક્તિ-ભજ૦ ૪

મુંડ મુંડાવી જટા વધારી,
કે પછી ભગવો વેષ જ ધારી,
જોવાનું ન જુવે ચક્ષુથી,
ઉદર નિમિત્ત બને બહુ રૂપી-ભજ૦ ૫

ભગવત્ ગીતા કંઈ પણ જાણે,
ગંગા જળ થોડું પી માણે,
ૐ શ્રી મુરારી સેવ્યા પ્રાણે,
તેનું નામ ન જમ લઈ જાણે-ભજ૦ ૬

અંગ ગળ્યું પળિયા શીર દેખું,
દાંતો વિણ મુખ દિસે બોખું,
બુઢ્ઢા હાથે લાકડી પેખું,
તોપણ ન તજે આશા ખોખું-ભજ૦ ૭

બાળપણુ ખોયું સહુ ખેલે,
જુવાની ગઈ જુવતીને ગેલે
બુઢ્ઢાપે ચિંતા ચિત્ત રેલે,
બ્રહ્મબુદ્ધિ મન જરી નવ ફેલે-ભજ૰ ૮

જન્મી ફરી ફરી ફરી ફરી મરવું,
ફરી ફરી માતા ગર્ભે વસવું,
આ સંસારે ભારે તરવું,
પ્રભુ કૃપાએ પાર ઉતરવું-ભજ૰ ૯

ફરી ફરી રાત્રી ફરી ફરી દિવસો
ફરી ફરી પક્ષો ફરી ફરી માસો,
ફરી ફરી અયનો ફરી ફરી વરસો,
તો ય તજે નહિ આશા ફાંસો-ભજ૰ ૧૦

વય વિત્યે જેમ કામ વિકારો,
સુકે સરોવર પાણી નિહાળો
જેમ નિર્ધનતાયે પરિવારો,
તેમ આ તત્વજ્ઞાને ધારો–ભજ૦ ૧૧

ભરાવ નારી સ્તન શુભ વેષ,
મિથ્યા માયા મોહ આવેશ,
માસ હાડ રૂધીર અવશેષ
એમ વિચાર કરો હમેશ–ભજ૦ ૧૨

કોણ તુ ને હુ ? આવ્યા કયાથી
કોણ પિતા માતા તુજ સાથી,
હે સંસાર અસાર તુ ત્યાગી
સ્વપ્ન સમાન વિચારી અભાગી–ભજ૦ ૧૩

ગાવુ ગીતા ગાન હજારે,
ધ્યાન હરિ ઇચ્છવુ સૌ વારે,
સાધુ સગતિ કરી મનવા રે,
દાન દિનોને દેવુ તારે–ભજ૦ ૧૪

દેહે જ્યાસુધી જીવ રહે છે,
ત્યાસુધી કુશળ ઘરે સહુ પૂછે,
પ્રાણ નીકળી દેહ પડે રે,
ત્યારે સ્ત્રી શબ ભાળી ડરે રે–ભજ૦ ૧૫

સુખે કરે સુદરી સભોગ,
અતે દેહે વળગે રોગ,
આવે યમ સ્વારીનો યોગ,
તોપણ પાપી ન છોડે ઢોગ–ભજ૦ ૧૬

સુજની કરે વીણી ચૌટે ચીથરા,
પાપ પુણ્યના છોડી પથડા,
તુ નથી હું નથી નથી આ લોક,
તોપણ શીદ કરે તુ શોક—ભજ૦ ૧૭

કો તુજ કામિની કો તુજ પુત્ર,
આ સંસાર અતિ વિચિત્ર,
કોનો તુ કયમ આવ્યો અત્ર,
મન આગળ કર ખડુ સૌ ચિત્ર—ભજ૦ ૧૮

ગંગા સાગર સ્નાન કરીને,
વ્રત પાળી વા દાન દઈને,
જ્ઞાન વિના એ સર્વ કરીને,
સો જન્મે ન મળે મુક્તિને—ભજ૦ ૧૯

ગંગા તટના તરૂવર નીચે,
ભોય પથારી વાસો ઇચ્છે,
સર્વ પરિગ્રહી ત્યાગી ભોગ,
સુખ કોને ન કરે વૈરાગ?—ભજ૦ ૨૦

अच्युत केशव राम नारायणम् ।
कृष्ण दामोदर वासुदेव हरिम् ॥
श्रीधर माधव गोपिका वल्लभम् ।
श्री जानकी नायकम् रामचद्र भजे ॥

શ્રી સચિત્ર સ્તવન સમશ્લોકી
સરળ ભગવદ્ગીતા



સમાપ્ત.

[illegible]

[illegible]

১ [illegible]

[illegible]

২ [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]